Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી સર્વજ્ઞવીતરાગાય નમઃ

卐

શ્રીમદ્ ભગવત્કુન્દકુન્દાચાર્યદેવ પ્રણીત
શ્રી પ્રવચનસાર ગાથા–૧૭૨ ઉપર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ દ્વારા

# ❊ અલિંગગ્રહણના પ્રવચન ❊

તથા

શ્રીકુન્દકુન્દાચાર્યકૃત બારભાવના; શ્રી રાજચંદ્રજીકૃત
કાવ્યો–વચનામૃત તથા સામાયિક પાઠ

卐

પ્રથમાવૃત્તિ
સને ૧૯૭૩

પ્રત : ૧૦૦૦
વિ. સં. ૨૦૨૯

[ વીરનિર્વાણ કલ્યાણકની ૨૫૦૦ વર્ષની બાર માસ સુધી રાષ્ટ્રિય ઉત્સવ–જયંતીના ઉપલક્ષ્યમાં ]

卐

–: પ્રકાશક :–

**શાહ ભગવાનજી કચરાભાઈ**

ચાંપાનું ગામ [ **જામનગર–સૌરાષ્ટ્ર** ]

હાલનિવાસ **સોનગઢ** ( જી. ભાવનગર )

મૂલ્યઃ–મનન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Savita Patel, London, UK and Sonal Yogesh Madani, India, who have paid for it to be "electronised" and made available on the internet in loving memory of Savita's mother and Sonal's grandmother, Dudhiben Dayalji Kothari.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Alinggrahan Pravachan is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 31 March 2007 | First electronic version |

વીતરાગમાર્ગોપદેષ્ટા—



આત્મજ્ઞ સંત શ્રી કાનજીસ્વામી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

### પૂજ્ય ગુરુદેવશ્રીને કર કમળમાં નમ્રભાવે

## —: અર્પણ :—

શ્રી પરમ કૃપાળુ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનો અપાર ઉપકાર છે. જે ઉપકારનો બદલો વાળવા સર્વથા અસમર્થ છું. કોઈપણ રિદ્ધિ-સિદ્ધિથી જે અપૂર્વ વસ્તુ પ્રાપ્ત ન જ થાય તેવી આત્મધર્મમય સત્-સ્વરૂપ સમજવાની અને ભવના બંધનમાંથી છૂટવાનો ઉપાય પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે મળ્યો જેથી **પૂજ્ય ગુરુદેવશ્રીને કોટી કોટી વંદન હો.**

લિ.

**દાસાનુદાસ ભગવાનજી કચરાભાઈ**

મોંબાસા-આફ્રિકા ( હાલ સોનગઢ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિવેદન

શ્રી કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર, પંચાસ્તિકાય, નિયમસાર તથા અષ્ટપાહુડમાં અલિંગગ્રહણની જે ગાથા છે તે શ્રી પ્રવચનસારજી શાસ્ત્રમાં પણ છે તેથી તે ગાથા અત્યંત મહત્ત્વની છે એમ નક્કી થાય છે. તે ગાથામાં પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત જીવનું અસાધારણ લક્ષણ બતાવ્યું છે. આ ગાથા ૧૭૨ના 'અલિંગગ્રહણ' શબ્દમાંથી શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ચૈતન્યબાગમાં રમતાં રમતાં અપૂર્વ ભાવમય ૨૦ બોલ કાઢયા છે. તેના ઉપર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ વી. નિ. સં. ૨૪૭૭ માં જે અદ્‌ભુત, અપૂર્વ અને સૂક્ષ્મ ન્યાયયુક્ત પ્રવચનો આપેલાં તે 'સદ્‌ગુરુ–પ્રવચન–પ્રસાદ'માં અગાઉ છપાઈ ગયાં છે. તે આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આ પ્રવચનો દ્વારા પૂ. ગુરુદેવશ્રીએ જિજ્ઞાસુ જીવો પર મહા ઉપકાર કર્યો છે.

આવાં સુંદર પ્રવચનો સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી પ્રેમચંદ કેશવજી શાહના સ્મરણાર્થે, તેમના પુત્ર શ્રી અજીતભાઈ તરફથી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા માટે પ્રગટ કરવામાં આવ્યાં છે.

તદુપરાંત સદ્ધર્મપ્રેમી શ્રી ભગવાનજી કચરાભાઈએ આ પુસ્તકની ૧૦૦૦ પ્રતિ મૂળ કિંમતે ખરીદ કરી છે. તેમ જ શ્રી કાંતિલાલભાઈ દાહોદવાળાએ આ પુસ્તકની કિંમત ઘટાડવા માટે રૂા. ૫૦૦) આપ્યા છે તે બદલ તેમને સૌને ધન્યવાદ.

શ્રી બ્ર. ગુલાબચંદભાઈએ મૂળ મેટર તપાસી આપવાનું તથા પ્રુફ સંશોધનનું કાર્ય કરી આપેલ છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ચેતન પ્રિન્ટર્સ, સિહોરના માલિક શ્રી પ્રવીણભાઈએ આ પુસ્તક બહુ ચીવટ રાખીને થોડા સમયમાં છાપી આપ્યું છે તે બદલ તેમનો આભાર.

નિર્ગ્રંથ આચાર્ય ભગવંતોએ અલિંગગ્રાહ્ય આત્માનો પરમ મહિમા ગાયો છે. સર્વે મુમુક્ષુઓ પણ તેમણે દર્શાવેલ પાવન પંથે વિચરીને શીઘ્ર આત્મહિત સાધો–એવી ભાવના.

સોનગઢ,
ફાગણ સુદ–૨
સં. ૨૦૨૯

**સાહિત્ય પ્રકાશન–સમિતિ,**
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
**સોનગઢ,** (સૌરાષ્ટ્ર)

આ પુસ્તકની એક હજાર નકલ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિરની સ્વીકૃતિપૂર્વક લઈને બધી બુકો ભેટ સ્વરૂપ આપવાની છે, તે બદલ તેમને ધન્યવાદ.

મુદ્રક : ચેતન પ્રિન્ટર્સ–સિહોર ફોન–૧૧૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## * શ્રી અલિંગગ્રાહ્ય આત્માને નમસ્કાર *

[ શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અદ્ભુત, અપૂર્વ અને સૂક્ષ્મ ન્યાયયુક્ત પ્રવચનો ]

વી. નિ. સં. ૨૪૭૭
( માહ વદ–૨ શુક્ર )

# અલિંગ–ગ્રહણ–પ્રવચન

अरसमरूवमगंधं अव्वत्तं चेदणगुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसठाणं ॥ १७२ ॥

अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम् ।
जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम् ॥ १७२ ॥

છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

**અન્વયાર્થઃ**—જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત ચેતના ગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.

## પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત જીવનું અસાધારણ સ્વલક્ષણ

જીવમાં રસ નથી, ગંધ નથી, સ્પર્શગુણની વ્યક્તતા નથી. તે ચેતનગુણવાળો છે. આત્મા શબ્દ બોલતો નથી તેમ જ શબ્દનું કારણ નથી, લિંગથી ગ્રાહ્ય થઈ શકે તેવો નથી અને પરના આકાર વિનાનો છે–તેમ તું જાણ. અહીં આચાર્ય ભગવાન આદેશ કરે છે કે તું તારા આત્માને આવો જાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ટીકાઃ-(૧) આત્મામાં અરસપણું છે.

આત્મામાં રસ નથી કારણ કે તેનો રસગુણના અભાવરૂપ સ્વભાવ છે.

## (૨) આત્મામાં અરૂપપણું છે.

આત્મામાં રૂપ નથી કારણ કે તેનો રૂપગુણના અભાવરૂપ સ્વભાવ છે.

## આત્માને રૂપીનો ઉપચાર આવવાનું કારણ

આત્મામાં રૂપીપણું નહિ હોવા છતાં તે રૂપી છે અથવા મૂર્ત છે એમ વ્યવહારશાસ્ત્રમાં કથન આવે છે તેનો શું ખુલાસો છે?

**સમાધાનઃ**—આત્મા નિશ્ચયથી તો અરૂપી છે પણ કર્મના સંયોગની અપેક્ષાએ વ્યવહારે રૂપી કહ્યો છે પરંતુ ખરેખર તે રૂપી થઈ જાય છે એવો એનો અર્થ નથી. શાસ્ત્રમાં અનેક અપેક્ષાઓ આવે. જીવ પોતે વિકાર કરે છે ત્યારે જડકર્મ નિમિત્તરૂપે હોય છે તે રૂપીકર્મના સંયોગની અપેક્ષાએ આત્માને રૂપીપણાનો ઉપચાર કરવામાં આવે છે. વિકારી પરિણામની જીવની યોગ્યતા ને તે યોગ્યતાના નિમિત્તે રૂપીકર્મનું એકક્ષેત્રે રહેવું તેવો સંબંધ બિલકુલ ન જ હોત તો રૂપીપણાનો ઉપચાર પણ આવી શકત નહિ. જેમકે સિદ્ધદશામાં વિકારની યોગ્યતા પણ નથી ને નિમિત્તરૂપે કર્મો પણ નથી. તેથી સિદ્ધદશામાં રૂપીપણાનો ઉપચાર આવતો નથી, પણ સંસારદશામાં વિકારની યોગ્યતા છે તે રૂપી કર્મોના નિમિત્ત વિના હોઇ શકે નહિ. કર્મના નિમિત્ત વિનાનો જીવ હોય તો સિદ્ધ થઇ જાય. વિકાર અશુદ્ધ પારિણામિક ભાવ છે. જીવ પોતે સ્વભાવનો આશ્રય ચૂકી કર્મનો આશ્રય કરે છે ને વિકાર કરે છે પણ કર્મ વિકાર કરાવતું નથી. કેમકે આત્મા તથા કર્મને અત્યંત અભાવ છે. જડ કર્મને તો ખબર પણ નથી કે મારો આશ્રય કરીને જીવ વિકાર કરે છે. જીવ વિકાર કરે છે તે જીવની ભૂલ છે પણ તે તેનું ત્રિકાળી સ્વરૂપ નથી. રૂપીના લક્ષ વગર વિકાર હોતો નથી. જીવની એવી યોગ્યતા છે ને રૂપી કર્મનું જોડે નિમિત્ત છે, માટે રૂપીનો ઉપચાર કરેલ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (૩) આત્મામાં અગંધપણું છે.

આત્મામાં ગંધનો અભાવ છે. સુગંધ-દુર્ગંધ આત્મામાં નથી.

## (૪) આત્મામાં અવ્યક્તપણું છે.

આત્મામાં સ્પર્શની વ્યક્તતાનો અભાવ છે. ટાઢામાંથી ઊનું થવું, લૂખામાંથી ચીકણું થવું, સ્થૂલમાંથી સૂક્ષ્મ થવું, હળવામાંથી ભારે થવું, કર્કશમાંથી સુંવાળું થવું-તે બધી જડની અવસ્થા છે. આત્મામાં તે સ્પર્શની વ્યક્તતાનો અભાવ છે. આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જેને લીધે સ્પર્શની વ્યક્તતા થાય. માટે આત્મા અવ્યક્ત છે.

## (૫) આત્મામાં અશબ્દપણું છે.

આત્મામાં શબ્દરૂપ પર્યાયનો અભાવ છે. અજ્ઞાની માને છે કે જે ભાષા બોલવાથી જીવનું હિત થાય તે ભાષા બોલવી ને કઠોર ભાષા બોલવાથી જીવને કલુષિતતા થાય માટે એવી વાણી ન કાઢવી. પણ ભાઇ, વાણી કાઢવી કે ન કાઢવી તે જીવના હાથની વાત નથી. વાણી સ્વતંત્ર છે ને જીવ સ્વતંત્ર છે. વાણીથી લાભ કે નુકસાન નથી. પણ અજ્ઞાનીને ભય લાગે છે કે આમ વાણીને સ્વતંત્ર માનવાથી તો કોઈ જીવ ગુરુનું બહુમાન કરશે નહિ, કોઈ કોઇનો ઉપકાર સ્વીકારશે નહિ ને બધા લૂખા થઈ જશે. પણ ભાઈ, કોઈ જીવ પરનું બહુમાન કરતો નથી. ધર્મી જીવ પોતાના સ્વભાવનું બહુમાન કરે છે ને સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે શુભભાવમાં ગુરુનું બહુમાન આવી જાય છે. વળી કેવળી ભગવાનને ઇચ્છા વગર વાણી નીકળે છે ને છદ્મસ્થ જીવ ઇચ્છાપૂર્વક વાણી કાઢી શકે છે તે વાત પણ મિથ્યા છે. કારણ કે વાણીની પર્યાયનો બધા જીવમાં ત્રણે કાળે અત્યંત અભાવ છે.

## (૬) આત્મામાં અલિંગગ્રાહ્યપણું છે.

આત્મામાં રૂપ-રસ-ગંધ વગેરેનો અભાવ હોવાથી આત્મા કોઈ પણ લિંગ એટલે ચિહ્નથી ઓળખી શકાય એવો નથી. શરીરમાં આવો રંગ હોય તો આ ભગવાન ઓળખાય? આવી વાણી હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો મુનિ ઓળખાય? પરમ ઔદારિક શરીર હોય તો કેવળી ભગવાન ઓળખાય? દિવ્યધ્વનિ હોય તો તીર્થંકર ભગવાન ઓળખાય? આ ચિહ્નોથી જીવ ઓળખાતો હશે?–કે ના. તે બધાં ચિહ્નો તો જડનાં છે. તેનાથી આત્મા ઓળખાતો નથી. પોતાના ચેતનાગુણથી દરેક આત્મા ઓળખાય છે. **પોતાને ન ઓળખે તે પરને પણ ઓળખે નહિ. પોતાને ઓળખે તે જ પરને યથાર્થ ઓળખે છે.** કોઈ બાહ્ય લિંગથી આત્મા ઓળખી શકાતો નથી.

**(૭) આત્મામાં અસંસ્થાનપણું છે.**

શરીરનાં જુદાં જુદાં સંસ્થાનોથી એટલે આકારોથી આત્મા ઓળખી શકાતો નથી. આત્મા જડના બધા આકારોથી રહિત સ્વભાવવાળો છે.

આ પ્રમાણે આત્માને પુદ્‌ગલથી જુદા પાડવાનું સાધન (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું અને (૭) અસંસ્થાનપણું છે—તે કહ્યું.

( માહ વદ ૩ શનિવાર. ૨૪–૨–૫૧ )

## જીવને અજીવથી જુદો પાડવાનું સાધન–“ચેતનામયપણું”

પુદ્‌ગલથી આત્માને જુદો પાડવાનું સાધન કહ્યું. હવે પુદ્‌ગલ તથા અપુદ્‌ગલ એટલે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–એ ચાર અજીવ દ્રવ્યોથી આત્માને જુદો પાડવાનું સાધન–ચેતનાગુણમયપણું કહે છે. પુદ્‌ગલ તથા બીજા અજીવથી જુદો પાડવાનું સાધન વિકાર, કામ, ક્રોધ વગેરે કહેલ નથી. ચેતના ગુણ છે ને ચેતન ગુણી છે. આત્મા જાણવા–દેખવાના સ્વભાવથી અભેદ છે ને તે સાધન વડે બધા અજીવથી તેને જુદો પાડવો તે ધર્મ છે.

## જીવને બીજા જીવોથી જુદો પાડવાનું સાધન–“સ્વજીવદ્રવ્યાશ્રિત ચેતનામયપણું”

આત્માને પ્રથમ પુદ્‌ગલોથી જુદો પાડ્યો. પછી બીજા અજીવથી જુદો પાડ્યો. હવે બીજા જીવોથી જુદો પાડે છે. પોતાનો ચેતના ગુણ પોતાના આત્માના આશ્રયે છે, બીજા આત્માના આશ્રયે નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પોતાનો ચેતના ગુણ પોતાને અનંતા કેવળીઓ, સિદ્ધો, અનંતા નિગોદ વગેરે અનંતા જીવોથી જુદો પાડે છે. કારણ કે પોતાનો ચેતના ગુણ પોતાનું સ્વલક્ષણ છે. તેને હંમેશાં પોતે ધારી રાખે છે. સાધકદશામાં ધર્મની સાધના માટે ચેતના ગુણ કામ આવે છે.

કોઈ પ્રશ્ન કરે કે આમાં દયા પાળવાનું શું આવ્યું?

**ઉત્તર:** સ્વ જીવનો પોતાના ચેતનાગુણથી નિર્ણય કરવો તે જ સ્વ દયા છે. પરની દયા જીવ પાળી શકતો નથી. પરથી જુદો કહ્યો એટલે પરનું કાંઈ પણ કરી શકે એવો રહ્યો નહિ. વળી પોતાને દયા-દાનના લક્ષણવાળો કહ્યો નથી, પણ ચૈતન્યમય કહ્યો છે. એમ કહેતાં જ દયા-દાનાદિના વિકાર ક્ષણિક છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી તેમ નક્કી થાય છે. પરને તથા સ્વને એક માનવા તે સંસારમાર્ગ છે ને પોતાને પરથી જુદો સાધવો તે મોક્ષમાર્ગ છે.

## અલિંગગ્રહણનો અર્થ

અલિંગગ્રહણ એટલે કે પર ચિહ્ન વડે કે લિંગ વડે જીવનો અનુભવ કરી શકાય નહિ, કોઈ ચિહ્નથી કે નિમિત્તથી આત્માનો પત્તો મળી શકે નહિ.

"અલિંગગ્રાહ્ય" એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રાપ્તિ કરવા માટે છે. ઘણા અર્થોનું પ્રતિપાદન કરવા માટે "અલિંગગ્રહણ" શબ્દ વાચક છે ને તે શબ્દ દ્વારા કહેવાયોગ્ય ભાવ તે વાચ્ય છે. તે ભાવ જાણીને આત્માને લિંગથી જુદો પાડવો ને નિર્ણય કરવો તે ધર્મ છે.

## [૧] આત્મા ઇંદ્રિય વડે જાણતો નથી.

ગ્રાહક એટલે જ્ઞાયક આત્મા લિંગો વડે એટલે ઇંદ્રિયો વડે જાણતો નથી તે અલિંગગ્રહણ છે. આત્મા સ્વ તથા પરને ઇંદ્રિયોથી જાણતો નથી. સ્વ-પર બન્ને જ્ઞેય છે. સ્વ-પર જ્ઞેયોને જાણનાર એવા આત્માને ઇંદ્રિયોથી જાણવું થતું નથી. અહીં અતીંદ્રિય જ્ઞાનની જાહેરાત છે.

"ચાવી દેવાથી ઘડિયાળ ચાલે છે, આત્મા છે તો શરીર ચાલે છે, અગ્નિ હતી તો પાણી ગરમ થયું, પેટ્રોલ હતું તો મોટર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલી, બાઈ હતી તો રોટલા થયા, હાથ હતો તો લાકડી ઊંચી થઈ, એમ પ્રત્યક્ષ ઇંદ્રિયોથી દેખાય છે” એમ અજ્ઞાની દલીલ કરે છે.

પણ તે માન્યતા ભૂલભરેલી છે, અજ્ઞાની જીવ ઇંદ્રિયોની લપ નાખી સંયોગોને જુએ છે. જ્ઞાન સંયોગનું નથી, જ્ઞાન ઇંદ્રિયનું નથી, પણ જ્ઞાન આત્માનું છે તેમ નહીં માનતાં ઇંદ્રિયોથી જ્ઞાન થાય છે એમ જે માને છે તે સંયોગને જુએ છે. આત્માનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે. પરને પણ ઇંદ્રિયોથી જાણે તેવો તેનો સ્વભાવ નથી. સ્વને તો ઇંદ્રિયથી જાણતો નથી અને પર પદાર્થોનું પણ આંખ, કાન, નાક વગેરે પાંચ ઇંદ્રિયથી જાણવું થતું નથી.

## સ્વ–પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાને લીધે છે; ઇંદ્રિયોથી નથી.

**પ્રશ્ન:** આંખે મોતિયો ઉતરાવવો કે નહિ? મોતિયો ઉતરાવે તો દેખાય છે ને ન ઉતરાવે તો દેખાતું નથી.

**ઉત્તર:** ભાઈ, મોતિયો ઉતરાવતા પહેલાં કે પછી આંખથી દેખવાનું થતું નથી. આત્મામાં જ્ઞાન છે, ઇંદ્રિયોમાં જ્ઞાન નથી. મોતિયો ઉતરાવતા પહેલાં પોતાના જ્ઞાનના ઉઘાડની યોગ્યતા મુજબ જાણતો ને પછી પણ પોતાની યોગ્યતા મુજબ જાણે છે. પોતાનો સ્વ–પર પ્રકાશક સ્વભાવ ઇંદ્રિયોને લીધે છે? પર પ્રકાશક સ્વભાવ ઇંદ્રિયોને લીધે છે?–કે ના. જ્ઞાનસ્વભાવ ઇંદ્રિયોનો નથી, ઇંદ્રિયને લીધે નથી. સ્વ ને પર બન્નેને જાણવાનો પોતાનો સ્વભાવ છે તે ચૂકીને અજ્ઞાની જીવ ઇંદ્રિયો વડે જ્ઞાન થાય છે એમ માને છે, તે ભ્રમ છે.

## જ્ઞાયકસ્વભાવની પ્રતીતિરૂપ ‘નૉક’ (પ્રતિષ્ઠા) વગર જ્ઞાન સમ્યક્ થતું નથી.

બજારમાં કોઈપણ ગ્રાહક માલ લેવા જાય તો તેની પાસે માલ લેવા માટે નગદ નાણાં અથવા ‘નૉક’ અર્થાત્ ‘પ્રતિષ્ઠા’ હોવાં જોઇએ. નગદ નાણાંથી માલ મળે ને નાણાં ન હોય તો નૉક (પ્રતિષ્ઠા)થી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માલ મળે પણ એકેય ન હોય તો ભિખારીને માલ મળતો નથી. તેમ આ આત્મા ગ્રાહક છે તેને માલ લેવો છે એટલે કે ગ્રહવાનું–જાણવાનું કામ કરવું છે. જો તેની પાસે કેવળજ્ઞાનરૂપ નગદ નાણું હોય તો બધું પ્રત્યક્ષ જાણી લ્યે. તે ન હોય તો અલ્પજ્ઞ અવસ્થામાં અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવની પ્રતીતિરૂપ પ્રતિષ્ઠા હોય તો તે જાણવાનું કામ યથાર્થ કરી શકે. પરંતુ જેની પાસે કેવળ-જ્ઞાનરૂપી નગદ નાણું નથી ને અખંડજ્ઞાયકની પ્રતીતિરૂપ પ્રતિષ્ઠા નથી તે જીવને ભિખારીની જેમ જ્ઞેયનો માલ યથાર્થ રીતે જોવા મળતો નથી એટલે કે તેનું જાણપણું યથાર્થ થતું નથી.

(૧) વળી અજ્ઞાની જીવ ઈંદ્રિયોથી જ્ઞાન થાય છે એમ માને છે તે મિથ્યા છે કારણ કે જડ ઈંદ્રિયોનો આત્મામાં અત્યંત અભાવ છે તેથી ઇંદ્રિયો આત્માને કિંચિત્ પણ મદદ કરી શકે નહિ.

(૨) ઇંદ્રિયોમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. જેનામાં જ્ઞાનસ્વભાવ જ નથી તે જ્ઞાન કેવી રીતે કરે?–ન જ કરે.

માટે ગ્રાહક એટલે ગ્રહનારો–જાણનારો જે રીતે છે તેમ તેને યથાર્થ જાણવો જોઈએ. આ જ્ઞેય અધિકાર છે. પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી એક પણ વસ્તુને આત્મા ઇંદ્રિયોથી જાણતો નથી પણ પોતાના જ્ઞાનથી જાણે છે–એમ નક્કી કરે તેનું જ્ઞાન સમ્યક્ થાય છે.

## અજ્ઞાની વર્તમાન પર્યાયનું જ્ઞાન સંયોગથી કરે છે.

જ્ઞાયકસ્વભાવનું ભાન નહિ હોવાના કારણે અજ્ઞાની ભ્રાંતિ સેવે છે ને માને કે આ હાથથી લાકડું ઊપડયું, આંખથી પ્રત્યક્ષ દેખાયું, શબ્દથી જ્ઞાન થયું, દુકાને હું હતો તો રૂપિયા આવ્યા–એમ સંયોગથી જુએ છે. પોતાના જ્ઞાનની પર્યાય ઇંદ્રિયોથી થાય છે તેમ માનનાર જીવ પરપદાર્થોની પર્યાયને પણ સંયોગથી જુએ છે. તે આત્મા કહેવાતો નથી. અજ્ઞાની જીવ ભલે માને કે પોતાને જ્ઞાન ઇંદ્રિયોથી થાય છે. પરંતુ ખરેખર તો તેને પણ જ્ઞાન તો આત્માથી જ થાય છે પણ તેમ તે માનતો નથી, તેથી તેને ચૈતન્યનું અવલંબન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આ પ્રમાણે જે જીવ સ્વની પર્યાયને સ્વતંત્ર માનતો નથી તેને પર પદાર્થોની પર્યાયો સ્વતંત્ર જોવાની તાકાત ખીલતી નથી.

અજ્ઞાની ઊંધી માન્યતા કરે તોપણ વસ્તુનો સ્વભાવ ફરી જતો નથી. પણ તેની માન્યતામાં તે દોષ ઉત્પન્ન કરીને દુઃખી થાય છે.

## વર્તમાન પર્યાયનું યથાર્થ જ્ઞાન કર્યું ક્યારે કહેવાય?

સ્વ તથા પર પદાર્થોની વર્તમાન અવસ્થાનું સાચું જ્ઞાન કર્યું ક્યારે કહેવાય?—કે તે તે પદાર્થનો સ્વભાવ જાણે તો. જે જીવ પોતાનું જ્ઞાન પોતાના જ્ઞાતા સ્વભાવના આશ્રયે થાય છે પણ ઇંદ્રિયો તથા પરપદાર્થોના અવલંબને થતું નથી એમ માને તે જીવ પર પદાર્થોની પર્યાયોને પણ તેના દ્રવ્યના આશ્રયે થયેલી માને છે. પણ બીજાના આશ્રયે થયેલી માનતો નથી. આ પ્રમાણે માનતાં નક્કી કરે કે મોટર ચાલવાના કાળે પોતાના કારણે ચાલે છે ને અટકવાના કાળે પોતાને કારણે અટકે છે. પેટ્રોલ સાથે મોટરને સંબંધ નથી. લાકડી તેના કારણે ઊંચી-નીચી થાય છે, જીવથી થતી નથી. છોકરાની ભણવાની પર્યાય છોકરાને લીધે છે, શિક્ષકને લીધે નથી. તે તે પર્યાયો તે તે દ્રવ્યોના આશ્રયે થાય છે, પર્યાય પર્યાયવાનની છે તે બીજાને લીધે નથી. નિગોદથી માંડીને સર્વે જીવો પોતાના આત્માથી જાણે છે પણ ઇંદ્રિયથી જાણતા નથી. એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય જીવોને આંખો નથી માટે જોઈ શકતા નથી ને ચતુરિન્દ્રિય ને પંચેન્દ્રિય જીવોને આંખો છે માટે જોઇ શકે છે તે વાત મિથ્યા છે. જ્ઞાનનો ઉઘાડ પરના આશ્રયે નથી તેમ જ પરમાંથી આવતો નથી. તે જ્ઞાનની પર્યાય પર્યાયવાન દ્રવ્યમાંથી આવે છે. શું આત્મા કોઈપણ વખતે પોતાના જાણવા–દેખવાના સ્વભાવ વિનાનો છે કે તે ઇંદ્રિયો વડે જાણે? કદી નહિ. નિગોદમાં પણ પોતાનો સ્વભાવ મોજૂદ છે, ત્યાં પણ પોતાથી જાણે છે. આમ પર્યાય પર્યાયવાનની છે એમ નક્કી કરે તો વર્તમાન પર્યાયનું જ્ઞાન સાચું કર્યું કહેવાય.

**પ્રશ્ન:** અહીં આપ કહો છો કે ઇંદ્રિય વગર જ્ઞાન થાય છે પણ શાસ્ત્રમાં લખાણ આવે છે કે ઇંદ્રિય ને મનના અવલંબને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન થાય છે તે અપ્રમાણ થઇ જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વ્યવહારનય સંયોગોનું જ્ઞાન કરાવે છે.

**સમાધાનઃ** ઇંદ્રિયો ને મન વડે મતિજ્ઞાન થાય છે તે વ્યવહારનું કથન છે. વ્યવહારથી મતિજ્ઞાનના અનેક ભેદ પડે છે પણ નિમિત્તની અપેક્ષા ન લ્યો તો એક જ ભેદ રહે છે. જીવ પોતાના આત્માથી જ્ઞાન કરે છે ત્યારે બીજી કઇ ચીજોની ઉપસ્થિતિ હોય છે, તેનું વ્યવહારનય જ્ઞાન કરાવે છે. તે બધા ભેદો પોતાની પર્યાયની તે તે સમયની યોગ્યતાના કારણે પડે છે. ઇંદ્રિયો વગેરે બાહ્ય સંયોગોને લીધે ભેદ નથી, પણ પોતાના કારણે ભેદ પડે છે ત્યારે નિમિત્ત ઉપર આરોપ આપવામાં આવે છે.

અહીં તો ભેદનો પણ નકાર કરે છે. નિમિત્તોના આશ્રયે જ્ઞાન થતું જ નથી. જ્ઞાયકના આશ્રયે જ્ઞાન ખીલે છે. ઇંદ્રિયો તથા પરવસ્તુ આત્માને ત્રણકાળમાં અડી જ નથી. માટે તેના વડે આત્મા જાણી ન શકે. પણ પોતાનો જ્ઞાનસ્વભાવ જે અસ્તિરૂપ છે તેના વડે જાણે છે. અજ્ઞાની પોતાની ભ્રમણાના કારણે સંયોગથી હું જાણું છું એમ માને છે, તે માન્યતા સ્વભાવદ્રષ્ટિનું ખૂન કરે છે. તે બધી ચીજોને સંયોગથી જુએ છે. પોતાને પ્રત્યક્ષ જ્ઞાનથી જાણે છે એમ નક્કી કરે તો પરપદાર્થને પણ તેના સ્વભાવથી જાણવાનું નક્કી કરી શકે.

અલ્પજ્ઞતા વખતે ઇંદ્રિયો, મન વગેરે નિમિત્ત છે ને સર્વજ્ઞદશા વખતે ઇંદ્રિયો, મન વગેરે નિમિત્ત નથી. પણ અલ્પજ્ઞદશામાં ઇંદ્રિયો, મન નિમિત્ત છે માટે તેના વડે જાણે છે તે વાત ખોટી છે. કોઈ-પણ જીવ સ્પર્શેન્દ્રિયથી અડતો નથી, કાનથી સાંભળતો નથી અને મનથી વિચાર કરતો નથી પણ જાણવાનું કાર્ય આત્મા પોતાથી કરે છે. ઇંદ્રિયો ને મન વડે જ્ઞાન થયું તે સંયોગ બતાવવા વ્યવહારનયથી કથન કરેલ છે, વ્યવહારનયનો આવો અર્થ સમજવો; ને સંયોગ વિના જ આત્મા જ્ઞાન કરે છે એમ નિશ્ચયનયનો અર્થ સમજવો. નયના અર્થો શાસ્ત્ર બોલતું નથી પણ આત્મા પોતાના જ્ઞાન દ્વારા જુદી જુદી અપેક્ષા સમજી લ્યે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અપ્રમાણ નથી પણ પ્રમાણ જ્ઞાન છે, એમ સ્વાશ્રય દ્વારા યથાર્થ સમજવું જોઇએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે.

આ પ્રમાણે આત્મા અલિંગગ્રહણ છે. અ=નહિ, લિંગ=ઇંદ્રિયો, ને ગ્રહણ=જાણવું. એટલે કે આત્માને ઇંદ્રિયો વડે જાણવું થતું નથી માટે અલિંગગ્રહણ છે. તેથી આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે. અતીન્દ્રિય જ્ઞાનમય એટલે ઇંદ્રિય ને મન વગરનો છે એમ નક્કી થાય છે. ક્યારે? કેવળજ્ઞાન થયા પછી?–કે ના. કેવળજ્ઞાની તો અતીન્દ્રિય જ્ઞાનમય જ છે, પણ છદ્મસ્થ જીવ છદ્મસ્થ દશામાં પણ ઇંદ્રિયો વડે જાણતો નથી. આમ છતાં હું ઇંદ્રિયોથી જાણું છું એમ અજ્ઞાની અજ્ઞાનને કારણે માને છે તે સંસાર છે. માટે ઇંદ્રિય ઉપરનું લક્ષ છોડી, જ્ઞાયકસ્વભાવનું લક્ષ કરે તેને ખરેખર અતીન્દ્રિય ભાવની પ્રાપ્તિ પોતામાં થાય છે.

## જે સ્વને જાણે છે તે જ દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ જાણે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આવું સ્વતંત્ર માનવાથી એકબીજાની કોઈ મદદ લેશે નહિ, શુષ્ક થઈ જશે ને દેવ–શાસ્ત્ર–ગુરુને માનશે નહિ તો?

**સમાધાનઃ**—ભાઈ, એ બધી તારી ભ્રમણા છે. જે સાચું સમજે છે તે જ દેવ–શાસ્ત્ર–ગુરુને યથાર્થ સમજે છે. કારણ કે દેવ–શાસ્ત્ર–ગુરુ કહે છે કે તું તારા જ્ઞાયકસ્વભાવથી જાણે છે, ઇંદ્રિયોથી કે દેવ–શાસ્ત્ર–ગુરુથી જાણતો નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોની તાકાત સ્વ-પરને જાણવાની પોતાથી છે એમ જે પોતાના જ્ઞાનસ્વભાવને યથાર્થ જાણે છે તે જ જીવ પરને યથાર્થ જાણે છે. દેવશાસ્ત્રગુરુ વગેરે પરપદાર્થોની હયાતી છે માટે પર જણાય છે એ વાત સાચી નથી. પણ **સ્વ આત્માને જાણતાં પરપદાર્થો સ્વમાં જણાઈ જાય છે. એવી સાચી પ્રતીતિ ને જ્ઞાનમાં જ કેવળજ્ઞાનનો વિકાસ છે.** પર એવા દેવ–શાસ્ત્ર–ગુરુને સાચા માન્યા ક્યારે કહેવાય? કે પર એવા દેવ–શાસ્ત્ર–ગુરુથી તથા ઇંદ્રિયોથી હું જાણતો નથી, પણ પોતાને જાણતાં પર જણાઈ જાય છે એમ નક્કી કરે તો. ને તે જ જીવે દેવ–શાસ્ત્ર–ગુરુને યથાર્થ માન્યા ને જાણ્યા કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પ્રમાણે અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ થવાથી પરાવલંબીપણું છોડી સ્વાવલંબીપણું ઉત્પન્ન થાય છે ને તેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે છે.

## [ ૨ ] આત્મા ઇંદ્રિયોથી જણાવાયોગ્ય નથી

હવે બીજા બોલમાં આત્મા ઇંદ્રિયોથી જણાવાયોગ્ય નથી-એમ કહે છે. આત્મા ઇંદ્રિયોથી સ્વ તથા પરને જાણતો નથી પણ પોતાથી સ્વ-પર બન્નેને જાણે છે એમ પહેલા બોલમાં કહેવાયું. હવે આ બોલમાં કહે છે કે પ્રમેય એવો આત્મા ઇંદ્રિયોથી જણાય એવો નથી.

૧. આત્મા જ્ઞાનમાં જણાય જ નહિ એવી કેટલાકની માન્યતા છે તે આથી ખોટી કરે છે. કારણ કે આત્મામાં પણ પ્રમેયત્વગુણ છે ને પ્રમેયત્વગુણ ન માને તો ગુણી એવા આત્માના નાશનો પ્રસંગ આવે માટે તે માન્યતા ખોટી છે. પ્રમેયત્વ ગુણના કારણે આત્મા જ્ઞાનમાં જણાય એવો તે **પ્રમેય પદાર્થ છે.**

૨. આત્મા ઇંદ્રિયોથી જણાય એવી કેટલાકની માન્યતા છે તે પણ આથી ખોટી ઠરે છે કારણ કે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી જણાય એવો છે પણ ઇંદ્રિયોથી જણાય એવો નથી. જ્ઞાનસ્વભાવ આત્માનો છે, ઇંદ્રિયોનો નથી.

## શાસ્ત્ર તથા વાણીથી ધર્મ થતો નથી

અહીં કોઈ પ્રશ્ન કરે કે ભગવાનની વાણી અથવા શાસ્ત્ર ન સાંભળે તે આત્માને કેવી રીતે જાણી શકે? કારણ કે દેશનાલબ્ધિ મળ્યા વગર તો આત્માનું જ્ઞાન થતું નથી ને ધર્મ પમાતો નથી ને?

**સમાધાન** : ભાઇ, વાણી ને શાસ્ત્ર તો પર છે, જડ છે, તેનાથી જ્ઞાન થતું નથી તેમ જ કાન પણ જડ છે. ઇન્દ્રિયોથી જ્ઞાન થાય ને આત્મા જણાય એવો આત્માનો સ્વભાવ જ નથી. વાણી તથા ઇન્દ્રિય રહિત પોતાના અતીંદ્રિય સ્વભાવથી આત્મા જણાય એવો છે. ને સ્વનું જ્ઞાન કરતાં પર એવાં શાસ્ત્ર ને વાણીનું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ યથાર્થ ખ્યાલમાં આવે છે કે પૂર્વે શાસ્ત્ર તથા વાણી તરફ લક્ષ હતું. સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલતાં પરનું યથાર્થ જ્ઞાન થાય છે. શાસ્ત્ર, શબ્દ, કાન, આંખમાં આત્મા નથી તો પછી શાસ્ત્ર તથા વાણી વડે આત્મા કેમ જણાય? ન જ જણાય. પણ આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવ વડે જ જણાય એવો છે. આ વાત લોકોએ સાંભળી જ નથી તેમ જ કાને પડી નથી. તેથી મોંઘી લાગે છે.

## વાણીથી ધર્મ નથી તો પછી વાણી સાંભળવાની શી જરૂર છે?

**પ્રશ્ન :** હમણાં આપ જ કહો છો કે કાન તથા વાણીથી જ્ઞાન થતું નથી. વળી કહો છો કે આ વાત કાને પડી નથી. તો પછી આ વાત કાને પાડવાની ને સાંભળવાની શી જરૂર છે? કારણ કે કાન તથા વાણીથી તો આત્માનું જ્ઞાન થતું નથી એમ તો આપ કહો છો.

**સમાધાન :** "કાને પડી નથી" એમ જે કહ્યું તે તો નિમિત્તથી ને સંયોગથી વાત કરી છે, આવી વાત સાંભળવાને મળી નથી એટલે કે તે જીવની પોતાની એવી લાયકાત પણ નથી-એમ સમજવું. સમય સમયની સમજવાની પર્યાય તો સત્ છે. તે પર્યાય કાન તથા શબ્દને લીધે નથી. તેટલું સમજવાની લાયકાત તેનામાં નથી એટલે 'વાત કાને પડી નથી' એમ કહેવામાં આવેલ છે. વળી આ વાત જેને કાને પડે ને પોતાના કારણે સમજે તો પણ તે જ્ઞાન ખંડખંડવાળું છે. તેનાથી પણ અખંડ આત્માને લાભ નથી. કારણ કે અંશથી અંશીને લાભ થઈ શકે નહિ. ખંડખંડ અપૂર્ણ જ્ઞાનની યોગ્યતા ઉપરનું લક્ષ ઉઠાવી અખંડ પરિપૂર્ણ ઉપર લક્ષ કરે તો આત્માને ધર્મ થાય છે, તો પછી જેને ખંડખંડ જ્ઞાનવાળી યોગ્યતા પણ પ્રાપ્ત કરી નથી, જેને નિમિત્તરૂપે અવિ-રોધ વાણી કાને પડી નથી એટલે કે વ્યવહારે દેશનાલબ્ધિનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્ત પ્રાપ્ત થયું નથી તેને તો ધર્મ ક્યાંથી થાય? એટલે કે તેવા જીવને કોઈ કાળે ધર્મ થાય જ નહિ એમ કહેવાનો ભાવ છે. ત્યાં પણ તે જીવની યોગ્યતા બતાવવી છે.

## આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી

આ પ્રમાણે આત્મા અલિંગગ્રહણ છે. આત્મા ઇંદ્રિયોથી ગ્રાહ્ય નથી એટલે ઇંદ્રિયોથી જણાવાયોગ્ય નથી તેથી આત્મા ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાની જીવ માને છે કે પર વિના, શબ્દ વિના, કાન વિના આત્મા જણાય નહિ પણ તેની તે માન્યતા મિથ્યા છે. તે માન્યતા જ આત્મસ્વભાવથી વિપરીત છે. પર વિના જ જણાય તેવો સ્વભાવ છે. આત્મા ઇંદ્રિયપ્રત્યક્ષનો વિષય નથી પણ જ્ઞાનપ્રત્યક્ષનો વિષય છે એવો તેમાંથી ભાવ નીકળે છે.

ઇંદ્રિયોના આશ્રયે આત્મા જણાતો નથી પણ આત્માના આશ્રયે આત્મા જણાય છે એમ ખ્યાલ આવતાં ઇંદ્રિયો તરફનું લક્ષ છૂટી જાય છે ને પોતાના જ્ઞાનસ્વભાવપ્રત્યક્ષનાં શ્રદ્ધા-જ્ઞાન થતાં ધર્મ થાય છે.

## જ્ઞાનસ્વભાવમાં જણાતો આત્મજ્ઞેયપદાર્થ કેવો છે?

(માહ વદ ૪ રવિવાર)

આત્મા જ્ઞેય છે ને તે જ્ઞાન વડે જણાવાયોગ્ય પદાર્થ છે. લિંગ વડે તે જણાય તેવો નથી.

### (૧) આત્મા ઇંદ્રિયોથી જાણે તેવો તે જ્ઞેયપદાર્થ નથી.

**તેમાં પ્રથમ બોલઃ**—આત્માને ઇંદ્રિયોથી જાણવું થતું નથી તેવો તે જ્ઞેય પદાર્થનો સ્વભાવ છે. આ જ્ઞેયતત્ત્વ અધિકારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અલિંગગ્રહણ કહેવાનું કારણ એ છે કે આત્મા જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો તથા પર્યાયોનો પિંડ છે. તે જ્ઞેય પદાર્થ ઇંદ્રિયોથી કામ કરે તેવો તેનો સ્વભાવ નથી. ઇંદ્રિયના અવલંબન વિના પોતાથી જ્ઞાન કરે તેવો તે જ્ઞેયનો સ્વભાવ છે. જેવાં જ્ઞેયો છે તેવો જ્ઞેયનો સ્વભાવ જાણે ને સ્વસન્મુખ થઈ શ્રદ્ધા કરે તો ધર્મ થાય. વિરુદ્ધ જાણે તો ધર્મ કયાંથી થાય? ન થાય, માટે આત્મા ઇન્દ્રિયો વડે જ્ઞાન કરે તેવો તે જ્ઞેય પદાર્થ નથી.

## (૨) આત્મા ઇન્દ્રિયોથી જણાય તેવો તે જ્ઞેયપદાર્થ નથી.

**બીજો બોલઃ**—આત્મા ઇન્દ્રિયો વડે જણાય એવો તે જ્ઞેય પદાર્થ નથી, અંતર્મુખ જોવાથી જણાય એવો છે. આ જ્ઞેય અધિકાર છે, બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શન અધિકાર છે. ઇન્દ્રિયોથી જણાય તે આત્મા નથી. સમ્યગ્દર્શનનો વિષય આત્મા છે માટે ઇન્દ્રિયો વડે સમ્યગ્દર્શન થતું નથી એટલે કે ધર્મ થતો નથી.

આત્મા વસ્તુ જ્ઞેય છે. જ્ઞેય કહો કે પ્રમેય કહો-બન્ને એક જ છે. જગતની અંદર જે સ્વ-પર પ્રમેય છે તે કોઇ ને કોઈ જ્ઞાનનો વિષય જરૂર થાય કારણ કે તેમાં પ્રમેયત્વ નામનો ગુણ છે. આત્મા ઇન્દ્રિયો વડે જ્ઞાન કરે તેવો તેનો સ્વભાવ નથી, ઇન્દ્રિય દ્વારા જ્ઞાન કરે તો તે પ્રમાણ રહેતું નથી. પ્રમેયને જ્ઞાનમાં જણાવા યોગ્ય કહેલ છે પણ ઇન્દ્રિયોથી જણાવા યોગ્ય કહેલ નથી. છયે દ્રવ્યો પોતાના પ્રમેયત્વ ગુણના કારણે કોઈ ને કોઇ જ્ઞાનનો વિષય થાય છે તેમ કહ્યું છે, પણ ઇન્દ્રિયો વડે જણાય તેવું તેનું સ્વરૂપ નથી. આત્મવસ્તુ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત શક્તિનો પિંડ છે. તે પ્રમેય ઇન્દ્રિયોનો વિષય થાય તેમ નથી. આત્મા પ્રમાતા ને પ્રમેય બન્ને છે. જગતના પદાર્થો પ્રમેય છે, ઇન્દ્રિયો પ્રમેય છે. તે પ્રમેયમાં પણ એવી તાકાત નથી કે તે આત્માને જાણે ને આત્મા સ્વ પ્રમેય છે, તેનો સ્વભાવ એવો નથી કે તે ઇન્દ્રિયોથી જણાય.

**પ્રશ્ન :—** તો પછી ઇન્દ્રિયો જીવને કેમ મળી છે? તથા તેને ઇન્દ્રિયવાળો કેમ કહ્યો છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :—** કોઈ પદાર્થને કોઈ બીજો પદાર્થ મળતો નથી. કોઈ બીજા પદાર્થમાં જતું કે આવતું નથી. જગતના જ્ઞેય પદાર્થો પોતાના કારણે આવે ને જાય છે. પરમાણુની પર્યાય આત્માના એક ક્ષેત્રે આવી તેને ઓળખાવવામાં આવી છે.

નિશ્ચયથી ઇન્દ્રિયો પરમાણુની પર્યાય છે. પણ તેની વર્તમાન પર્યાયમાં પુદ્ગલની બીજી પર્યાય કરતાં ફેર છે તેથી તેને ઇન્દ્રિય તરીકે ઓળખાવી છે. નિશ્ચયથી પુદ્ગલ પરમાણુમાં ફેર નથી. ઇન્દ્રિયજ્ઞાન જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારથી ઇન્દ્રિયોનો સંયોગ બતાવવા કહેવામાં આવ્યું છે. પણ તેનાથી જ્ઞાન થાય છે તેવો તેનો અર્થ નથી. પણ જીવના ઉઘાડની લાયકાત વખતે ઇન્દ્રિયો નિમિત્તરૂપે હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

## જ્ઞાનથી આત્મા જણાય એમ શ્રદ્ધા કબૂલે છે.

આત્મા પોતે પ્રમેય છે. પોતે ઇન્દ્રિયો વડે જણાય એવો પ્રમેય પદાર્થ નથી, માટે તે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી, પણ જ્ઞાન-પ્રત્યક્ષનો વિષય છે. આ સમ્યગ્દર્શન અધિકાર છે. આત્મા શ્રદ્ધાનો એટલે સમ્યગ્દર્શનનો વિષય છે, તેથી શ્રદ્ધા એમ કબૂલે છે કે ઇન્દ્રિયોથી જણાય એવો આત્મપદાર્થ નથી પણ જ્ઞાનપ્રત્યક્ષથી જણાય એવો આત્મપદાર્થ છે. આવી સ્વાશ્રયદ્વારા શ્રદ્ધાની કબૂલાત કરવી તે ધર્મ છે. આવી શ્રદ્ધા અને જ્ઞાન વિના વ્રત-તપ આદિ સાચાં હોઈ શકે નહિ.

## (૩) આત્મા ઇંદ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનથી જણાય તેવો નથી.

**ત્રીજો બોલ :—**ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે. જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ છે. તેમ બાહ્ય કોઈ ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા આત્માનું જાણવું થતું નથી તેવો તે જ્ઞેય છે.

શરીરના હાલવા-ચાલવાથી, વાણીના બોલાવાથી તથા ગર્ભના વધવાથી-તે બધાં ચિહ્નથી આત્મા ઓળખી શકાય ખરો?-કે ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે એંધાણથી આત્મા ઓળખી શકાતો નથી. જેમ તાવનું માપ થરમૉમિટર દ્વારા જણાય છે તેમ બાહ્ય કોઈ ચિહ્નથી આત્મા ઓળખાતો નથી. અહીં ઇન્દ્રિયોના અનુમાનની આત્માના જાણ-પણા માટે જરૂર નથી એમ કહેવામાં આવ્યું છે.

કોઈ કહે કે આત્મા આત્માના જ્ઞાન દ્વારા ઓળખાય અને પર-પદાર્થો ઇન્દ્રિયો દ્વારા ઓળખાય તો તે સ્થૂલ અજ્ઞાન છે. કોઈ પણ પદાર્થ ઇન્દ્રિયથી જણાતો નથી, જ્ઞાનથી જણાય છે. વળી આત્મા નિશ્ચયથી આત્મા દ્વારા ઓળખાય ને વ્યવહારથી ઇન્દ્રિયો-દ્વારા ઓળખાય એમ જે કહે છે તે પણ ભૂલ છે, તે મિથ્યા અનેકાન્ત છે. આત્મા આત્માદ્વારા જ ઓળખાય ને બીજા કોઈ ચિહ્ન-ઇન્દ્રિયો કે ઇન્દ્રિયોના અનુમાન દ્વારા ન ઓળખાય તે જ સમ્યક્ અનેકાન્ત છે ને તે ધર્મ છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ એવો છે કે અ=નહિ, લિંગ= ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન, ગ્રહણ=જાણવું. એટલે આત્મા કોઈ ઇન્દ્રિયગમ્ય ચિહ્નથી જણાતો નથી. જેમકે શરીર નાનામાંથી મોટું થાય તેવા બાહ્ય ચિહ્નથી આત્મા નક્કી થતો નથી માટે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી-એવો તેમાંથી અર્થ નીકળે છે. આત્મા એવો જ્ઞેય પદાર્થ છે કે તે સીધો જ્ઞાનથી જણાય-તેમાં ઇન્દ્રિયના અનુમાનની જરૂર નથી.

## (૪) આત્મા કેવળ અનુમાનથી જ જણાય એવો તે જ્ઞેય પદાર્થ નથી.

બીજા આત્મા વડે માત્ર અનુમાન દ્વારા જણાય એવો જીવનો સ્વભાવ નથી. અહીં અલિંગગ્રહણનો અર્થ : અ=નહિ, લિંગ= અનુમાનજ્ઞાન અને ગ્રહણ=જાણવું. અર્થાત્ આત્મા માત્ર અનુમાનજ્ઞાનનો વિષય થાય તેવો તે જ્ઞેય પદાર્થ નથી. અહીં 'માત્ર અનુમાન' કહ્યું છે. 'માત્ર' કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મા અંશે સ્વસંવેદન સહિત અનુમાનનો વિષય છે ખરો, પણ કેવળ અનુમાનનો વિષય નથી. જો આત્મા કેવળ અનુમાનનો જ વિષય હોય તો આત્મા કદી પણ પ્રત્યક્ષજ્ઞાનનો વિષય થઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાનમાં તો તે સર્વથા પ્રત્યક્ષ જણાય છે અને નીચલી દશામાં શ્રુતજ્ઞાનમાં પ્રતીતિમાં આવે છે. સાધકદશામાં પણ એકલા અનુમાનથી જણાવાયોગ્ય નથી. સાધકદશામાં એકલા અનુમાન જ્ઞાનથી જણાતો હોય તો સ્વસંવેદન અંશે પ્રત્યક્ષ થઈ શકે નહિ ને સ્વસંવેદન જ્ઞાન સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ન હોય તો તે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે નહિ, માટે સાધકદશામાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષપૂર્વક અનુમાનજ્ઞાનનો વિષય થાય છે. બીજાઓ કે જેને આ આત્મા જાણવો છે તેમને સ્વસંવેદન જ્ઞાન હોવું જ જોઈએ તો જ તે જીવો આ આત્માને જાણી શકે. બીજા જીવો સ્વસંવેદન સહિત અનુમાન જ્ઞાન કરીને જ્ઞાન લંબાવે ને આ આત્માની ઓળખાણ કરે તો બરાબર છે પણ બીજા જીવો સ્વસંવેદન વિનાના માત્ર અનુમાનથી આ આત્માને ઓળખવા જાય તો તે વડે આ આત્મા જણાય એવો એ જ્ઞેય પદાર્થ નથી.

## (૫) આત્મા કેવળ અનુમાનથી જ જાણે એવો તે જ્ઞેય પદાર્થ નથી.

આ આત્મા એકલું અનુમાન કરી પોતાને તથા પરને જાણતો નથી. અલિંગગ્રહણનો અર્થઃ– અ=નહિ, લિંગ=અનુમાન જ્ઞાન, ગ્રહણ=જાણવું. આત્મા માત્ર અનુમાન જ્ઞાનથી પોતાને અથવા પરને જાણે એવો નથી. માટે સ્વ અને પર બન્નેને જાણવા માટે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન હોવું જોઈએ.

આત્મા પોતે કેવળ અનુમાન કરનારો હોય તો કદીપણ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરી શકે નહિ. અનુમાન જ્ઞાન છે ખરું પણ કેવળ અનુમાન માને તો તે યથાર્થ નથી. અનુમાન સાથે અંશે સ્વસંવેદન જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે ને તે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ એવું કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે અને ત્યારે અનુમાનનો અભાવ થાય છે. તેથી અહીં કેવળ અનુમાનથી જાણતો નથી એમ કહ્યું છે.

## સ્વસંવેદન જ્ઞાન વિના પર પદાર્થોનું જ્ઞાન યથાર્થ નથી.

આત્મા પોતાને તો અનુમાનથી જાણતો નથી પણ અન્ય જીવોને, શરીરને તથા પરપદાર્થોને કેવળ અનુમાનથી જાણે તેવો પણ તેનો સ્વભાવ નથી. કેવળ અનુમાન જ્ઞાનથી પરપદાર્થોનું જ્ઞાન કરવું તે યથાર્થ જ્ઞાન નથી. આ રીતે આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી એવા ભાવની પ્રાપ્તિ થાય છે. દેવ, ગુરુ, સ્ત્રી, કુટુંબકબીલો, તેમ-જ નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોને કેવળ અનુમાન કરી જાણી લેવાય તેવો તે જ્ઞેયોનો સ્વભાવ નથી. અંશે સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન હોવું જોઈએ. સ્વસંવેદન સહિત અનુમાન જ્ઞાન દ્વારા જાણે તે જ યથાર્થ જ્ઞાન કહેવાય. સ્વસંવેદન વગર એકલું અનુમાન તે સાચું અનુમાન પણ કહેવાતું નથી.

## ક્રિયાનું સ્વરૂપ.

કોઈ પ્રશ્ન કરે કે આ બધું જાણ્યા પછી તો અમારી માનેલી ક્રિયા કરવી ખરીને? સમજણપૂર્વક ક્રિયા કરીએ તો શું વાંધો?

**સમાધાન :** સમજણપૂર્વક ક્રિયામાં રાગની ને શરીરની ક્રિયા આવતી નથી. આત્માના ભાન વિના વિધિ કહેવી કોને? જો તને સાચી સમજણ થઈ હશે તો આ પ્રશ્ન જ થશે નહિ કારણ કે સમજણ કહેતાં જ તેમાં જ્ઞાનની ક્રિયા આવે છે, ને શરીર તથા રાગની ક્રિયાનો નિષેધ થાય છે.

**પ્રશ્ન :** જ્ઞાનપૂર્વક ક્રિયામાં અમારી માનેલી ક્રિયાનું મિશ્રપણું કરીએ તો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :** ભાઇ, દૂધપાકમાં જરાક ઝેર પડતાં બધો દૂધપાક ઝેરરૂપ થઇ જાય છે ને ખાવામાં કામ આવતો નથી તેમ માત્ર પરલક્ષી જ્ઞાન કરી તેની સાથે શરીરની તથા રાગની ક્રિયા ભેળવવી તે એકાંત મિથ્યા છે.

જીવ શરીરની ક્રિયા કરી શકતો જ નથી ને અધૂરી દશામાં રાગ થાય છે તે રાગ કરવાનો અભિપ્રાય પણ જ્ઞાનીને નથી. શરીર ને રાગનો જ્ઞાતા છે તેવું આત્માનું સ્વરૂપ છે એમ સમજણ કરવી. તે સમજણપૂર્વકની ક્રિયા છે. સમજણપૂર્વકની ક્રિયા કહેતાં જ શરીરની તથા રાગની ક્રિયાનો નિષેધ થઈ જાય છે. આત્મા બહારના કોઈ લિંગથી જણાય એવો નથી એવો તે એક જ્ઞેય પદાર્થ છે તેમ તેનું જ્ઞાન કરવું તે જ સાચી ક્રિયા છે.

અહીં તો એમ કહેવું છે કે અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો નથી. એ ઉપરથી નીચેના ન્યાયો નીકળે છે:-

## પ્રત્યક્ષ-પરોક્ષજ્ઞાનના ન્યાયો.

૧. અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો હોય તો પ્રત્યક્ષ જ્ઞાન અને તેનો વિષય રહેશે નહિ. પણ તેમ બની શકે નહિ.

૨. કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે ને તેમાં આત્મા તથા સર્વ પદાર્થ સાક્ષાત્ જણાય છે. પણ તે વર્તમાનમાં છદ્મસ્થને પૂર્ણ પ્રગટ નથી. જો તે વર્તમાનમાં પૂર્ણ પ્રગટ હોય તો સંપૂર્ણ આનંદ પ્રગટ હોવો જોઇએ.

૩. સાધકને સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન હોય છે ને તેનું અનુમાન જ્ઞાન પ્રમાણ છે કારણ કે સ્વસંવેદન વગરનું એકલું અનુમાન જ્ઞાન પ્રમાણ હોઈ શકે નહિ માટે સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ને પરોક્ષ બન્ને સાથે રહેલાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪. સાધકદશામાં જો એકલું પરોક્ષ જ માનવામાં આવે તો પ્રત્યક્ષ કદી થાય નહિ પણ તેમ બને નહિ. માટે સ્વસંવેદન અંશ પ્રત્યક્ષ ત્યાં રહેલું છે જે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય છે.

૫. સાધકદશામાં અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન છે તે ક્રમે ક્રમે વધતાં પરોક્ષનો અભાવ થતો જાય છે ને પૂર્ણ પ્રત્યક્ષ થતાં પરોક્ષનો સર્વથા અભાવ થાય છે.

૬. અનુમાન જ્ઞાન એકલું હોઈ શકે જ નહિ કારણ કે અનુમાન જ્ઞાન એકલું હોય તો તે કાયમ રહે ને પ્રત્યક્ષ થવાનો પ્રસંગ જ બને નહિ.

૭. સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન એકલું હોઈ શકે કારણ કે ત્યાં પરોક્ષનો સર્વથા અભાવ હોય છે.

સ્વસંવેદન વગરનું એકલું અનુમાન તે જ્ઞાન જ નથી. તેથી કેવળ અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો નથી તેમ જ કેવળ અનુમાનમાત્રથી આત્મા સ્વ કે પરને જાણતો નથી. આ પ્રમાણે આત્મા અનુમાતા માત્ર નથી.

એકલા અનુમાનથી જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ નથી તેમ જ એકલા અનુમાનથી જણાય તેવો જ્ઞેયનો પણ સ્વભાવ નથી. આવી રીતે આત્મા કેવળ અનુમાનથી જ જાણે એવો તે જ્ઞેયપદાર્થ નથી. એમ સ્વજ્ઞેયનું યથાર્થ સ્વરૂપ જાણવું તે ધર્મનું કારણ છે.

મહામુનિઓ જંગલમાં વસતા હતા. એક 'અલિંગગ્રહણ'માંથી વીસ બોલ કાઢયા છે તેમાંથી શુદ્ધ આત્મા ઊભો થાય તેમ છે. ઘણી જ અદ્ભુત વાત કરી છે. લૌકિકમાં કોઈ તૈયાર કરીને લાડવા આપે તે પણ જેને ખાતાં ન આવડે તે મૂર્ખ છે તેમ અહીં અદ્ભુત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રીતે આત્મા ઊભો થાય તેવો માલ હાજર કર્યો છે છતાં જે જીવ તેનો વિચાર કરી, શ્રદ્ધા કરી, સ્વરૂપાનંદનો ભોગવટો ન કરે તે મૂર્ખ છે.

卐

( માહ વદ ૫ સોમવાર )

## (૧) આત્મા અતીંદ્રિયજ્ઞાનમય છે એમ તું જાણ.

આ આત્મા શરીર આદિથી પર છે. તે શું છે? શરીર વગેરે પરજ્ઞેય છે ને આત્મા સ્વજ્ઞેય છે. પોતાને પોતા વડે જાણતાં આત્મા સ્વપણે જણાય છે ને પર પદાર્થો પરપણે જણાય છે. આત્મા બાહ્ય લિંગથી જણાય એવો નથી એમ 'તું જાણ.' અહીં આચાર્ય ભગવાન આદેશ કરે છે. એ જ્ઞેયરૂપ આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે અનંત અનંત શક્તિનો પિંડ છે ને અલિંગગ્રહણ છે એમ 'તું જાણ'. આત્માને ઇન્દ્રિયોથી જાણવું થતું નથી તેમ તું જાણ. આત્મા અતીંદ્રિય છે એટલે કે ઇન્દ્રિય તથા મનના અવલંબન વગરનો છે માટે ઇન્દ્રિયો વડે જાણતો નથી એમ તું જાણ.

શ્રીગુરુ શિષ્યને કહે છે કે 'તું જાણ' તો તે ઉપરથી આત્મા જાણી શકાય છે એમ નક્કી થાય છે. જો શિષ્ય આત્માને જાણી શકે એમ ન હોત તો શ્રી ગુરુ 'તું જાણ' એમ કહેત નહિ. 'તું જાણ' કહેતાં જ શિષ્ય જાણી શકે એવો આત્મા છે એમ નક્કી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મામાં જેનો અભાવ છે તેવી ઈંદ્રિયો વડે કેવી રીતે જાણે ?

આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે ઇન્દ્રિયોથી જાણતો નથી એમ તું જાણ. આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે. જે પદાર્થમાં જેનો અભાવ હોય તેનાથી તે કામ કરે એમ બની શકે નહિ. ભગવાન આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે ને અભાવ વડે આત્માને જાણે તો સસલાનાં શિંગડાં વડે કોઈને દુઃખ થાય તેના જેવું બને. સસલાનાં શિંગડાં જગતમાં છે જ નહિ તો પછી તે સુખદુઃખનું કારણ કેમ હોઈ શકે ? ન જ હોય. તેમ આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે તો પછી તે અભાવરૂપ ઇન્દ્રિયો વડે આત્મા જાણે એમ કેમ બને ? ન જ જાણે. માટે આત્મા અતીન્દ્રિય સ્વભાવવાળો છે એમ તું જાણ. આનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે.

### (૨) આત્મા ઈંદ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એમ તું જાણ.

આત્મા એવો છે કે તે ઈંદ્રિયો વડે જણાતો નથી એમ તું જાણ. ઈંદ્રિયો તેનામાં છે જ નહિ. જે વસ્તુ જેનામાં ન હોય તેનાથી તે જણાય એવું કદી બને નહિ. આત્મામાં ઈંદ્રિયો જ નથી માટે તે ઈંદ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. તે તો પોતાથી જણાય તેવો છે એમ તું જાણ.

### (૩) આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એમ તું જાણ.

શરીર હાલેચાલે છે, વાણી બોલાય છે માટે આત્મા છે એમ ઈંદ્રિયના પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરી શકાય એવો આત્મા નથી. આત્મામાં ઈંદ્રિયો જ નથી તેથી ઈંદ્રિયપ્રત્યક્ષ અનુમાનથી આત્મા જાણી શકાતો નથી એમ તું જાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ ધુમાડાથી અગ્નિનું અનુમાન થાય છે તેમ ઇંદ્રિયગમ્ય કોઈ પણ ચિહ્નથી આત્મા જણાતો નથી પણ સ્વસંવેદન જ્ઞાનથી જણાય એવો છે તેમ તું જાણ. "તું જાણ"માંથી "શિષ્ય આત્માને જાણી શકે એવો છે" એવો અર્થ નક્કી થાય છે. હીરાના વેપારીને હીરાની દુકાન શરૂ કરતી વખતે ખ્યાલમાં છે કે હીરાના ગ્રાહક દુનિયામાં છે. તે ગ્રાહકો મારે ત્યાં હીરા લેવા આવશે એમ તેને ખાતરી છે. પણ હું હીરાની દુકાન તો નાખું છું પણ કોઈ ગ્રાહક હીરા લેવા નહીં આવે તો? એવી શંકા તેને થતી નથી. તેમ અહીં આચાર્ય ભગવાને "તું જાણ" એમ કહ્યું છે તો તેમને ખાતરી છે કે હું કહું છું તેવો આત્મા જાણનારા જીવો છે જ. પાછળના જીવો આવો આત્મા-હું કહું છું તેવો-નહિ જાણે તો? એવી તેમને શંકા જ નથી. આ વાત ઘણી ઝીણી છે ને આકરી છે માટે ન જણાય એવું કાંઈ છે નહિ પણ તું જાણી શકીશ જ એમ તું ભરોસો લાવ.

આત્મા સ્વતત્ત્વ છે તે પરતત્ત્વ વડે જાણતો નથી, પરતત્ત્વ વડે જણાતો નથી, તેમ જ પરતત્ત્વના અનુમાન દ્વારા પણ જણાતો નથી પણ સ્વતત્ત્વથી જ જાણે છે ને જણાય છે એમ તું જાણ.

## (૪) કેવળ અનુમાનથી જ જણાય તેવો આત્મા નથી એમ તું જાણ.

બીજા જીવો કેવળ અનુમાન કરે ને આત્મા જણાય-એવો આત્મા નથી. બીજાઓ કેવળ અનુમાનજ્ઞાનથી નક્કી કરે કે આ આત્મા આવો છે તો તે આત્માનું જ્ઞાન સાચું નથી. રાગરહિત જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું તેના ભાન દ્વારા-સ્વસંવેદન જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પંચપરમેષ્ઠી ભગવાન એકલા અનુમાનથી જણાય તેવા નથી.

બીજા જીવો એકલું અનુમાન કરે ને કહે કે આ વીતરાગદેવ છે, આ નિર્ગ્રંથ ગુરુ છે તો તેવી રીતે પારખવું બની શકે નહિ એમ તું જાણ. સર્વજ્ઞ દેવાધિદેવ, અર્હંત તથા સિદ્ધ અને આચાર્ય, ઉપાધ્યાય, મુનિ વગેરેના આત્માને જાણવા હોય તો એકલા અનુમાન વડે જાણી શકાય એવા તે આત્મા જ નથી.

હીરાની દુકાને બે પૈસા લઈને જાય તો હીરા–માણેક મળે નહિ. વળી કોઈ ભિખારી ભીખ માગે તો તેને લાડવાનો ભૂકો મળે પણ મિઠાઈનું આખું ચોસલું મળે નહિ. આખું ચોસલું માગવાની તેનામાં હિંમત પણ હોતી નથી તેમ જ ઘરની રિદ્ધિ–સિદ્ધિ, હીરા વગેરે અમોને બતાવજો એવું કહેવાની હિંમત પણ તેનામાં હોતી નથી. તેવી રીતે કેવળ અનુમાનજ્ઞાન ભિખારી જેવું છે, તે વડે હીરા સમાન પંચપરમેષ્ઠીના આત્માઓ પારખી શકાય એમ નથી. જેમ ભિખારીમાં 'હીરા બતાવજો' એમ કહેવાની હિંમત જ નથી તેમ અનુમાનજ્ઞાનમાં પંચપરમેષ્ઠીના આત્મા પારખે તેવી તાકાત જ નથી. પોતાનો આત્મા શુદ્ધસ્વભાવી છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન તથા રાગરહિત અંશે સ્વસંવેદન જે જીવમાં નથી તે જીવ એકલા અનુમાનજ્ઞાનથી તે પંચ પરમેષ્ઠીના આત્માઓ જાણી શકે નહિ. સ્વસંવેદન જ્ઞાન વિનાના મિથ્યાદષ્ટિઓ ભલે શાસ્ત્રના ઘણા ઘણા જાણકાર હોય ને તે જ્ઞાનથી એકલું અનુમાન કરે કે અર્હંત આવા હોવા જોઈએ ને મુનિ આવા હોવા જોઈએ તો તેમનું તે બધું અનુમાનજ્ઞાન જ્ઞાન જ નથી. તેનાથી પંચ-પરમેષ્ઠી ઓળખાય તેવા તે આત્મા નથી એમ તું જાણ.

## પંચપરમેષ્ઠી ભગવાન સ્વસંવેદન જ્ઞાનથી જણાય તેવા છે.

એકલા અનુમાનથી પંચપરમેષ્ઠી જણાય એવા નથી તો કયા જ્ઞાનથી જણાય એવા તે આત્મા છે? તો કહે છે કે ભાઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે પંચપરમેષ્ઠીના આત્માને જાણવા હોય તો પ્રથમ તો તારામાં સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કર તો તે જ્ઞાનથી તેઓ જણાય એવા છે. આત્મા શરીર તથા ઇન્દ્રિય વિનાનો છે, રાગ રહિત છે, પર પદાર્થો તથા મનના અવલંબન વિનાનો છે તેવા પોતાના આત્માની શ્રદ્ધા ને જ્ઞાન કર.

૧. તેવા સ્વસંવેદન સહિતના જ્ઞાનને લંબાવીને અનુમાન કર કે મારું જ્ઞાન અંશે પ્રત્યક્ષ ઊઘડયું છે તો અંશ પ્રત્યક્ષ વધીને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણી શકે એવું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકશે. એવી ખાતરી તને થઈ તો તે ઉપરથી અનુમાન કર કે એવા સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનને પામેલા અર્હંતને સિદ્ધ હોવા જોઈએ અને તેમની સર્વજ્ઞદશા સંપૂર્ણ રાગરહિત અને મનના અવલંબન રહિત હોવી જોઇએ. વળી તે સર્વજ્ઞદશા એક સમયમાં ત્રણ કાળ–ત્રણ લોકને જાણવારૂપ હોવી જોઇએ.

૨. વળી જેમ અંશે સ્વસંવેદન જ્ઞાન મને થયું છે તેમ આત્મા રાગરહિત શુદ્ધ, નિરાવલંબી તત્ત્વ છે તેનો આશ્રય કરીને પોતામાં પણ સ્વસંવેદન જ્ઞાન અંશે પ્રગટ કરનારા બીજા સાધક જીવો પણ મારી માફક હોવા જોઇએ. જે અંશે સાધી રહ્યા છે ને પછી પરિપૂર્ણ દશા પ્રગટ કરવાના તે સાધક જીવો આચાર્ય, ઉપાધ્યાય ને મુનિ છે.

આવી રીતે આત્માના સ્વસંવેદન જ્ઞાનને લંબાવીને નિર્ણય કરે કે પંચપરમેષ્ઠીમાં પૂરા સર્વજ્ઞ કેવા હોય ને અધૂરા જ્ઞાની કેવા હોય તો તેનો નિર્ણય સાચો છે ને તે જ્ઞાનમાં પંચપરમેષ્ઠી જણાય એમ છે. મિથ્યાદ્રષ્ટિના સ્વસંવેદન વિનાના એકલા અનુમાન જ્ઞાનમાં તે પંચ પરમેષ્ઠીના આત્મા જણાય એમ નથી. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકલા અનુમાન જ્ઞાનને લિંગમાં નાખી તે લિંગથી બીજા આત્માઓ ગ્રહણ થઈ શકે એવા નથી (જણાય એવા નથી) એવો અલિંગ-ગ્રહણનો અર્થ, હે શિષ્ય! તું જાણ.

## સ્વસંવેદન વગરનું માત્ર અનુમાન તે પ્રમાણજ્ઞાન નથી પણ મિથ્યાજ્ઞાન છે.

૧. એક પદાર્થની અંદર વર્તમાન પર્યાયમાં પોતાની યોગ્યતાના કારણે કાર્ય થાય છે ત્યારે બીજી સંયોગી ચીજને નિમિત્ત કહેવાય છે. ઉપાદાનમાં કાર્ય ન થાય તો બીજી ચીજને નિમિત્ત પણ કહેવાતું નથી. એટલે કે ઉપાદાનમાં કાર્ય થયા વગર બીજી સંયોગી ચીજમાં નિમિત્તપણાનો આરોપ જ આવતો નથી.

૨. જીવ પોતાના શુદ્ધસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિશ્ચયપર્યાય પ્રગટ કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભરાગને વ્યવહારનો આરોપ આપવામાં આવે છે. પોતામાં નિશ્ચય નિર્મળ પર્યાય પ્રગટ ન કરે તો પૂર્વના રાગને વ્યવહાર નામ પણ આપી શકાતું નથી, એટલે કે નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો જ નથી.

## તે ન્યાયે

૩. જીવ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરે તો તે સ્વસંવેદન સહિતના અનુમાન જ્ઞાનને અનુમાન જ્ઞાન પ્રમાણ કહેવામાં આવે છે. પોતામાં સ્વસંવેદન જ્ઞાન પ્રગટ ન કરે તો એકલું અનુમાન તે પ્રમાણ જ્ઞાન કહેવાતું નથી પણ તે મિથ્યાજ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ભાવ-નમસ્કારનું સ્વરૂપ ને તેનું ફળ

પંચ પરમેષ્ઠીના આત્મા તારા એકલા અનુમાન જ્ઞાનથી જણાય એવા નથી એમ તું જાણ. તારે પંચ પરમેષ્ઠીને જાણવા હોય ને તેમને ભાવ નમસ્કાર કરવા હોય તો જેવી રીતે મુનિઓ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્થિરતામાં આગળ વધી રહ્યા છે ને અર્હંત, સિદ્ધ પૂર્ણ પરમાત્મા થઈ ગયા છે તેવી રીતે તારામાં શ્રદ્ધા-જ્ઞાન કરી સ્વસંવેદન પ્રગટ કર, તો તે જ્ઞાનપૂર્વક અનુમાન કરી શકીશ કે સર્વજ્ઞ ભગવાન સંપૂર્ણ દશાને પામ્યા છે. પુણ્ય, વ્યવહાર ને વિકલ્પની એકતા વિનાનું ને જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ સાથેની એકતાવાળું જ્ઞાન તે જ્ઞાન જ યથાર્થ છે એમ તું જાણ. આવું સ્વસંવેદન જ્ઞાન થયા પછી યથાર્થ અનુમાન થાય છે કે સર્વજ્ઞ પૂર્ણ પદને પામી ગયા, સાધકો અંશે સાધી રહ્યા છે ને આગળ વધીને પૂર્ણ પદ લેશે. આમ પંચપરમેષ્ઠી કે જે પર આત્માઓ છે તેનો આવો પ્રમેય-ધર્મ છે એમ તું જાણ.

પંચ પરમેષ્ઠીનો પ્રમેય-ધર્મ આવો છે એમ જે જીવ જાણે છે તેણે પંચપરમેષ્ઠીને યથાર્થ ઓળખ્યા છે ને તેણે જ સાચા ભાવ-નમસ્કાર કર્યા કહેવાય છે.

કોઈ કહે કે આટલો બધો વિસ્તાર જાણવા જતાં અમારી માનેલી બધી ક્રિયા ઊડી જાય છે.

**સમાધાન** : ભાઈ, તારે શાંતિ ને સુખ જોઈએ છે ને? ધર્મ કરવો છે ને? ધર્મ કહો, શાંતિ કહો, સુખ કહો-એ બધું એક જ છે. તે શાંતિ સત્ય વસ્તુના શરણે મળે છે પણ અસત્ય વસ્તુના શરણે મળતી નથી. માટે વસ્તુ જેમ છે તેમ સત્ય જાણ ને સ્વ-સંવેદન જ્ઞાન દ્વારા તારા શુદ્ધ આત્માનો અનુભવ કર. તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંતિનું કારણ છે ને તે જ વધીને પરિપૂર્ણ કેવળજ્ઞાન થતાં સંપૂર્ણ સુખ ને શાંતિ પ્રગટ થશે. આ જ ધાર્મિક ક્રિયા છે.

## (૫) આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી એમ તું જાણ

ચોથા બોલમાં એમ કહ્યું હતું કે બીજાઓ તારા આત્માને અથવા પંચપરમેષ્ઠીના આત્માને કેવળ અનુમાન વડે જાણવા જાય તો તે જણાય એવો નથી. હવે અહીં પાંચમા બોલમાં કહે છે કે તું પોતે કેવો છે? તું કેવળ અનુમાન કરનારો જ નથી. આત્મા માત્ર અનુમાન કરનારો હોય તો અનુમાન રહિત પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરવાનો અવસર રહેતો નથી. જેવી રીતે પુણ્ય–પાપના ભાવને જ માત્ર કરનારો ને તેને જ સર્વસ્વ માનવાવાળો જે છે તે આત્મા કહેવાતો નથી તેમ એકલું અનુમાન જ્ઞાન કરનારને આત્મા જ કહેતા નથી. તે ઉપરથી ન્યાયોઃ–

૧. આત્મા સદાય એકલું અનુમાન કરનારો હોય તો અનુમાનનો અભાવ કરી સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટાવવાનો અવસર કદી રહેતો નથી ને સર્વજ્ઞ દશા રહેતી નથી; પણ તેમ બની શકે નહિ માટે આત્મા કેવળ અનુમાન કરનારો નથી.

૨. વળી આત્માની વર્તમાન પર્યાયમાં પ્રગટ એકલું પ્રત્યક્ષ જ્ઞાન હોય તો વર્તમાનમાં જે જ્ઞાનની હીનતા છદ્મસ્થને દેખાય છે તે હોવી ન જોઇએ પણ જ્ઞાનની હીનતા વર્તમાનમાં દેખાય છે માટે એકલું પ્રત્યક્ષ જ્ઞાન છદ્મસ્થને વર્તમાન પર્યાયમાં નથી એમ નક્કી થાય છે. માટે એવી કોઈ દશા હોવી જોઈએ કે જેમાં અંશે પ્રત્યક્ષ ને અંશે પરોક્ષ જ્ઞાન હોઈ શકે ને તે સાધકદશા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩. વળી સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ને અંશે પરોક્ષ જ્ઞાન ન હોય તો અંશ પ્રત્યક્ષજ્ઞાન વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ કદી થઇ શકે નહિ ને પરોક્ષનો અભાવ થઇ શકે નહિ માટે સાધકદશામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન છે, એમ નક્કી થાય છે.

૪. જેવી રીતે સાધકદશામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય અંશે ઊઘડેલી છે તે વખતે દેવ શાસ્ત્ર ગુરુ આદિ તરફનો રાગરૂપી વ્યવહાર જોડે હોય છે.

## તે ન્યાયે

સાધકદશામાં પોતાના સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન સહિત સ્વ-સંવેદન અંશે પ્રત્યક્ષ જ્ઞાન પર્યાયમાં પ્રગટ હોય છે ત્યારે અનુમાન જ્ઞાન પણ અંશે પરોક્ષ તે જ પર્યાયમાં સાથે રહેલું છે.

૫. વળી, જેવી રીતે વિશેષ પુરુષાર્થ થતાં દર્શન–જ્ઞાન–ચારિત્રની સંપૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટે છે ત્યારે દેવશાસ્ત્રગુરુ તરફના શુભરાગરૂપી વ્યવહારનો સર્વથા અભાવ થાય છે ને નિશ્ચય એકલો રહે છે.

## તે ન્યાયે

સાધક દશામાં જ્ઞાનસ્વભાવી આત્મામાં સંપૂર્ણ એકાગ્રતા થતાં સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટે છે તે વખતે પરોક્ષ જ્ઞાનનો સર્વથા અભાવ થાય છે, ને સકલ પ્રત્યક્ષ કેવળજ્ઞાન એકલું રહે છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ. અ=નહિ, લિંગ=કેવળ અનુમાન માત્ર, ગ્રહણ=જાણવું. તું કેવળ અનુમાતા માત્ર નથી. ઉપર કહ્યું તેમ અનુમાન માત્ર હોય તો કદી કેવળજ્ઞાન થાય નહિ માટે સાધક દશામાં સ્વસંવેદન સહિતનું અનુમાન છે. તારું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વ કે પરને જાણવામાં સ્વસંવેદન સહિત કામ ન કરે તો તારું જાણવું યથાર્થ થતું નથી. વળી તારો આત્મા જ્ઞાતા ઉપરાંત જ્ઞેય પણ છે. તે એકલો અનુમાન કરનારો નથી, પણ સ્વ તથા પર એવા સમસ્ત જગતના જડ તથા ચેતન બધા પદાર્થને સ્વસંવેદન જ્ઞાનપૂર્વક જાણે એવો તે જ્ઞેય આત્માનો સ્વભાવ છે એમ તું જાણ.

## "તું જાણ"નું રહસ્ય.

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને તેમની ગાથામાં "जाण" એમ કહ્યું. પાછળથી શ્રી અમૃતચંદ્રાચાર્યે આટલો બધો વિસ્તાર કરી 'અલિંગ-ગ્રહણ'ના વીસ બોલથી જુદા જુદા ભાવ સમજાવી આત્માને આવો જાણ–એમ કહ્યું. તે મુનિઓ પાંચમા આરાના છે. પાંચમો આરો કઠણ છે માટે આ શબ્દો ચોથા આરાના જીવો માટે હશે ?-કે ના. આ પાઠ તથા ટીકા પાંચમા આરાના જીવો નહિ સમજી શકે એમ જો હોત તો "તું જાણ" એમ આદેશ કેમ કરત ? ભાઈ, પાંચમા આરાના જીવો માટે જ ટીકા કરી છે ને જીવો સમજી શકશે જ એવી તેમને ખાતરી છે. સહજ યોગ બની ગયો છે. જ્ઞાની પુરુષો "તું જાણ" કહે ને આદેશ આપે ત્યારે તેમના રહસ્યને જાણનાર ન હોય એમ બની શકે જ નહિ. સમજાવનાર ને સમજનાર બન્નેને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. આચાર્યે "તું જાણ" એમ કહ્યું છે માટે હું મારા આત્માને જાણી શકીશ, એમાં કોઈ કાળ નડશે નહિ–એમ વિચારી આત્માનું સ્વરૂપ યથાર્થ સમજવા પુરુષાર્થ કરવો જોઈએ.

જેમ પુણ્ય–પાપથી લાભ થાય છે તેમ માનનાર જીવ આત્માને જાણતો નથી તેમ ઇંદ્રિયોથી જ્ઞાન થાય ને અનુમાતામાત્ર આત્મા છે તેમ માનનાર જીવ પણ આત્માને જાણતો નથી. જીવનું સ્વરૂપ યથાર્થ જાણે તો ધર્મ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પાંચ બોલ થયા. તેમાં નાસ્તિથી વાત કરી છે. હવે છઠ્ઠા બોલમાં અસ્તિથી વાત કરે છે.

## (૬) આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એમ તું જાણ.

આત્મા કોઈ બાહ્ય ચિહ્ન તથા અનુમાન વગેરે જે પાંચ લિંગ ઉપર કહ્યાં તે લિંગદ્વારા જણાય તેવો નથી, પણ સ્વભાવ વડે જણાય એવો છે. આત્મા સ્વભાવ વડે જણાય એવો છે એમ કહેતાં જ તે પરોક્ષ અનુમાનમાત્રથી જણાય એવો નથી, તેમ જ ઇંદ્રિયો ને મનના અવલંબનથી જણાય એવો નથી—એમ નાસ્તિથી આવી જાય છે. અહીં તો અસ્તિથી આ બોલ કહ્યો છે.

## પરોક્ષતા હોવા છતાં આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એમ કેમ કહ્યું?

અહીં તો સાધકદશાની વાત છે. કેવળીને સમજવાનું બાકી હોતું નથી કારણ કે તેઓ તો સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાતા થઈ ગયા છે. ત્યારે અહીં આ બોલમાં પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે. તેનો શું અર્થ છે? પ્રત્યક્ષ જ્ઞાતા તો કેવળી હોય છે છતાં અહીં પ્રત્યક્ષ જ્ઞાતા કહેલ છે કારણ કે સાધક જીવ પોતાના આત્માને પ્રત્યક્ષ જ્ઞાતા માને છે. સાધકને પરોક્ષતા અંશે છે તેની અહીં ગૌણતા છે, મુખ્યતા પ્રત્યક્ષની છે. રાગરહિત તથા મનના અવલંબન રહિત, પ્રત્યક્ષ જ્ઞાતા પોતાના આત્માને જે માને નહિ તેને ધર્મ કદી થાય નહિ.

અહીં કહ્યું કે આત્મા ઇંદ્રિયોથી સ્વ-પરને જાણતો નથી, આત્મા ઇંદ્રિયો વડે જણાતો નથી, આત્મા ઇંદ્રિયગમ્ય ચિહ્નથી જણાતો નથી, આત્મા કેવળ અનુમાન જ્ઞાનથી જણાતો નથી ને આત્મા કેવળ અનુમાન જ્ઞાનથી સ્વ-પરને જાણતો નથી. આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચ લિંગ દ્વારા આત્મા જણાતો નથી તેથી આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે.

## આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે તેવાં શ્રદ્ધા-જ્ઞાનનું ફળ કેવળજ્ઞાન

જેમ કોઈ જીવ રાગને પોતાનું સ્વરૂપ માને તો તે કદી રાગ-રહિત થઇ શકે નહિ, પણ રાગ હોવા છતાં તે જ વખતે પોતાનું ત્રિકાળી સ્વરૂપ રાગ રહિત છે એમ જો શ્રદ્ધા-જ્ઞાન કરે તો અંશે વીતરાગતા પ્રગટ થાય ને પછી સ્થિરતા વધતાં પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય.

## તે ન્યાયે

પરોક્ષ જ્ઞાન આત્માનો સ્વભાવ હોય તો કદી પરોક્ષ રહિત થઈ શકે નહિ, કારણ કે જે ચીજ પોતાની કાયમની હોય તે તેનાથી કદી જુદી પડી શકે નહિ. પણ પરોક્ષ જ્ઞાનનો અભાવ કરી સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરીને અનેક જીવો સર્વજ્ઞ થઈ ગયા છે માટે પરોક્ષ જ્ઞાન તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી એમ નક્કી થાય છે. માટે ઉપર કહ્યાં તે પાંચ લિંગથી આત્મા જણાય એવો નથી. તો આત્મા કેવો છે? આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. વર્તમાનમાં પરોક્ષ જ્ઞાન હોવા છતાં પ્રત્યક્ષ જ્ઞાતા મારો સ્વ-ભાવ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરે તો પોતામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય ને વિશેષ વધીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે.

## ક્રિયાનું સ્વરૂપ

**પ્રશ્ન :** આટલું સમજ્યા પછી પૌષધ, પ્રતિક્રમણ વગેરેની ક્રિયા કરવી તો ખરી ને?

**ઉત્તર :** ભાઇ, શરીરની ક્રિયા તો આત્મા કદી કરી શકતો નથી. ભક્તિ વગેરેનો શુભભાવ તે પુણ્ય આસ્રવ છે, તે વિકારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયા છે, વિભાવભાવ છે. જે સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે તે સ્વભાવને કેવી રીતે મદદ કરે? ન જ કરે. અશુભથી બચવા માટે શુભભાવ આવે તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ માનવો અથવા ધર્મમાં મદદગાર થશે તેમ માનવું મિથ્યા છે. આત્મા પ્રત્યક્ષ જ્ઞાતાદ્રષ્ટા છે એવાં પ્રથમ શ્રદ્ધાજ્ઞાન કરવાં તે પ્રથમ ધાર્મિક ક્રિયા છે ને પછી તેમાં એકાગ્રતા કરી પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરવું તે મોક્ષની ક્રિયા છે.

## સાચી શ્રદ્ધાના ફળરૂપી કેવળજ્ઞાન એકલું રહે છે.

અહીં તો પ્રત્યક્ષ જ્ઞાતાસ્વભાવની શ્રદ્ધા કરવાની વાત છે. વળી જેમ સાધકદશા પૂરી થતાં એકલો નિશ્ચય રહે છે ને વ્યવહારનો એટલે રાગનો અભાવ થાય છે, પણ એકલો વ્યવહાર રહે તેમ કદી બનતું નથી, તેવી રીતે એકલું અનુમાન જ્ઞાન રહે એમ બને નહિ, પણ આત્મા પ્રત્યક્ષજ્ઞાતા છે તેમાં સંપૂર્ણ એકાગ્ર થતાં સર્વ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય છે ને તે એકલું સર્વદા રહે તેમ બની શકે પણ પરોક્ષ જ્ઞાનનો તો સર્વથા અભાવ થઈ જાય છે. આ પ્રમાણે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. તે અર્થનો ભાવ પોતામાં જે જીવ ઉતારે તે જીવ પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞાતા થઈ શકે છે.

**પ્રશ્ન :** આવા ભાવની પ્રાપ્તિ કોને થાય? ભગવાનને?

**ઉત્તર :** ભગવાનને તો પ્રાપ્તિ થઈ ચૂકી છે, તેમને કાંઈ કરવાનું રહેતું નથી અને જેને પ્રત્યક્ષ જ્ઞાન અંશે પણ નથી તે તો મિથ્યાદ્રષ્ટિ છે. તેને અહીં આત્મા ગણ્યો નથી. તેને તો ખબર પણ નથી કે મારામાં આવી ઋદ્ધિઓ ભરેલી છે. પણ સાધક જીવો વિચાર કરે છે કે મારો આત્મા રાગ રહિત સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાતા છે, દેહ, મન, વાણી, દેવ-શાસ્ત્ર-ગુરુ તથા શુભરાગ વગેરે કોઈની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અપેક્ષા રાખતો નથી, એકલા પોતાના આત્માની જ અપેક્ષા રાખે છે. તેના જ્ઞાન માટે કોઈ બહારનાં લિંગોની જરૂર નથી. એકલો પ્રત્યક્ષ જ્ઞાતા સ્વરૂપ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરી ધર્મદશાને પામે છે. આવી રીતે ધર્મી જીવ "અલિંગગ્રહણ" શબ્દ તે વાચક તેમાંથી વાચ્ય તે ભાવ આવા પ્રકારનો કાઢે છે.

આચાર્ય ભગવાન પણ શિષ્યને એ જ ભાવ કહે છે કે હે શિષ્ય! તારો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવું તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ.

## (૭) ઉપયોગને જ્ઞેય પદાર્થોનું અવલંબન નથી એમ તું જાણ.

પહેલા પાંચ બોલમાં દ્રવ્યની (આત્માની) નાસ્તિથી વાત કરી હતી. આત્મા કોઈ બાહ્ય ચિહ્નથી જણાય એવો નથી એમ નાસ્તિથી આત્મદ્રવ્યની વાત કરેલ. છઠ્ઠા બોલમાં આત્મદ્રવ્યની અસ્તિથી વાત કરેલ હતી. હવે સાતમા બોલમાં આત્માના જ્ઞાનગુણની પર્યાય જે ઉપયોગ છે તેની વાત કરે છે.

અહીં લિંગ એટલે ઉપયોગ કહેલ છે. જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે જ્ઞેયોનું અવલંબન નથી તો મંદિરો તથા પંચકલ્યાણક વગેરે શા માટે કરાવ્યાં?

## ધર્મી જીવ સ્વભાવનું અવલંબન લ્યે છે ને સ્વભાવનું બહુમાન કરે છે

**સમાધાન :** સાધક જીવને અશુભથી બચવા માટે શુભરાગ આવે છે ત્યારે કેવાં નિમિત્તો હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી તેનું જ્ઞાન દેવ, ગુરુ કે મંદિરોને અવલંબે છે એવો એનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુથી જ્ઞાન થતું નથી કારણ કે તે તો પર જ્ઞેયો છે. એટલે ધર્મી જીવ તેને અવલંબતો જ નથી.

વળી તે દેવ, શાસ્ત્ર, ગુરુને નિશ્ચયથી વંદન કરતો જ નથી પણ પોતાના સ્વભાવને વંદન કરે છે. વિકલ્પ ઊઠે ત્યારે દેવ, ગુરુ તરફ લક્ષ જાય છે છતાં તે વખતે પણ પોતાના સ્વભાવનું બહુમાન ખસતું નથી.

અત્યારે સત્‌ની વાત દુર્લભ થઈ પડી છે. વાત સાચી બહાર આવે છે ત્યારે સમજવાવાળા અને વિરોધ કરનારા એમ બન્ને પ્રકારો હોય છે. અત્યારની શું વાત કરવી, પણ ઋષભદેવ ભગવાનની વાણી નીકળી તે પહેલાં જુગલીઆંને એક દેવગતિ જ થતી હતી. એવા જ પરિણામવાળા જીવો હતા, પણ જ્યાં ઋષભદેવ ભગવાનની વાણી નીકળી ને કાને પડી ત્યાં ચારે ગતિ શરૂ થઈ ગઈ. ૨૪ દંડકમાં તથા સિદ્ધગતિમાં જનારા થઈ ગયા, કોઈ સિદ્ધગતિમાં જનારા થયા, કોઈ સાધક થયા ને કોઈ નરક-નિગોદમાં જનારા પણ થયા. વાણીને લીધે તેમ થયું નથી. સૌ સૌની યોગ્યતા મુજબ થયા છે. ભગવાન વખતે આવું થાય તો અત્યારે આવું થાય તેમાં નવાઈ નથી.

## ઉપયોગ પરનું આલંબન લેતો નથી

અહીં ઉપયોગની વાત ચાલે છે. ઉપયોગ ચૈતન્યનું એંધાણ અથવા ચિહ્ન છે. ઉપયોગ આત્માને અવલંબે છે. આત્મદ્રવ્ય પણ જ્ઞેય છે, ગુણ જ્ઞેય છે ને પર્યાય પણ જ્ઞેય છે. ઉપયોગ પણ જ્ઞેય છે. ઉપયોગનો સ્વભાવ જાણવા-દેખવાનો છે, તે પર જ્ઞેયોને અવલંબતો નથી, કારણ કે પર જ્ઞેયોમાં ઉપયોગ નથી. જે જેનામાં ન હોય તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબન તે કેવી રીતે હોય? પર જ્ઞેયોમાં કોઈમાં જાણવા-દેખવાનો સ્વભાવ એટલે કે ઉપયોગ નથી માટે ઉપયોગ પરનું અવલંબન હોય તેવો ઉપયોગનો સ્વભાવ નથી.

હવે અહીં કોઈ કહે કે અમો તો વ્રતધારી છીએ, પડિમાધારી છીએ, ઉપદેશક છીએ એથી અમોને આ સાંભળવાની જરૂર લાગતી નથી કારણ કે અમોએ જે માન્યું છે તેમાં અમોને ભૂલ દેખાતી નથી.

## મારામાં ભૂલ નથી એમ માનનાર કદીપણ ભૂલ રહિત થતો નથી.

**સમાધાન :** મારામાં હીણાપણું છે એમ જે જાણે તેને હીણાપણું ટાળી અધિક થવાનો પ્રસંગ રહે. પણ હીણપ જ નથી એમ કહે તો હીણપ ટાળવી રહેતી નથી. સંસારી જીવોને, વીતરાગ ન થાય ત્યાં સુધી, ભૂલ હોય ખરી, ને ભૂલ પોતામાં છે એમ કબૂલે તો ભૂલ ટાળી શકે પણ મારામાં ભૂલ જ નથી, હું તો ભૂલરહિત છું એમ બાહ્ય ક્રિયાકાંડના અભિમાનમાં માને તો ભૂલથી છૂટવાનો પ્રસંગ રહેતો નથી એટલે કે તેનો સંસાર ટળતો નથી માટે જીવે પોતાની ભૂલ કયાં છે તે જાણી, તેની કબૂલાત કરી તેને ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અહીં ઉપયોગનું લક્ષણ જાણવું-દેખવું તે છે ને તે લક્ષણ લક્ષ્યને એટલે કે આત્માને જણાવે છે એમ કહ્યું છે.

કોઈ પ્રશ્ન કરે કે ઉપયોગ તો આત્મામાં પર તરફનો અનાદિનો છે પણ તે કયારે સુધરે? શુભરાગના અવલંબને અથવા-દેવ-શાસ્ત્ર ગુરુના અવલંબને સુધરે ખરો કે નહિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપયોગની પર્યાય અકારણીય છે.

**સમાધાન :** શુભરાગના અવલંબને અથવા દેવ-શાસ્ત્ર-ગુરુના અવલંબને ઉપયોગ સુધરે એમ માનવું તે ભ્રમ છે. ઉપયોગ તો એકલા આત્માનું અવલંબન લ્યે છે. જેમ આત્મદ્રવ્ય અકારણીય છે, તેના ગુણ અકારણીય છે, તેને કોઈ કારણ નથી તેમ પર્યાય પણ અકારણીય છે. ઉપયોગ તે જ્ઞાન ગુણની પર્યાય છે, તેને માટે કોઈ કારણ નથી. તે ઉપયોગની પર્યાયને દેવ-શાસ્ત્ર-ગુરુ અથવા શુભરાગનું કારણ આપીએ તો તે સુધરી જાય એમ કદી બનતું નથી. ઉપયોગરૂપ પર્યાય પણ અકારણીય છે, માટે પોતાના શુદ્ધ આત્માનું અવલંબન લ્યે તો તે ઉપયોગ સુધરે છે.

## જ્ઞાન જ્ઞેયોથી સ્વતંત્ર છે.

આત્માને પર જ્ઞેયોનું અવલંબન તો નથી જ પણ તેની જ્ઞાન-પર્યાય જે ઉપયોગ તેને પણ જ્ઞેયોનું અવલંબન નથી. ઉપયોગનો સ્વભાવ જાણવા-દેખવાનો છે, તે જ્ઞેયોને લીધે જાણતો નથી. ઉપયોગનું આવું સ્વરૂપ છે-એમ તે જ્ઞેયને તું જાણ. ઉપયોગ અકારણીય છે એમ જાણ. ઉપયોગમાં પર જ્ઞેયનો અભાવ છે તો તેનું આલંબન કેવી રીતે હોય? ન જ હોય. પણ વ્યવહારનું કથન આવે ત્યાં જીવો અજ્ઞાનના કારણે ભૂલ કરી બેસે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન જ્ઞેયોને અવલંબે છે ને?

**સમાધાન :** જ્યારે જ્ઞાનની પર્યાય પ્રગટે છે ત્યારે જ્ઞેયો હોય છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, પણ

૧. જગતમાં અનંત જ્ઞેયો છે તેને અવલંબીને જ્ઞાન થાય છે એવું જ્ઞાન પરાધીન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. જીવ વર્તમાનમાં જ્ઞાન કરે છે માટે જ્ઞેયોને આવવું પડે છે એમ પણ નથી, બન્ને સ્વતંત્ર છે. વળી

૩. તે જ્ઞેયોનો આધાર ઉપયોગ લ્યે તો ઉપયોગ સુધરે એમ પણ નથી કારણ જ્ઞાન જ્ઞેયોનો આધાર કદી લેતું નથી. તેમ જ

૪. પરજ્ઞેયો જગતમાં અનંતાં છે માટે ઉપયોગ પરને જાણવાનું કામ કરે છે એમ પણ નથી. કારણ ઉપયોગનો સ્વભાવ સ્વ-પર બન્નેને જાણવાનો છે, પર છે માટે નહિ.
ઉપયોગ સ્વતંત્ર પોતાના આત્માના આધારે કામ કરે છે.

## એકાંત પરલક્ષી જ્ઞાન તે જ્ઞાન જ નથી

પર પદાર્થને જ માત્ર લક્ષમાં લઈ, પરના અવલંબને પ્રગટ થતું જ્ઞાન તે જ્ઞાન જ નથી. નિમિત્તોના અવલંબનવાળું, મનના અવલંબનવાળું, ઇંદ્રિયોના અવલંબનવાળું, પંચપરમેષ્ઠીના અવલંબનવાળું, શાસ્ત્રના અવલંબનવાળું-એવા એકલા પરલક્ષી જ્ઞાનને જ્ઞાન જ કહ્યું નથી, પણ તેને મિથ્યાજ્ઞાન કહ્યું છે; તેને અહીં ઉપયોગમાં લીધેલ નથી.

## સાધકદશામાં વ્યવહાર અને નિમિત્તનું સ્વરૂપ

શુદ્ધ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને જે જ્ઞાન સ્વ તરફ વળે છે તેને જ અહીં જ્ઞાન કહેલ છે. સમ્યગ્દષ્ટિ જીવોને પરિપૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાંસુધી શુભરાગ આવે છે ને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાનો વિકલ્પ ઊઠે છે. રાગની ભૂમિકા હોવાથી પર તરફ લક્ષ જાય છે. પણ દેવ-શાસ્ત્ર-ગુરુ છે માટે પર તરફ લક્ષ જાય છે એમ ધર્મી જીવ માનતા નથી. સાધકદશામાં નિશ્ચય સાથે વ્યવહાર હોય છે ખરો ને તે વખતે સાચા દેવશાસ્ત્રગુરુનું લક્ષ હોય પણ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવાનું લક્ષ ન જ હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચા દેવશાસ્ત્રગુરુ છે માટે શુભરાગ થાય છે–એમ નથી પણ નિશ્ચયના ભાન સહિતના જીવોને રાગવાળી દશામાં થતા રાગનો તથા સાચા દેવશાસ્ત્રગુરુનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે.

**પ્રશ્નઃ**–સાચા દેવશાસ્ત્રગુરુને માનવાનો શુભરાગરૂપ વ્યવહાર પણ બંધનું કારણ છે ને કુદેવ વગેરેને માનવાનો અશુભરાગ-રૂપ વ્યવહાર પણ બંધનું કારણ છે તો બન્ને વ્યવહારમાં કાંઈ ફરક રહેશે નહિ.

## શુભરાગ તથા સત્ દેવશાસ્ત્રગુરુને નિમિત્તનૈમિત્તક સંબંધ છે.

**સમાધાન :** હા, બન્ને પ્રકારના રાગ નિરર્થક જ છે, બન્ને બંધનું કારણ છે, આત્માને એકે રાગથી ધર્મ થતો નથી. જેમ પાણી પાણીના આધારે છે છતાં પાણી ભરવા માટે ગોળો હોય છે પણ કપડામાં કોઈ પાણી ભરતું નથી, એવો ત્યાં નિમિત્તનો મેળ છે. તેમ સાચા દેવશાસ્ત્રગુરુ તરફનો શુભરાગ ને કુદેવ–કુશાસ્ત્ર–કુગુરુ તરફનો અશુભરાગ–બન્ને રાગ ચૈતન્યની જાત માટે નિરર્થક છે, બન્ને બંધનાં કારણ છે; છતાં સાધક જીવને શુભરાગ વખતે સાચા દેવશાસ્ત્રગુરુ જ નિમિત્તરૂપે હોય છે. **શુભરાગ થાય છે માટે સાચા દેવ–ગુરુને આવવું પડે છે-એમ નથી ને સાચા દેવ–ગુરુ છે માટે શુભરાગ થયો છે–એમ પણ નથી, છતાં શુભરાગમાં સાચા દેવ-ગુરુ જ નિમિત્ત હોય, બીજા હોય નહિ–એવો મેળ છે.**

## જ્ઞાન ઉપયોગને શુભરાગનું અવલંબન નથી.

અહીં તો ખાસ એ કહેવાનું છે કે વિકલ્પવાળી દશામાં રાગ હોવા છતાં ધર્મી જીવના જ્ઞાન ઉપયોગને રાગનું અવલંબન નથી. તે વખતે પણ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે તેને જ તેનો ઉપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબી રહ્યો છે. રાગ પણ જ્ઞેય છે, ને તે જ્ઞેયનો જ્ઞાનમાં સદાકાળ અભાવ છે માટે ઉપયોગ રાગ વિનાનો છે.

## " જ્ઞેયો જ્ઞેયોમાં છે, જ્ઞેયો જ્ઞાન ઉપયોગમાં નથી "

**પ્રશ્નઃ–** બધાં જ્ઞેયોને કાઢી નાખ્યાં ?

**સમાધાન :** જ્ઞેયોને કાઢી નાખવાનો પ્રશ્ન જ રહેતો નથી કારણ કે જે વસ્તુ કોઈમાં ભળી ગઈ હોય–પ્રવેશી હોય તેને કાઢવાનો પ્રશ્ન રહે પણ જે વસ્તુ જેમાં ન હોય તેને કાઢી નાખવાનો પ્રસંગ જ રહેતો નથી. પંચપરમેષ્ઠી વગેરે પરજ્ઞેયો તેનામાં છે, તેમનો જ્ઞાન ઉપયોગમાં અભાવ છે. શુભરાગ પણ જ્ઞેય છે, તે શુભરાગનો પણ જ્ઞાન ઉપયોગમાં અભાવ છે. ઉપયોગ સ્વ આત્માનો છે, તેને આત્મામાં રાખ્યો છે એમ કહી શકાય.

એટલે આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ એ થયો કે અ=નહિ, લિંગ=ઉપયોગ, ગ્રહણ=જ્ઞેય પદાર્થોનું આલંબન. ઉપયોગને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી એવો " અલિંગગ્રહણ " નો અર્થ અહીં થાય છે.

જે ઉપયોગને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી પણ સ્વનું આલંબન છે એવા ઉપયોગ લક્ષણવાળો તારો આત્મા છે એમ તારા સ્વજ્ઞેયને તું જાણ. આ રીતે તારા આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી પણ સ્વભાવના આલંબનવાળું જ્ઞાન છે– એમ તારા આત્મારૂપ સ્વજ્ઞેયને તું જાણ.

## ( ૮ ) આત્મા ઉપયોગને બહારથી લાવતો નથી એમ તું જાણ

જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે ( ક્યાંય બહારથી ) લાવતો નથી, તે અલિંગગ્રહણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

હવે આ બોલમાં ઉપયોગ બહારથી લવાતો નથી એમ કહે છે અનાદિથી મિથ્યાદૃષ્ટિનો ઉપયોગ પર તરફ હતો, તે હવે પોતે કાંઈ સત્સમાગમ કરે, વાણી સાંભળે વગેરે શુભભાવ કરે તો ઉપ-યોગ સુધરે ખરો કે નહિ? કે–ના. ઉપયોગ ક્યાંય બહારથી લવાતો નથી, તે ક્રમસર અંતરમાંથી પ્રગટે છે; બહારના કોઇ કારણમાંથી પ્રગટતો નથી, માટે અકારણીય છે.

આમ આત્માના ઉપયોગને યથાર્થ શ્રદ્ધવો–જાણવો તે ધર્મનું કારણ છે.

[ માહ સુદ ૬ મંગળવાર ]

## જ્ઞાનોપયોગ નિરાવલંબી છે એમ તું જાણ...

૧. આત્મા દ્રવ્ય છે, તે પોતે ઇંદ્રિયોથી સ્વ તથા પરને જાણે તેવું તેનું સ્વરૂપ નથી.

૨. આત્મા પોતે ઇંદ્રિયોથી જણાય તેવું તેનું સ્વરૂપ નથી.

૩. ધુમાડાથી અગ્નિ જણાય તેમ આત્મા ઇંદ્રિયોના અનુમાનથી જણાય તેવો તેનો સ્વભાવ નથી.

૪. બીજાઓ વડે આત્મા કેવળ અનુમાનથી જણાય તેવો તે પ્રમેય પદાર્થ નથી. બીજા જીવો રાગરહિત સ્વસંવેદન જ્ઞાન વડે આત્માને જાણે તો તે જાણી શકાય.

૫. પોતે બીજા આત્માને કેવળ અનુમાનથી જાણે તેવો પોતાનો સ્વભાવ નથી, તે સ્વસંવેદનથી જાણી શકે છે.

૬. આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. પર પદાર્થની અપેક્ષા વિનાનો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇંદ્રિય તથા મનના અવલંબન વિનાનો પોતે પોતાને પ્રત્યક્ષ જાણે તેવો જ્ઞાતાસ્વભાવ છે.

૭. છ બોલમાં દ્રવ્યની વાત કરી છે. સાતમામાં જ્ઞાન ઉપયોગની વાત કરે છે. ઉપયોગ પણ જ્ઞેય છે. તે જ્ઞેયનો સ્વભાવ કેવો છે તે કહે છેઃ—

પ્રથમ જ્ઞાન ઓછું હતું ને પછી વધ્યું તો તે નિમિત્તો તથા બાહ્ય પદાર્થો હતા માટે વધ્યું? અથવા તે પદાર્થોનું અવલંબન લેતો હશે? તો કહે કે ના. તે ઉપયોગ પર પદાર્થનું અવલંબન લેતો નથી. તેમ જ્ઞાનમાં જે જ્ઞેયો નિમિત્ત થાય છે તે જ્ઞેયોના અવલંબને જ્ઞાન થતું નથી; તે જ્ઞાન પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના જ અવલંબને થાય છે.

## (૮) જ્ઞાન ઉપયોગની વૃદ્ધિ બહારમાંથી આવતી નથી એમ તું જાણ.

જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (કયાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા જે કયાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પ્રથમ જ્ઞાનની પર્યાયમાં હીણપ હતી, પછી બીજે સમયે જ્ઞાનનો વધારો થાય છે તે વધારો બહારથી આવ્યો? સાતમા બોલમાં કહ્યું કે જ્ઞાન ઉપયોગને દેવશાસ્ત્રગુરુનું અવલંબન નથી તો તેના આશ્રય વિના આ વધ્યું કેવી રીતે?

ભાઈ, તે બહારથી આવતું નથી, અંતરતત્ત્વમાંથી આવે છે. હવે આઠમા બોલમાં કહે છે કે જ્ઞાન પરમાંથી લવાતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જ્ઞાનનો વ્યાપાર જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનું અવલંબન છોડી નિમિત્તનું લક્ષ કરે તેને જ્ઞાન ઉપયોગ જ કહેતા નથી. જેવી રીતે ઇંદ્રિયોથી જાણે તે આત્મા કહેવાતો નથી તેમ જે ઉપયોગ પરનું અવલંબન લ્યે તેને ઉપયોગ કહેતા નથી.

અજ્ઞાની દલીલ કરે છે કે દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ એકરૂપ છે, તેને અવલંબન ન હોય એમ કહો તો તો ઠીક છે પણ એક પછી એક થતી પર્યાયોમાં એકરૂપતા રહેતી નથી ને જ્ઞાનની વિશેષ વિશેષ નિર્મળતા અનેક પ્રકારની થાય છે તે જ્ઞેયોના આધારે થતી હશે ને? મન તથા શુભરાગનું અવલંબન છે માટે શુદ્ધતા વધીને?–કે ના. તે નિર્મળતાની વૃદ્ધિ પર પદાર્થોમાંથી કે શુભ રાગમાંથી આવતી નથી. તે પોતાના શુદ્ધ દ્રવ્ય સ્વભાવમાંથી જ આવે છે, અંતર પરિણમનની એકાગ્રતા વધતાં બહારમાં પ્રગટ દેખાય છે.

## જ્ઞાનના વૈભવનું કારણ પૂર્વ આચાર્યોની પરંપરા કેમ કહ્યું?

**પ્રશ્ન:**–જો નિર્મળતા અંતરથી પ્રગટે છે એમ કહો તો કુંદકુંદાચાર્ય ભગવાને સમયસાર ગાથા ૫ માં કહેલ છે કે અમારા સ્વસંવેદન જ્ઞાનનો જન્મ પૂર્વાચાર્યોના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયેલો છે ને આચાર્યોની પરંપરાથી આ વૈભવ અમોને મળેલ છે–એમ કેમ કહ્યું?

**સમાધાન :** જ્યારે કોઈપણ જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવી ચેતનના આશ્રયે પોતાના જ્ઞાનની અતૂટ ધારા ટકાવી રાખે છે ત્યારે પોતાના જ્ઞાનમાં નિમિત્તરૂપે થતા પૂર્વ આચાર્યો કેવા છે તે નિમિત્તોનું જ્ઞાન કરાવે છે. દરેક આત્મા પોતે પોતાનો જ્ઞાનપ્રવાહ ઉત્તરોત્તર ટકાવી રાખે છે ત્યારે કયા કયા નિમિત્તો હતાં તેનું જ્ઞાન કરાવે છે. જેમ જ્ઞાનીઓની પરંપરામાં ઉત્તરોત્તર જ્ઞાન ટકાવી રાખવામાં સંધિ છે તેમ તેનાં નિમિત્તોની પરંપરામાં ઉત્તરોત્તર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંધિ બતાવી નિમિત્તનૈમિત્તિક સંબંધની વાત કરી છે.

## જ્ઞાન ઉપયોગની એકાએક વૃદ્ધિનું કારણ કોણ?

ગૌતમ ગણધર પ્રભુ પાસે ગયા, તેમને પહેલાં જ્ઞાન ઘણું ઓછું હતું ને ભગવાનના સમવસરણમાં ગયા, ભગવાનની વાણી સાંભળીને બાર અંગ ને ચૌદ પૂર્વનું જ્ઞાન થયું. પૂર્વે મતિ-શ્રુત જ્ઞાન હતાં ને થોડા સમયમાં ચાર જ્ઞાનના ધણી થઈ ગયા તો આટલું બધું જ્ઞાન ક્યાંથી આવ્યું? ભગવાનની વાણીમાંથી આવ્યું? નિમિત્ત ઉપર લક્ષ કર્યું માટે આવ્યું?

કોઈ જીવને સામાન્ય મતિ-શ્રુતજ્ઞાન હોય ને પછી બે ઘડીમાં પુરુષાર્થ કરી એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે છે તો આટલો બધો વધારો ક્યાંથી આવ્યો?

અહીં પણ સાંભળતા પહેલાં જ્ઞાન ઓછું હોય છે ને શબ્દો ને વાણી કાને પડ્યા પછી જ્ઞાન વધે છે તે વધારો વાણીમાંથી આવતો હશે?

અજ્ઞાની કહે છે કે બધા આત્મામાં દ્રવ્ય-ગુણ તો અનાદિઅનંત શુદ્ધ પરિપૂર્ણ ભર્યાં છે ને પર્યાયમાં પ્રગટતાનો વધારો દેખાય છે તે નિમિત્ત આવે ત્યારે વધે છે ને નિમિત્ત ન આવે તો વધતું નથી.

જ્ઞાની પુરુષો કહે છે કે ના. તે વધારો બાહ્ય કોઈ પદાર્થોમાંથી અથવા શુભ રાગમાંથી આવતો નથી. અંતરમાં જ્ઞાન શક્તિનો ભંડાર પડ્યો છે તેમાંથી પોતાના પુરુષાર્થ વડે તે પ્રગટ થાય છે.

**જ્ઞાનની ભરતીનાં મોજાં**
**ચૈતન્યસમુદ્રના મધ્યબિંદુમાંથી ઊછળે છે.**

" પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે જેમ,
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. "
( શ્રીમદ્ રાજચંદ્ર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમુદ્રની અંદર ભરતી આવે છે, તેનું કારણ શું છે? ઉપરથી ખૂબ વરસાદ પડ્યો માટે ભરતી આવી? નદીઓ ઘણી આવીને સમુદ્રમાં ભળી માટે સમુદ્ર ઉછળ્યો છે? તો કે ના. ગમે તેટલી નદીઓ ભળી હોય ને ગમે તેટલો વરસાદ પડ્યો હોય તોપણ સમુદ્રની તે ભરતીને બહારના પાણીનું અવલંબન નથી. તે ભરતી તો સમુદ્રના મધ્ય બિંદુમાંથી આવે છે.

## તે ન્યાયે

આ ચૈતન્ય સ્વભાવના મધ્યબિંદુમાંથી જ્ઞાનની ભરતી ઊછળે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેમાં એકાગ્રતા કરતાં જે શક્તિઓ અંતર પડી છે તેમાંથી તે પ્રગટ થાય છે. કોઈ બાહ્ય વાણી, ભગવાન કે ગુરુ પ્રત્યેના શુભ રાગમાંથી તે વધારો આવતો નથી. તેને રાગ તથા શ્રવણનો આધાર નથી. તે જ્ઞાનનાં મોજાં અંતર શક્તિ સ્વભાવ ચૈતન્ય સમુદ્રમાંથી ઊછળીને પ્રગટ થાય છે.

## જ્ઞાનની વૃદ્ધિ વખતે બાહ્ય પદાર્થો ઉપર માત્ર ઉપચાર કરવામાં આવે છે.

કોઈ કહે કે શાસ્ત્રો વાંચ્યા માટે જ્ઞાનની વૃદ્ધિ થઈ. વળી શાસ્ત્રમાં પણ લખાણ આવે કે શિષ્ય વિનયથી ભણે તો જ્ઞાનની વૃદ્ધિ થાય. ગુરુગમે ભણે તો જ્ઞાન વધે. વળી કુંદકુંદાચાર્ય ભગવાન પણ કહે છે કે ગુરુની કૃપાથી અમોને આ જ્ઞાનવૈભવ મળ્યો છે. આ બધાં કથનો વ્યવહારનાં છે. પોતાના કારણે શુદ્ધ સ્વભાવમાંથી જ્ઞાનની વૃદ્ધિ કરે છે ત્યારે ગુરુ, શાસ્ત્ર આદિને નિમિત્ત કહી ઉપચાર કરે છે. તે બાહ્ય નિમિત્ત માત્ર છે. ખરેખર તો તે બધું જ્ઞાન અંતરથી પ્રગટ થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન અંતરથી પ્રગટ થાય છે તો આ મંદિર, પ્રતિમાજી, સમયસાર વગેરેનું અવલંબન કેમ છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભાઈ, એ બધી ચીજો આત્માના કારણે આવી નથી ને આત્માને તેનું અવલંબન નથી. જીવને શુભરાગ હોય ત્યારે તે પદાર્થો ઉપર લક્ષ જાય છે. પોતે જ્ઞાનની વૃદ્ધિ કરે છે ત્યારે તે પદાર્થોને નિમિત્ત કહેવાય છે.

## ઉપયોગનું સ્વરૂપ

જેવી રીતે જે આત્મા ઇંદ્રિયોથી જાણવાનું કામ કરે છે તેને આત્મા કહેવાતો નથી, તેમ જ જે આત્મા પોતાને પુણ્ય-પાપવાળો માને તેને આત્મા કહેવાતો નથી; તેવી રીતે જે ઉપયોગ પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવનું અવલંબન છોડી, પરનું એટલે દેવ–શાસ્ત્ર–ગુરુ વગેરે બાહ્ય નિમિત્તોનું, વાણીનું અથવા શુભરાગનું અવલંબન લે છે તેને અહીં ઉપયોગ જ કહ્યો નથી.

જે આત્મા ઇંદ્રિયોનું લક્ષ છોડી અતીન્દ્રિય સ્વભાવનું લક્ષ કરે છે, વળી, જે પોતાને પુણ્ય-પાપ રહિત શુદ્ધ જાણે છે તે જ આત્મા છે તેવી રીતે દેવ, શાસ્ત્ર, ગુરુ, વાણી તથા શુભ રાગ તથા અનંતા પર પદાર્થોનું અવલંબન છોડી પોતાના જ્ઞાનસ્વભાવમાં જે ઉપયોગ એકાગ્ર થાય તેને જ ઉપયોગ કહેવામાં આવે છે.

અહીં આઠમા બોલમાં એમ કહ્યું કે અ=નહિ, લિંગ=ઉપયોગ, ગ્રહણ=બહારથી લાવવું, એટલે જ્ઞાન ઉપયોગની વૃદ્ધિ કયાંય બહારથી થતી નથી એમ ઉપયોગરૂપ જે જ્ઞેય તેનો સ્વભાવ તું જાણ. તેથી આત્મા કયાંય બહારથી જ્ઞાન લાવતો નથી એમ તારા સ્વજ્ઞેયને જાણ.

## (૯) તારો જ્ઞાન-ઉપયોગ કોઇ હરી શકતો નથી એમ તું જાણ.

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી ( –બીજાથી લઈ જઈ શકાતું નથી ) તે અલિંગ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

## અજ્ઞાનીની ઉપયોગ સંબંધી ભ્રમણા

અજ્ઞાની માને છે કે ઘરમાં છોકરાએ ખખડાટ કર્યો માટે મારું જ્ઞાન ખસી ગયું, શરીર રોગવાળું થયું તેથી જ્ઞાન ઘટી ગયું, ધ્યાનમાં બેઠો હતો ત્યાં તલવારથી શરીરને કોઈ મારવા આવતાં મારો ઉપયોગ હીણો થઈ ગયો; અમારે તો ઘણું ધ્યાન કરવું હતું પણ ભાઈ, શું કરીએ, બૈરાં-છોકરાં કોલાહલ કરે છે ને છોકરાંઓ વાજાં વગાડે છે તેથી અમારો ઉપયોગ ખસી જાય છે. પરિષહો આવે છે ત્યારે અમારો ઉપયોગ કામ કરતો નથી. સાત્ત્વિક ખોરાક લેવાય ત્યાંસુધી ઉપયોગ સારો રહે પણ હલકો ખોરાક ખવાય ત્યાં ઉપયોગ ખરાબ થઈ જાય છે, કાનમાં કીડા ખરે તેવી ગાળો સાંભળવાથી ઉપયોગ ખસી જાય, શરીરનું સંઘયણ મજબુત હોય તો ઉપયોગ સારું કામ કરે-આવી રીતે અનેક પ્રકારની ઉપયોગ સંબંધી ભ્રમણા અજ્ઞાની સેવે છે.

## ઉપયોગરૂપી ધન કોઇ હરી શકતું નથી.

આ બધી અજ્ઞાનીની ભ્રમણા છે. બહારના પદાર્થો જડ અથવા ચેતનનો આત્મામાં અત્યંત અભાવ છે. તે આત્માના ઉપયોગને કેવી રીતે હણી શકે? ન જ હણી શકે. અનુકૂળ સંયોગોથી જ્ઞાન ઉપયોગ વધે અને પ્રતિકૂળ સંયોગોથી ઘટે, વળી જડકર્મ મંદ પડે તો ઉપયોગ વધે અને કર્મનો ઉદય આકરો આવે તો ઉપયોગ હીણો પડી જાય એવું ઉપયોગનું સ્વરૂપ છે જ નહિ.

લોકોમાં કહેવાય છે કે ચોરો કોઈની અમુક ચીજો લૂંટી ગયા-હરી ગયા, તેમ આ ઉપયોગરૂપ ધન કોઇ લૂંટી લેતું હશે? તો કે ના. જ્ઞાન-ઉપયોગરૂપી ધન કોઇથી હરાતું નથી કે કોઇથી લૂંટાતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અપ્રતિહત ઉપયોગ.

જ્ઞાન–ઉપયોગ પરથી હણાય એવું તો સ્વરૂપ છે જ નહિ કારણ કે પર પદાર્થો જ્ઞાનને કાંઈ પણ કરી શકવા સમર્થ નથી. પણ જે જ્ઞાનનો ઉપયોગ પોતાની પર્યાયની નબળાઈથી થતા રાગને કારણે હીણો પડે છે તે વાત પણ અહીં લીધી નથી અને તેને ઉપયોગ જ કહ્યો નથી. કારણ કે જે ઉપયોગ ચૈતન્ય-સ્વભાવના આશ્રયે કામ કરે ને તેનું જ અવલંબન લ્યે છે તે ઉપયોગમાં રાગ જ નથી, પછી તે હીણો કેમ પડે? સ્વના અવલંબનપૂર્વકનો ઉપયોગ આત્મામાં એકાકાર થાય છે તેને જ અહીં ઉપયોગ કહ્યો છે. જે ઉપયોગ પર પદાર્થોથી પણ હરાય નહિ તે સ્વથી કેમ હરાય? જે ઉપયોગ પાછો પડે છે તેને અહીં ઉપયોગ ગણ્યો જ નથી પણ **ચૈતન્યના આશ્રયે એકાકાર થઈ વૃદ્ધિ પામે છે તેવા અપ્રતિહત ઉપયોગને જ ઉપયોગ કહ્યો છે.**

## નિમિત્તોમાં તથા રાગમાં અટકે તે ઉપયોગ જ નથી.

જે જીવ પોતાનું સ્વરૂપ સમજતો નથી તે અનાત્મા છે. જે ઉપયોગ સ્વદ્રવ્યનો આશ્રય ન કરે ને પરમાં ભમ્યા કરે તેને ઉપયોગ જ કહેતા નથી. જેમ આત્મા અનાદિઅનંત છે, તે કોઈના કારણે છે જ નહિ તેમ ઉપયોગ પણ બહારના કારણે લવાય કે વૃદ્ધિ થાય કે ઘટાડો થાય તેવું તેનું સ્વરૂપ છે જ નહિ. ઉપયોગ પોતાના દ્રવ્યનો આશ્રય છોડે નહિ ને પરનો આશ્રય લ્યે નહિ, તે જ ઉપયોગ છે. દ્રવ્યનો આશ્રય છોડે નહિ એટલે સ્વભાવમાં એકાકાર થતાં વૃદ્ધિ જ પામે ને પરનો આશ્રય કરે નહિ એટલે કોઈ દિવસ હરાય નહિ–એવું ઉપયોગનું સ્વરૂપ છે. નિમિત્તો તથા રાગમાં અટકે તે ઉપયોગ જ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપયોગ પર્યાય છે. 'છે' તેને કોણ હરી શકે?

આ જગતમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણ વસ્તુ છે. જેમ દ્રવ્ય જ્ઞેય છે, ગુણ જ્ઞેય છે તેમ પર્યાય પણ જ્ઞેય છે. ઉપયોગ તે જ્ઞાનગુણની પર્યાય છે, તથા તે જ્ઞેય પણ છે. અહીં જ્ઞેય અધિકાર છે. પર્યાય–જ્ઞેય કેવો હોય તેની વાત કરે છે. સાતમા બોલમાં કહેલ હતું કે જ્ઞાનપર્યાયને પરનું અવલંબન નથી.

જ્ઞેય પદાર્થ–ઉપયોગ જે 'છે, છે, છે,' તેને પરનું અવલંબન કેમ હોય? વળી જ્ઞેય પદાર્થ–ઉપયોગ જે 'છે, છે, છે,' તેને બહારથી કેમ લવાય? વળી જ્ઞેય પદાર્થ–ઉપયોગ જે 'છે, છે, છે,' તેને કોઈ બીજો કેમ હરી શકે?

એટલે જે ઉપયોગ છે તેને પરનું અવલંબન હોઈ શકે નહિ એમ સાતમા બોલમાં કહ્યું, તેને બહારથી લવાતો નથી એમ આઠમા બોલમાં કહ્યું, તેને કોઈ હરણ કરી શકતો નથી એમ નવમા બોલમાં કહ્યું. જેમ દ્રવ્ય છે, ગુણ છે, તેમ પર્યાય પણ "છે" તો પછી જ્ઞાન ઉપયોગરૂપ પર્યાય જે 'છે' તેને કોણ હરી જાય? કોઈ હરી જાય એમ કહો તો 'છે' રહેતું નથી, 'છે' ની શ્રદ્ધા રહેતી નથી. માટે પર્યાય 'છે' એમ સ્વીકારનારને કોઈ હરી જાય એવી શંકા પડે જ નહિ.

## પંચમકાળ અથવા પ્રતિકૂળતા જ્ઞાનઉપયોગને હરી શકતાં નથી.

તે જ્ઞેય પર્યાયનો સ્વભાવ એવો છે કે તે નિમિત્ત કે બહારથી લવાતો નથી, તે સ્વનો આશ્રય છોડતો નથી ને કોઈ હરી જાય તેવો નથી. જ્ઞાનનું કામ શું? જ્ઞેયોનું અવલંબન લ્યે તે જ્ઞાનનું કામ નથી, જ્ઞાન બહારથી વૃદ્ધિ પામે એવું જ્ઞાનનું કામ નથી, કોઈથી હીણું પડી જાય એવું તે જ્ઞાન નથી. એવો તે જ્ઞેયનો સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગતમાં જીવો કહે છે કે ભાઈ, આ પંચમકાળમાં અવતાર થયા ને કાળના કારણે ઉપયોગ હીણો થઇ ગયો. પણ તે વાત મિથ્યા છે. ઉપયોગ હીણો થાય તેવું ઉપયોગનું સ્વરૂપ જ નથી. સંસારમાં લક્ષ્મી જતાં તથા પ્રતિકૂળતા આવતાં અજ્ઞાની જીવો માને છે કે અમારી આબરૂ હણાઈ ગઇ, પણ ભાઇ, તેમાં શું હણાયું ? અનુકૂળ સંયોગો તથા લક્ષ્મી હતી તો મારી આબરૂ હતી ને પ્રતિકૂળતા આવતાં મારી આબરૂ હણાઇ ગઇ–તે તો તેં બધી કલ્પના નવી ઊભી કરી છે. જ્ઞાન પર્યાય પ્રતિકૂળ સંયોગોથી હણાઈ જાય તેવો તેનો સ્વભાવ જ નથી.

વળી, કોઈ જીવ અગિયારમા ગુણસ્થાનેથી પડી જાય ને ક્રમશઃ તે નિગોદમાં જાય તેવા જીવના જ્ઞાન–ઉપયોગને ઉપયોગ જ કહેવાતો નથી. આત્મામાં જે ઉપયોગ જાય તેને જ ઉપયોગ કહીએ છીએ. જે પરમાં રહે કે રાગમાં રહે તેને ઉપયોગ જ કહ્યો નથી. પરથી હણાય નહિ, જે સ્વથી પાછો પડે નહિ પણ સ્વમાં એકાકાર રહે તે જ ઉપયોગનો સ્વભાવ છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થઃ અ=નહિ, લિંગ=ઉપયોગ, ગ્રહણ=પરથી હરાઇ જવું તે, એટલે ઉપયોગ પરથી હરી જઈ શકાતો નથી. આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવું ઉપયોગનું સ્વરૂપ છે. ઉપયોગ પણ એક જ્ઞેય છે. તારા ઉપયોગરૂપી પર્યાયને–જ્ઞેયને હે શિષ્ય! તું આમ જાણ.

## (૧૦) તારા જ્ઞાન ઉપયોગમાં કોઇ મલિનતા નથી એમ તું જાણ.

જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (–મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

દ્રવ્ય–ગુણ તો અનાદિઅનંત શુદ્ધ છે પરંતુ ઉપયોગની અંદર પણ મલિનતા નથી એમ આ બોલમાં કહે છે. ચંદ્ર કલંકવાળો કહેવાય છે પણ સૂર્યમાં કોઈ ડાઘ નથી. સૂર્યમાં જેમ કોઈપણ પ્રકારની મલિનતા નથી તેમ ઉપયોગ પણ સૂર્યની જેમ કલંકરહિત છે.

## સ્વ–સ્વરૂપનાં ગાણાં એ જ ભગવાનનાં ગાણાં છે.

ચંદ્રની અંદર જે હરણનો આકાર દેખાય છે તે ઉપરથી પદ્મનંદિઆચાર્ય ભગવાન અલંકાર કરી ભગવાનનાં ગુણગ્રામ કરે છે કે હે ભગવાન! હે નાથ! ચંદ્રલોકમાં તારાં ગુણગ્રામ દેવીઓ સિતારથી ગાઈ રહી છે, તે એટલાં સુંદર ને ભક્તિવાળાં છે કે તે સાંભળવાને હરણિયાં પણ ચંદ્રલોકમાં જાય છે. દેવીઓ, અપ્સરાઓ, દેવો બધાં તારાં ગુણગ્રામ કરે છે ને ત્રિછાલોકમાંથી હરણિયાં ત્યાં ગયાં તો અમો નિર્ગ્રંથ મુનિઓ આ સ્વરૂપનાં ગાણાં ગાઈએ છીએ તે તારાં જ ગાણાં છે કેમ કે તારા સ્વરૂપમાં અને અમારા સ્વરૂપમાં નિશ્ચયથી કાંઈ ફેર નથી.

## ઉપયોગ કેવો છે?

અહીં શુદ્ધોપયોગની વાત ચાલે છે. શુદ્ધોપયોગમાં વિકાર જ નથી. પર લક્ષે જે ઉપયોગ વધે તથા પરમાં અટકીને જે ઉપયોગ હણાય તેને અહીં ઉપયોગ જ કહ્યો નથી. દયા, દાન, કામ, ક્રોધ ભાવ તે આત્મા નથી, અનાત્મા છે, અધર્મભાવ છે, તે ધર્મભાવ નથી. તેવા અશુદ્ધોપયોગને ઉપયોગ જ કહ્યો નથી. અજ્ઞાની માને કે મલિનતા મારા ઉપયોગમાં છે; તો તે ભ્રાંતિ છે.

જેમ દ્રવ્ય શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે તેમ જ્ઞાનની પર્યાય પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ છે એમ કહેવું છે. પોતાનો જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ શુદ્ધ છે તેમાં જે પર્યાય એકાકાર થાય છે તે પર્યાયને જ ઉપયોગ કહેલ છે ને શુદ્ધોપયોગસ્વભાવી આત્માને જ આત્મા કહેલ છે.

જ્ઞાનીને વર્તમાનમાં રાગ નબળાઈના કારણે છે. તે તરફના અશુદ્ધ ઉપયોગને પણ અહીં ઉપયોગમાં ગણેલ નથી. શુદ્ધ સ્વભાવ સન્મુખ રહેતાં શુદ્ધતા થાય છે તે શુદ્ધતાને જ ઉપયોગ કહ્યો છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=ઉપયોગ, ગ્રહણ= મલિનતા. એટલે જેમાં મલિનતા નથી તેવો ઉપયોગ જેનું લક્ષણ છે એવો શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા તારો છે એમ તારા સ્વજ્ઞેયને તું જાણ.

## (૧૧) ઉપયોગ દ્રવ્યકર્મને ગ્રહણ કરતો નથી એમ તું જાણ.

લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા દ્રવ્ય-કર્મથી અસંયુક્ત ( અસંબદ્ધ ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

ઉપયોગ દ્રવ્યકર્મને ગ્રહતો તો નથી પણ દ્રવ્યકર્મના આવવામાં નિમિત્ત પણ થતો નથી, એમ અહીં કહેવું છે.

## શુદ્ધોપયોગને જડકર્મ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ પણ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રમાં લખાણ તો આવે છે કે કષાયથી સ્થિતિબંધ તથા અનુભાગબંધ પડે છે ને યોગથી પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ પડે છે, તેથી જડકર્મોનું આવવું થાય છે, ને અહીં કહો છો કે ઉપયોગ દ્રવ્યકર્મમાં નિમિત્ત પણ નથી તો તેનો શું ખુલાસો છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સમાધાન :** ભાઇ, યોગ ને કષાયની વિકારી પર્યાયને આત્મા જ કહેતા નથી. મલિનતા ઉપયોગમાં છે જ નહિ, એમ દશમા બોલમાં કહ્યું છે. જ્યારે મલિનતા જ ઉપયોગમાં નથી તો પછી તેના નિમિત્તે આવતાં દ્રવ્યકર્મને ઉપયોગ કેવી રીતે ગ્રહણ કરે અથવા દ્રવ્યકર્મમાં ઉપયોગ નિમિત્ત પણ કેવી રીતે થાય ? એટલે કે ગ્રહણ પણ ન કરે તેમ નિમિત્ત પણ ન થાય. જડકર્મોનું જે આત્માના એકક્ષેત્રે, તેના પોતાના કારણે, આવવું થાય છે તેમાં મલિનતા નિમિત્તરૂપે હોય છે પણ જ્યાં ઉપયોગમાં મલિનતા જ નથી ત્યાં મલિનતા તથા જડ-કર્મનો જે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે તે નિમિત્તનૈમિત્તિક સંબંધ પણ ઉપયોગમાં રહ્યો નહિ. અહીં નિમિત્તનૈમિત્તિક સંબંધ ઉડાવી દીધો છે. શુદ્ધ ઉપયોગમાં એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે જ નહિ.

આત્મા સામાન્ય દ્રવ્ય તથા ગુણો જડકર્મને ગ્રહણ કરતા નથી તેમ જ શુદ્ધ ઉપયોગ પણ કર્મને ગ્રહણ કરતો નથી. અહીં ગ્રહણ કર-વાની વાત તો નથી પણ દ્રવ્યકર્મ એના કારણે આવે તેમાં નિમિત્ત દ્રવ્ય–ગુણ તો નથી પરંતુ શુદ્ધ ઉપયોગ પણ નિમિત્ત નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રમાં લખાણ છે કેઃ–

"જીવ વીર્યની સ્ફુરણા ગ્રહણ કરે જડધૂપ"

ત્યાં તો કહ્યું છે કે જીવના ઊંધા વીર્યની સ્ફુરણાથી આત્મા જડ કર્મ ગ્રહણ કરે છે ને આપ તો ના પાડો છો તો તેનો શું ખુલાસો છે ?

**સમાધાન :** ત્યાં જીવની વિકારી પર્યાય સાબિત કરવી છે. જીવ પોતે ઊંધો પુરુષાર્થ કરે છે ત્યારે જડકર્મની સાથે તેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. ત્યાં પણ જીવની વિકારી પર્યાય કર્મને ગ્રહે છે અથવા અડે છે અથવા ખેંચી લાવે છે એમ કહેવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી પણ અશુદ્ધ ઉપાદાનને તથા જડકર્મને નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવવો છે. અહીં આપણે વાત શુદ્ધ ઉપયોગની ચાલે છે ને શુદ્ધ ઉપયોગમાં મલિનતાનો અભાવ છે તેથી તે કર્મને ગ્રહતો નથી અથવા તેની સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ નથી એમ કહેવામાં આવ્યું છે.

## સાધક જીવને સમયે સમયે શુદ્ધોપયોગની જ મુખ્યતા વર્તે છે.

આવી રીતે શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણો તથા શુદ્ધ ઉપયોગ થઈને આખો આત્મા છે. નિમિત્તનૈમિત્તિક સંબંધવાળી પર્યાયને અનાત્મા કહેલ છે, તે આત્મા જ નથી. ગોમ્મટસારમાં લખાણ તો ઘણાં આવે કે ચોથે ગુણસ્થાને જીવને આટલી પ્રકૃતિનો બંધ પડે છે ને છઠ્ઠે ગુણસ્થાને આટલી પ્રકૃતિનો બંધ પડે છે. તે બધાં લખાણો અશુદ્ધ ઉપાદાન સાથેનો જડકર્મનો નિમિત્તનૈમિત્તિક સંબંધ તે તે ભૂમિકાએ કેવો છે તે બતાવે છે પણ તે ભૂમિકામાં રહેલા શુદ્ધ ઉપયોગને જડકર્મ સાથે બિલકુલ સંબંધ નથી. સાધકદશામાં મલિનતા અલ્પ છે પણ તેને ગૌણ કરીને શુદ્ધ ઉપયોગ જે સ્વભાવ તરફ વળેલો છે તેને મુખ્ય ગણી મલિનતાને અનાત્મા કહેલ છે. આ સાધકની વાત છે. **સાધક જીવને સમયે સમયે હું જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છું તે તરફનાવલણની જ મુખ્યતા વર્તે છે, ને દયા દાન વગેરે શુભાશુભ ભાવોની પર્યાય કે જેમાં દ્રવ્યકર્મ નિમિત્ત થાય છે તેને તે ગૌણ કરે છે, તેની મુખ્યતા કરતો નથી.** મલિનતાવાળી પર્યાયને એક સમય પણ મુખ્ય કરે તો તે સાધક રહેતો નથી પણ મિથ્યાદ્દષ્ટિ થઈ જાય છે. સાધકને હરહંમેશ શુદ્ધ જ્ઞાતા તરફ વળેલી પર્યાય જે સ્વભાવ સાથે અભેદ થાય છે તેની મુખ્યતા હોય છે. તે મુખ્યતાની અપેક્ષાએ તે ઉપયોગને દ્રવ્યકર્મનું ગ્રહવું થતું નથી એમ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપયોગ તે લક્ષણ ને આત્મા તે લક્ષ્ય એમ લક્ષણ–લક્ષ્ય ઉપરથી પાંચ બોલનો સાર.

આત્મા દ્રવ્ય છે ને ઉપયોગ તેની પર્યાય છે અથવા આત્મા તે લક્ષ્ય છે ને ઉપયોગ તેનું લક્ષણ છે. લક્ષણ વિના લક્ષ્ય હોઈ શકે નહિ ને લક્ષ્ય વિના લક્ષણ હોઇ શકે નહિ. આત્મા તે ઓળખવા યોગ્ય પદાર્થ લક્ષ્ય છે ને ઉપયોગ તેનું લક્ષણ છે કે જેનાથી આત્મા ઓળખી શકાય છે.

૧. સાતમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ અવલંબે છે તેથી તેને પરપદાર્થોનું અવલંબન નથી.
૨. આઠમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્મામાંથી આવે છે માટે જ્ઞાન પરપદાર્થોમાંથી આવતું નથી.
૩. નવમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ આશ્રયે છે તેથી જ્ઞાન પરથી હરી જઇ શકાતું નથી.
૪. દસમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્મામાં જ એકાગ્ર થાય છે, પર પદાર્થોમાં એકાગ્ર થતું નથી તેથી તેમાં મલિનતા નથી.
૫. અગિયારમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ ગ્રહે છે પણ પર પદાર્થો, કર્મ વગેરેને ગ્રહતું નથી, તેથી તે અસંયુક્ત છે.

એ રીતે અગિયારમા બોલમાં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=ઉપયોગ, ગ્રહણ=પૌદ્ગલિક કર્મનું ગ્રહવું. એટલે કે ઉપયોગને પૌદ્ગલિક કર્મનું ગ્રહવું થતું નથી તેથી આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે.

આવી રીતે પોતાનો જ્ઞાન–ઉપયોગ પણ જ્ઞેય છે. તે જ્ઞેય પુદ્ગલકર્મને ગ્રહતું નથી જેથી ઉપયોગ લક્ષણવાળો આત્મા પણ પુદ્ગલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મને ગ્રહતો નથી–તેવા તારા સ્વજ્ઞેયને જેમ છે તેમ તું જાણ–એમ આચાર્ય ભગવાન આદેશ આપે છે.

આ પ્રમાણે જ્ઞેય જેમ છે તેમ યથાર્થ જાણવું તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનું કારણ છે, ને તેથી ધર્મ અને શાંતિ થાય છે.

[ માહ વદ ૭ બુધવાર ]

આ આત્મા છે તેનો જે ઉપયોગ અર્થાત્ જ્ઞાનનો વ્યાપાર છે તેમાં પૌદ્ગલિક કર્મનું ગ્રહવું નથી. સ્વસન્મુખ ઉપયોગને અહીં ઉપયોગ કહે છે. પર સન્મુખ દૃષ્ટિ કરે તેને પુણ્ય–પાપના પરિણામ થાય છે. પુણ્ય–પાપના પરિણામ તે આત્મા નથી પણ આસ્રવ છે–વિકાર છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા ઉપયોગલક્ષણ દ્વારા કર્મને ગ્રહતો નથી. જે સ્વસન્મુખતા છોડતો નથી તેને ઉપયોગ કહે છે.

## (૭) જ્ઞાન ઉપયોગને પરનું આલંબન નથી.

સાતમા બોલમાં કહ્યું હતું કે જ્ઞાનઉપયોગને જ્ઞેયોનું આલંબન નથી. ઉપયોગને સ્વજ્ઞેય આત્મપદાર્થનું અવલંબન છે. સ્વમાં પરજ્ઞેયોનો અભાવ છે. જેમાં જેનો અભાવ છે તેનું આલંબન હોઇ શકે નહિ. માટે આત્માને તે જ્ઞેયોનું આલંબન નથી. સ્વનું આલંબન કરે તેને ઉપયોગ કહે છે ને જે જ્ઞાન પર પદાર્થનું આલંબન લ્યે તેને ઉપયોગ કહેતા નથી.

## (૮) જ્ઞાન ઉપયોગ બહારથી લવાતો નથી.

આઠમા બોલમાં કહ્યું હતું કે ઉપયોગ પર પદાર્થમાંથી લાવી શકાતો નથી. પર પદાર્થ તરફ વળેલા ઉપયોગને ઉપયોગ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેતા નથી, તે આત્મા જ નથી. જે આત્મતત્ત્વ તરફ વળે છે તે જ ઉપયોગ છે ને તે જ આત્મા છે. આત્મામાં પર પદાર્થો તથા પુણ્ય-પાપનો અભાવ છે માટે ઉપયોગ પુણ્ય-પાપ તથા પર પદાર્થોમાંથી લાવી શકાતો નથી.

## (૯) જ્ઞાન-ઉપયોગ હરણ થઇ શકતો નથી.

નવમા બોલમાં કહ્યું હતું કે સ્વસન્મુખ રહીને જે કામ કરે તે ઉપયોગ છે. જ્ઞાન આત્માનું છે માટે તેને કોઇ બીજી ચીજ હરણ કરે તેમ બની શકે નહિ. બીજી ચીજનો આત્મામાં અભાવ છે માટે જ્ઞાન હરી શકાતું નથી. એવા ઉપયોગ લક્ષણવાળો તારો આત્મા છે એમ તું જાણ.

## (૧૦) જ્ઞાન ઉપયોગમાં મલિનતા નથી.

દશમા બોલમાં કહ્યું હતું કે જ્ઞાન ઉપયોગમાં મલિનતા નથી. જે ઉપયોગ સ્વસન્મુખ વળે ને આત્મામાં એકાકાર થાય તેને ઉપયોગ કહે છે. જેનો ઉપયોગ છે તે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત-ગુણોનો પિંડ છે. જ્ઞાન આત્માનું છે છતાં તે જ્ઞાન જો પુણ્ય-પાપનું કામ કરે તો તેને જ્ઞાન કહેતા જ નથી એમ હે શિષ્ય! તું જાણ. જ્ઞાન-ઉપયોગ તારી તરફ વળે તે તારી ચીજ કહેવાય પણ પુણ્ય-પાપ તરફ વળે તે તારી ચીજ કહેવાય નહિ. સ્વ તરફ વળવું તે ધર્મનું કામ છે ને પર તરફ વળવું તે અધર્મનું કામ છે. સૂર્યને મલિનતા નથી તેમ અહીં શુદ્ધોપયોગમાં મલિનતા નથી.

## (૧૧) જ્ઞાન-ઉપયોગ કર્મને ગ્રહતો નથી.

અગિયારમા બોલમાં કહ્યું કે ઉપયોગ પોતાનો છે તે પરને કેમ ગ્રહણ કરે? અથવા પરને ગ્રહણ કરવામાં નિમિત્ત પણ કેમ થાય?–ન જ થાય. પર તરફ વલણ કરી કર્મ થવામાં જે નિમિત્ત થાય તે સ્વનો ઉપયોગ જ નથી પણ જે શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનું કામ કરે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ છે. ઉપયોગ લક્ષણ દ્વારા આત્મા ઓળખાય છે. સ્વસન્મુખ દશા છોડી **મલિન પરિણામરૂપ અધર્મ** ઉત્પન્ન કરી કર્મને ગ્રહવામાં નિમિત્ત થાય તેને આત્માનો ઉપયોગ કહેતા નથી. જે ઉપયોગ આત્મામાં એકાકાર થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ધર્મ ઉત્પન્ન કરે છે તેને આત્માનો ઉપયોગ કહ્યો છે.

## (૧૨) આત્મા વિષયોનો ભોક્તા નથી પણ સ્વનો ભોક્તા છે એમ સ્વજ્ઞેયને તું જાણ.

જેને લિંગો દ્વારા એટલે કે ઇંદ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે. તેમાં શાંતિ ને આનંદનો સદ્ભાવ છે. ઇંદ્રિયો, શરીર, લાડવા, રોટલી, દાળ, ભાત, શાક વગેરે પદાર્થો જડ છે તેમાં સ્પર્શ, રસ, ગંધ વર્ણ રહેલાં છે, તે આત્માથી પર છે. પર પદાર્થોનો આત્મામાં અભાવ છે ને પર પદાર્થોમાં આત્માનો અભાવ છે. તેથી આત્મા તે પર પદાર્થોને ભોગવતો નથી. જે વસ્તુનો જેમાં અભાવ હોય તેને તે કેવી રીતે ભોગવે? આત્માને ઇંદ્રિયો જ નથી કારણ કે ઇંદ્રિયો તો જડ છે તેથી તેના વડે આત્મા વિષયોને ભોગવે છે તે વાત ખોટી છે.

વળી ઇંદ્રિયો તરફ વલણ કરી વિષયો ભોગવવાના ભાવો થાય છે તે આસ્રવ-બંધતત્ત્વ છે, તે આત્મતત્ત્વ નથી. આત્મા વિષયોને ભોગવતો નથી પણ હરખ-શોકને ભોગવે છે. તે હરખ-શોકનો શુદ્ધ જીવતત્ત્વમાં અભાવ છે તેથી તેને આત્મા કહેતા નથી.

## સાધક જીવને સ્વભાવ સન્મુખ દૃષ્ટિની મુખ્યતા છે તેથી તે સ્વનો ભોક્તા છે.

અગિયારમા બોલમાં કહ્યું હતું કે વિકારી પરિણામ તે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પણ શ્રદ્ધાજ્ઞાનરૂપ નિર્વિકારી પરિણામ સહિતના આત્માને જ આત્મા કહેવાય છે. તેને દ્રવ્યકર્મનું ગ્રહવું થતું નથી. અસ્થિરતાના રાગદ્વેષ થાય છે તેને ગૌણ કરી સ્વભાવદૃષ્ટિને મુખ્ય કરી છે. સ્વભાવ તરફ જે વળે છે તેને કર્મબંધ નથી. તે જ ન્યાયે આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે. તેમાં શાંતિ, સુખ, આનંદ છે. અજ્ઞાની જીવ ઇંદ્રિયો સન્મુખ થઈ પર પદાર્થને તો ભોગવતો નથી પણ પર-પદાર્થને હું ભોગવું એવો જે ભોક્તાનો વિકારી ભાવ–તે આત્મા કહેવાતો નથી, કારણ કે તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. પર-સન્મુખ દૃષ્ટિ છોડી, સ્વસન્મુખ દૃષ્ટિ કરી પોતાના અતીન્દ્રિય આનંદ–જ્ઞાન વગેરેને ભોગવે છે તે જ આત્મા છે. સમ્યગ્દૃષ્ટિને અલ્પ હાસ્ય, રતિના ભાવ હોવા છતાં તે તરફ દૃષ્ટિ નથી. પણ સ્વભાવ-સન્મુખ રહી પોતાના જ્ઞાનસુખાદિના ભાવને ભોગવવાની જ દૃષ્ટિ મુખ્યપણે હોય છે. તેથી તે વિકારી ભાવનો ભોક્તા થતો નથી. આવા આત્માને શ્રદ્ધવો તે ધર્મ છે.

## પુણ્યનો ભોગવટો તે ચૈતન્ય શાંત અમૃતરસની મિઠાઈ છોડી, ભિખારીની જેમ એઠ ખાવા સમાન છે.

વળી, શબ્દો તો પુદ્ગલની અવસ્થા છે તેમાં ઠીક-અઠીકપણું નથી; સ્પર્શ, રસ, ગંધવાળા રૂપી પદાર્થોમાં અનુકૂળતા–પ્રતિકૂળતા છે જ નહિ. અજ્ઞાની જીવ ખાવાપીવાના પદાર્થોમાં ઠીક–અઠીક માની તેને ભોગવવાના ભાવ કરે છે પણ તે તેની ભ્રાંતિ છે. પરવસ્તુને ભોગવવાનો ભાવ તે આત્માનું સ્વરૂપ નથી. લૌકિકમાં પણ ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં જે સારી સારી ચીજો હોય તે ખાય છે પણ જે જીવ ભૂકો કે એઠું ખાય તેને ભિખારી કહેવામાં આવે છે. તેમ આત્માની ખાણમાં જ્ઞાન, આનંદ, સુખ વગેરે ચૈતન્ય–શક્તિઓ અખૂટ ભરી પડી છે, સંયોગ તથા પુણ્ય–પાપની રુચિ છોડીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની દૃષ્ટિ કરી, પોતાની ચૈતન્ય-નિધિની ખાણ જે જીવ ખોદે છે તેને તેમાંથી સ્વભાવની નિર્મળ પર્યાયરૂપી તાજી મિઠાઈઓ સમયે સમયે મળે છે ને તેને તે ભોગવે છે. તે ધર્મી જીવ ચૈતન્ય-લક્ષ્મીનો ધણી-ધનવાન કહેવાય છે. પણ જે જીવ પોતાના સ્વરૂપને ભોગવવાનું છોડી, શરીરને ભોગવું, ખાવાપીવાના વિકારી ભાવને ભોગવું, દયા-દાનાદિના પરિણામને ભોગવું-એમ પરલક્ષ કરે છે તે જીવ તીવ્ર આકુળતા ભોગવે છે. તે તાજી મિઠાઈઓ છોડીને ભિખારીની જેમ એઠ ખાવા સમાન છે. તે આત્મસ્વરૂપની લક્ષ્મીનો ધણી નથી પણ ભિખારી છે. એટલે કે મિથ્યાદૃષ્ટિ છે, તેને ધર્મ થતો નથી.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ=નહિ, લિંગ=ઇંદ્રિયો દ્વારા, ગ્રહણ=વિષયોનો ઉપભોગ. એટલે કે આત્માને ઇંદ્રિયો દ્વારા વિષયોનો ઉપભોગ નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. આ નાસ્તિથી કથન છે. અસ્તિથી આત્મા પોતાના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે નિર્મળ પર્યાયોનો ભોકતા છે-એમ નક્કી થાય છે. આમ આત્મા જે સ્વજ્ઞેય છે તેને જેમ છે તેમ શ્રદ્ધવો તે સમ્યક્ત્વ ને ધર્મનું કારણ છે.

અહો! મહા સમર્થ અમૃતચંદ્રાચાર્ય દેવે એક અલિંગગ્રહણ શબ્દમાંથી વીસ બોલ કાઢ્યા છે. બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. બાહ્ય નગ્ન દિગંબરદશા હતી ને અંતર રાગની ચીકાશના સ્વામીપણા રહિત લૂખી દશા વર્તતી હતી. ચૈતન્યદશામાં આરામ લેતાં લેતાં-ચૈતન્ય બગીચામાં રમતાં રમતાં વીસ બોલ કાઢ્યા છે.

## (૧૩) આત્મા જડ પ્રાણોથી જીવતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇંદ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પાંચ ઇંદ્રિયો, ત્રણ બલ, શ્વાસોચ્છ્વાસ અને આયુ–એ દસ પ્રાણ છે, પણ તેનાથી જીવ જીવતો નથી; કારણ કે તે દસે પ્રાણો જડ છે, ને આત્મા તો ચૈતન્ય–પ્રાણવાળો છે. જડ પ્રાણનો આત્મામાં અભાવ છે તેથી આત્મા તે જડ પ્રાણથી જીવતો નથી.

## અજ્ઞાનીની પ્રાણ સંબંધી ભ્રમણા

અજ્ઞાની માને છે કે શ્વાસ ને આયુ ટકે ત્યાંસુધી જીવ જીવે છે, મન વચન કાયા હોય તો ટકે, પાંચ ઇન્દ્રિયો સારી હોય તો જીવ ટકે, વાણી સરખી બોલાતી હોય ત્યાં સુધી જીવ કહેવાય, મન નબળું પડી ગયા પછી જીવથી કામ ઓછું થાય છે; પણ આ બધી ભ્રમણા છે. કારણ કે મન, વચન, કાયા એ બધા જડ પદાર્થો છે, તેનાથી આત્મા જીવતો નથી. વળી અજ્ઞાની માને છે કેઃ–

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર ચાર દીકરા;
ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર.

આવી રીતે અજ્ઞાની શરીર, દીકરા, સ્ત્રી તથા અનાજમાં સુખ માને છે, તે મહા ભ્રમણા છે. અહીં તો પાંચ ઇન્દ્રિયો વગેરે જડ પદાર્થોને કાઢી નાખ્યા છે, તેનાથી જીવ જીવતો નથી તો પછી દસ પ્રાણથી પ્રત્યક્ષ જુદાં એવા બાહ્ય પદાર્થો–દીકરા, નાર, અનાજ વગેરે સુખનાં કારણ ક્યાંથી હોઈ શકે? તે સુખનાં કારણ છે જ નહિ. અજ્ઞાનીઓ પૈસાને પણ પ્રાણ માને છે તે બધી સ્થૂલ ભ્રમણા છે. દસ પ્રાણ તો અજીવ તત્ત્વ છે. અજીવ તો જીવનું જ્ઞેય છે માટે અજીવ એવા દસ પ્રાણોથી જીવ જીવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મા ચેતના–પ્રાણથી જીવે છે

આ રીતે આત્મા માતા-પિતાનાં શુક્ર અને આર્તવને અનુસરીને થનારો નથી ને તે વડે ઊપજતો નથી. આત્મા દસ પ્રાણવાળો નથી વગેરે બધી વાત નાસ્તિથી કરી છે, તો પછી આત્મા કોણ છે? કેવો છે? આત્મા સદાકાળ પોતાના ચેતના–પ્રાણથી જીવે છે ને પોતાના પરમ બોધ અને આનંદને અનુસરીને થનારો છે. અનાદિકાળથી દસ પ્રાણ ઉપર તારી દૃષ્ટિ છે ને એનાથી જીવ જીવી રહ્યો છે એમ તું માને છે–તે તારી દૃષ્ટિ છોડ ને ચૈતન્ય–પ્રાણ સ્વરૂપ છો એવી દૃષ્ટિ કર.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=ઇન્દ્રિય, મન, ગ્રહણ=જીવત્વને ધારી રાખવું. એટલે કે ઇન્દ્રિય અને મન વગેરે લક્ષણ દ્વારા આત્મા જીવત્વને ધારણ કરતો નથી–એમ ભાવ સમજી સ્વજ્ઞેયનાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

## (૧૪) આત્મા જડ ઇંદ્રિયોના આકારને ગ્રહણ કરતો નથી એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગનું એટલે મેહનાકારનું (પુરુષાદિની ઇંદ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા લૌકિક સાધન માત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આ શરીરની ઇંદ્રિયોના જે આકાર દેખાય છે તેને જીવે ગ્રહ્યા નથી. પુરુષની ઇંદ્રિયની, સ્ત્રીની ઇંદ્રિયની, નપુંસકની ઇંદ્રિયની આકૃતિઓ જે દેખાય છે તે તો બધી પુદ્ગલની અવસ્થા છે. તે આકૃતિનો આત્મામાં અભાવ છે અને આત્માનો તે આકારમાં અભાવ છે. જે વસ્તુનો જેમાં અભાવ હોય તે અભાવવાળી વસ્તુને ગ્રહે એમ બની શકે જ નહિ માટે આત્મા ઇંદ્રિયોના આકારને ગ્રહતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અજ્ઞાની જીવ આત્માને લૌકિકસાધનમાત્ર માને છે.

**અજ્ઞાની** માતા કહે કે અમે દીકરાને જન્મ આપ્યો, પુરુષ કહે કે અમારે લીધે દીકરો થયો. પુત્રના શરીરમાં પુત્રના આત્માનો પણ અભાવ છે તો પુત્રના શરીરના આકારમાં માબાપ નિમિત્ત થાય, એ કેમ બને? વળી આત્મામાં ઇંદ્રિયોનો અભાવ છે, પછી નિમિત્ત થવાપણું રહેતું નથી. છતાં પુત્રનો જન્મ થતાં પિતા ફાવ્યો ને દીકરી જન્મતાં માતા ફાવી એમ ભ્રમણાથી અજ્ઞાની માને છે.

## આત્મા લૌકિકસાધનમાત્ર નથી.

ઇંદ્રિયોની સમય સમયની પર્યાયને આત્માએ ગ્રહી જ નથી. આદિમાં માબાપ હતા તો વંશ રહ્યો, એમ માનવું તે ભ્રમણા છે. પરની પર્યાય કોણ કરી શકે? કોઈ કરી શકે નહિ. શરીરના આકારની અવસ્થા તેના કારણે તથા ઇંદ્રિયોની અવસ્થા તેના કારણે થાય છે, આત્મા તેને ગ્રહતો નથી. પરજ્ઞેયની આકૃતિનો આત્મામાં અભાવ છે. તેથી આત્મા કુટુંબનો વારસો રાખે તેવો અથવા લૌકિકસાધનમાત્ર છે જ નહિ.

## આત્મા વીતરાગી પર્યાય પ્રગટાવવામાં લોકોત્તર સાધન છે.

તો પછી આત્મા કેવો છે? લૌકિક સાધન નથી, પણ લોકોત્તર સાધન છે. આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયનો (પ્રજાનો) ઉત્પાદક છે પણ સંસારની પ્રજાનો ઉત્પાદક નથી. આવી રીતે આત્મા વીતરાગી પર્યાયને જન્મ આપે છે. આવી વીતરાગી પર્યાયનું સાધન ત્રિકાળી શુદ્ધ આત્મા થયો માટે તેને લોકોત્તર સાધન કહે છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=પુરુષાદિની ઇંદ્રિયના આકાર, ગ્રહણ=પકડવું. આત્મા પુરુષાદિની ઇંદ્રિયના આકારને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રહતો નથી તેથી આત્મા લૌકિક સાધનમાત્ર નથી. આચાર્યભગવાન કહે છે કે તું જડ ઇંદ્રિયોનો આશ્રય છોડ અને ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી, તેમાં સ્થિરતા કર તો તારામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યરૂપ પર્યાય પ્રગટશે. તેથી આત્મા લોકોત્તર સાધન છે.

આ પ્રમાણે આત્મા લૌકિકસાધનમાત્ર નથી, પણ લોકોત્તર સાધન છે; એમ સ્વજ્ઞેયનાં જ્ઞાન-શ્રદ્ધાન કરવાં તે ધર્મનું કારણ છે.

## (૧૫) આત્મા લોકવ્યાપ્તિવાળો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો – લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

## અન્યમતવાળા આત્માને લોકવ્યાપ્તિવાળો માને છે.

અમુક લોકોનું માનવું છે કે આત્મા વિભાવથી છૂટો થાય એટલે કે મુક્ત થાય ત્યારે આખા લોક પ્રમાણે વ્યાપી જાય છે. જેમ પક્ષીની પાંખો તૂટી જાય ત્યારે પક્ષી ત્યાં જ પડયું રહે ને હાલે ચાલે નહિ તેમ આ આત્માની પુણ્ય-પાપરૂપી પાંખો તૂટી જાય ત્યારે તે લોકમાં વ્યાપીને પડયો રહે, તેના ઊર્ધ્વગમન સ્વભાવ વડે વ્યવહારથી ઊંચે જતો નથી એમ ઘણા પાખંડીઓ માને છે. અશુદ્ધ હોય ત્યાં સુધી મર્યાદિત ક્ષેત્રમાં રહે પણ શુદ્ધ થઈ ગયા પછી અમર્યાદિત ક્ષેત્રપ્રમાણ રહે એમ પાખંડી લોકો માને છે, પણ તે વાત ખોટી છે.

## આત્મા પોતાના અસંખ્ય પ્રદેશાત્મક ક્ષેત્રમાં જ રહે છે.

દરેક આત્મા જેમ સંસારમાં શરીર દીઠ ભિન્ન ભિન્ન રહે છે તેમ મુક્ત થયા પછી પણ ભિન્ન ભિન્ન રહે છે. તે લોકમાં વ્યાપતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, પોતાના અસંખ્ય પ્રદેશને છોડીને લોકમાં વ્યાપવું તે તેનો સ્વભાવ નથી. આત્મા શુદ્ધ થયા પછી પોતાના છેલ્લા શરીર પ્રમાણથી કિંચિત્ ન્યૂન પોતાના આકારે-નિશ્ચયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે ને ઊર્ધ્વગમન સ્વભાવના કારણે વ્યવહારથી લોકના અગ્રભાગે બિરાજે છે.

અન્યમતવાળા માને છે કે બધા થઈને એક આત્મા છે ને મોક્ષ થયા પછી જુદો આત્મા રહેતો નથી, પણ તે માન્યતા જૂઠી છે. બધા થઈને એક આત્મા થઈ જાય તો પોતાના શુદ્ધ સ્વભાવનો સ્વતંત્ર ભોગવટો રહી શકે નહિ. પ્રત્યેક આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે અનંતા ગુણોનો પિંડ છે, શરીર દીઠ ભિન્ન ભિન્ન છે. એવા અનંતા આત્મા છે, બધા થઈને એક આત્મા નથી. વળી શુદ્ધ થયા પછી નિશ્ચયથી તો પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે ને વ્યવહારે ઊર્ધ્વગમન સ્વભાવના કારણે લોકના અગ્રભાગે બિરાજે છે. તેથી અન્યમતવાળાની માન્યતા વસ્તુસ્વરૂપથી ઘણી વિપરીત છે. જીવ પોતાના અસંખ્ય પ્રદેશને કદી છોડતો નથી ને લોકમાં ફેલાઈ પરમાં વ્યાપતો નથી–એનું નામ અનેકાંત છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=અમેહનાકાર વડે, ગ્રહણ=લોકમાં વ્યાપવાપણું. એટલે કે આત્મા લોકવ્યાપ્તિવાળો નથી, એમ તું તારા સ્વજ્ઞેયને જાણ. આમ પોતાના આત્માને લોકવ્યાપ્તિવાળો નહિ પણ અસંખ્ય પ્રદેશાત્મક આકારે નિશ્ચિત રહેલો છે–એમ શ્રદ્ધા અને જ્ઞાનમાં લેવો તે ધર્મનું કારણ છે.

## (૧૬) આત્મા દ્રવ્યે કે ભાવે સ્ત્રી, પુરુષ કે નપુંસક નથી એમ તું જાણ.

જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શરીરનો આત્મામાં અભાવ છે.

ચૌદમા બોલમાં કહ્યું હતું કે પુરુષાદિની ઇન્દ્રિયનો આકાર આત્મામાં નથી. અહીં કહે છે કે સ્ત્રી, પુરુષ કે નપુંસક શરીરનો આત્મામાં અભાવ છે કારણ કે તે જડ છે, અજીવ તત્ત્વ છે, અને આત્મા તો જીવ તત્ત્વ છે.

## વેદનો વિકારીભાવ ત્રિકાળી સ્વભાવમાં નથી.

વળી પોતાનો સ્વભાવ આનંદસ્વરૂપ છે તેને ભોગવવાનું ચૂકીને પર શરીરને ભોગવવાના ભાવ થાય છે. તે ભાવવેદ રૂપ અશુભભાવ છે, તે પાપતત્ત્વ છે. આત્મા જીવતત્ત્વ છે માટે તે ભાવવેદનો ત્રિકાળી આત્મ-સ્વભાવમાં અભાવ છે. આ પ્રમાણે આત્મા દ્રવ્ય તથા ભાવ વેદોથી રહિત છે. પણ કોઈ કહે કે પુરુષ, સ્ત્રી આદિનું શરીર જે દ્રવ્ય-વેદ છે ને આત્મામાં થતા વિકારી વેદના ભાવો જે ભાવવેદ છે; તે બિલકુલ છે જ નહિ, તે તો માત્ર ભ્રમ છે–તો તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે સંસાર અવસ્થામાં પોતાનો સ્વભાવ ચૂકે છે ત્યારે કોઈ પણ ભાવવેદનો ઉદય છે ખરો ને બાહ્ય કોઈ પણ દ્રવ્યવેદ છે ખરો, પણ તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી એમ તે દ્રવ્ય તથા ભાવવેદનો સ્વભાવદૃષ્ટિએ નિષેધ કરાવે છે.

## આત્મા અવેદી છે ને તેના લક્ષે ધર્મ થાય છે.

આત્મા અવેદી છે એમ સાચું જ્ઞાન ક્યારે કર્યું કહેવાય? દ્રવ્યવેદ જે અજીવ છે તેની સામે જોયે સમકિત થશે? અથવા ભાવવેદ જે પાપતત્ત્વ છે તેની સામે જોયે સમ્યક્ પ્રતીતિ થશે?– ના. આત્મા ભાવવેદ અને દ્રવ્યવેદ વિનાનો અવેદી છે, પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ આનંદનો ભોગવનારો છે એમ સ્વદૃષ્ટિ કરે ને પર ઉપરની દૃષ્ટિ છોડે તો સમ્યગ્દર્શન થાય છે ને ધર્મ થાય છે. પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા અવેદી છે એમ શ્રદ્ધા–જ્ઞાન કર્યા પછી દ્રવ્યવેદ જે અજીવ છે તેનું જ્ઞાન કરે તો વ્યવહારે તેનું અજીવ સંબંધીનું જ્ઞાન સાચું છે. પોતાનો આત્મા અવેદી છે એમ શ્રદ્ધા–જ્ઞાન કર્યા પછી ભાવવેદ જે પોતાના અશુભ પરિણામ છે ને પાપતત્ત્વ છે એમ જ્ઞાન કરે તો વ્યવહારે પાપતત્ત્વ સંબંધીનું તેનું જ્ઞાન સાચું છે. પણ જીવતત્ત્વને યથાર્થ જાણ્યા વિના બીજાં તત્ત્વોનું જ્ઞાન સાચું થતું નથી.

## અજ્ઞાની જીવ પરને પોતાનો આધાર માને છે.

અજ્ઞાની જીવોને પોતાના અવેદી આત્માનું ભાન નથી તેથી સંયોગો તથા વિકારીભાવ ઉપર તેની દૃષ્ટિ જાય છે. બાઈઓ કહે કે અમો શું કરીએ? અમો તો અબળા છીએ માટે કોઈના આધાર વિના જીવી શકીએ નહિ. પુરુષો કહે કે અમો ઘણાને નભાવનારા છીએ, સ્ત્રી, કુટુંબ, બાળ બચ્ચાંને અમારો આધાર છે. નપુંસક કહે કે અમો તો જન્મથી જ નપુંસક છીએ, તેથી અમો શું કરી શકીએ? આમ વેદ ઉપરની સંયોગીદૃષ્ટિના કારણે પરાધીનતા કલ્પે છે તેને કદી પણ ધર્મ થતો નથી.

## નારકીમાં દ્રવ્ય અને ભાવવેદ બન્ને નપુંસક હોવા છતાં સમ્યગ્દર્શન પામી શકે છે.

જ્ઞાનીઓ કહે છે કે છોડ એ સંયોગીદૃષ્ટિને. સ્ત્રીનું, પુરુષનું કે નપુંસકનું શરીર જ તારું નથી. જ્યારે શરીર જ તારું નથી તો પછી શરીરના નિભાવ માટે તારે પર સામે જોવાનું ક્યાં રહે છે? તું તો તારાં જ્ઞાન, દર્શન વગેરે સ્વશક્તિના આધારે જીવી રહ્યો છે ને ભાવવેદના જે પરિણામ છે તે તો પાપતત્ત્વ છે, તે તારું જીવતત્ત્વ નથી; માટે તેના ઉપરની દૃષ્ટિ છોડ. દ્રવ્યવેદ અને ભાવવેદ સમ્યગ્દર્શન અથવા ધર્મને રોકતા નથી. નારકીના જીવો દ્રવ્યે તેમ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવે નપુંસકવેદી છે છતાં આત્મા ત્રિકાળ અવેદી છે એવું ભાન કરીને પુરુષાર્થી નારકીના જીવો ઘણા પ્રતિકૂળ સંયોગોમાં હોવા છતાં પણ સમ્યગ્દર્શનરૂપ ધર્મ પામી શકે છે, તો તું અહીં મનુષ્યપણામાં ધર્મ ન પામી શકે એમ બને નહિ. માટે વેદો ઉપરની દૃષ્ટિ છોડ અને અવેદી આત્મા ઉપર સ્વસન્મુખ દૃષ્ટિ કર–એમ કહેવાનો આશય છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદ, ગ્રહણ=ગ્રહવું. જેને સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદ દ્રવ્યે તેમ જ ભાવે નથી એટલે કે આત્મા અવેદી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. આત્મા તો પોતાનાં જ્ઞાન, દર્શન, સુખ વગેરેને વેદવાવાળો છે, પર શરીર તથા વિકારીભાવને વેદવાવાળો નથી– એવો તારો આત્મા જે તારું સ્વજ્ઞેય છે તેને તું જાણ.

આ પ્રમાણે સ્વજ્ઞેય એવા આત્માને શ્રદ્ધવો અને જ્ઞાનમાં લેવો તે સમ્યગ્દર્શનનું કારણ છે.

[ માહ વદ ૮, ગુરુવાર ]

આ આત્મા જેવી રીતે છે તેવી રીતે તેનું અસલી સ્વરૂપ જાણે અને માને તો ધર્મ થાય છે. તેનો અર્થ એમ થાય છે કે તેનું અસલી સ્વરૂપ અનંતકાળથી એક સેકન્ડમાત્ર પણ જાણ્યું નથી, આત્મા જેવો છે તેવો નહીં માનતાં તેની ઊલટી માન્યતા કરી છે. માટે હે જીવ! આત્માને અલિંગગ્રહણ જાણ. કોઈ પણ ઇન્દ્રિયો વડે પરને જાણે તેવો આત્મા નથી. ઇન્દ્રિયો વડે મને જ્ઞાન થાય છે એવી અનાદિથી માન્યતા કરી છે. એવી માન્યતારૂપ ભ્રમ અવસ્થામાં છે, ઇન્દ્રિયો પણ છે એમ કબૂલ કરીને એ દશા તે આત્મા નથી એમ કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વળી તે ઇન્દ્રિયોથી જણાય એવો નથી, પણ અતીંદ્રિય જ્ઞાન-સ્વભાવી છે એમ કહ્યું છે. ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે એવો ભ્રમ છે, પણ ઇન્દ્રિયોથી ખરેખર આત્મા સ્વ–પરને જાણતો નથી. બધા બોલમાં વ્યવહાર બતાવી, તેનો નિષેધ કરાવી જ્ઞાન કરાવ્યું છે.

## આત્મા દ્રવ્ય તથા ભાવવેદથી રહિત છે.

સોળમો બોલ ફરીથી કહેવામાં આવે છે. આત્માને લિંગોનું એટલે કે સ્ત્રી–પુરુષ વેદોનું ગ્રહણ નથી, સ્ત્રી–પુરુષોના આકાર આત્મામાં નથી. વ્યવહારે શરીર સ્ત્રી–પુરુષના આકારરૂપે સંયોગે હોય છે પણ તે આત્મામાં નથી. વળી સ્ત્રી કે પુરુષ વેદનો ભાવ ઔપાધિકભાવ છે પણ તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી, તે એક સમય પૂરતી અવસ્થા છે; માટે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વ-ભાવને છોડી એના જેટલો આત્માને માનવો તે પર્યાયબુદ્ધિ છે, ભ્રમણા છે, અજ્ઞાન છે. પુરુષાદિના આકારને આત્મા માનવો તે જડને જીવ માનવા બરાબર છે ને ભાવવેદને આત્મા માનવો તે પાપ તત્ત્વને જીવતત્ત્વ માનવા બરાબર છે. અજીવને જીવ માનવો તથા પાપને જીવ માનવો તે અધર્મ છે. પણ શરીરો તથા ભાવવેદથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે. લ્યો, આ જીવનકલા છે. સુખી જીવન કેમ જીવવું તેની આ ચાવી છે.

## (૧૭) આત્મા બાહ્ય ધર્મચિહ્નોને ગ્રહતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગોનું એટલે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

શરીરની નગ્ન દિગંબર દશા તે ધર્મનું ચિહ્ન નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવું ભાન થયા પછી સ્વભાવમાં વિશેષ સ્થિરતા થવી તે અંતર મુનિદશા છે ને અંતર નિર્ગ્રંથદશા પ્રગટે છે ત્યારે બાહ્યમાં વસ્ત્ર આદિ હોતાં નથી અર્થાત્ શરીરની નગ્ન દિગંબર દશા હોય છે તથા મોરપીછ અને કમંડળ હોય છે. બાહ્યમાં નગ્નદશા હોતી જ નથી એમ કોઈ માને તો તે સ્થૂળ ભૂલ છે.

૨. પણ તે બાહ્ય નિમિત્ત-મોરપીછ આદિ તથા શરીરની નગ્નદશા વગેરેનો આત્મામાં અભાવ છે. તેને આત્મા ગ્રહણ કરતો નથી કારણ કે તે જડપદાર્થો છે, તે તેના કારણે હોય છે. તેને લેવા–મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી.

૩. વળી તે નગ્નદશા, મોરપીછ, કમંડળ વગેરે છે માટે મુનિનું મુનિપણું ટકેલ છે એમ પણ નથી, કારણ કે અંતર ભાવલિંગી દશા તે મુનિપણું છે.

આ પ્રમાણે વ્યવહારે બાહ્ય સંયોગનું જ્ઞાન કરાવીને તે વ્યવહારનો નિશ્ચયમાં અભાવ વર્તે છે, એમ કહે છે. હું શરીરની અવસ્થા કરી શકું છું, દિગંબર છું, મુનિપણાની અવસ્થા જેટલો જ છું એમ મુનિ કદી માનતા નથી; છતાં અંતર મુનિદશા વર્તે છે ત્યારે શરીરની અવસ્થા શરીરના કારણે નગ્ન હોય છે.

## શરીરની નગ્નદશા આત્માથી થાય છે એમ માનનાર જીવ મુનિ નથી પણ મિથ્યાદષ્ટિ છે.

જે જીવ એમ માને કે શરીરની નગ્નદશા મેં કરી, ઇચ્છાથી મેં વસ્ત્ર કાઢી નાખ્યું–એમ શરીર અને વસ્ત્રની ક્રિયાનો જે ધણી થાય છે તે સ્થૂલ મિથ્યાદષ્ટિ છે. અંતરંગમાં ત્રણ પ્રકારના કષાય રહિત વીતરાગી રમણતા થાય ત્યારે જડની નગ્નદશા તેના કારણે હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે; એવું ભાન જેને નથી ને પર પદાર્થોની ક્રિયા થાય છે તેનો કર્તા-હર્તા થાય છે તે મૂઢ છે, અજ્ઞાની છે, તેને આત્માના ધર્મની ખબર નથી. પર વસ્તુનાં ગ્રહણ-ત્યાગનો ભાવ એ જ અધર્મભાવ છે. ત્યારે કોઈ પ્રશ્ન કરે કે બાહ્ય લિંગની ધર્મ માટે જરૂર નથી તો ગમે તે બાહ્ય લિંગ હોય તો પણ ધર્મ થાય-એમ કોઇ કહે તો તે માન્યતા પણ ઘણી જ ભૂલભરેલી છે. ગમે તે લિંગ હોય ને કેવળ-જ્ઞાન થાય, તથા મુનિ હોય ને વસ્ત્રપાત્ર રાખે ને તે દશામાં પણ કેવળજ્ઞાન પામે એમ માનનાર તો ઘણી સ્થૂળ ભૂલમાં છે. તે તો બાહ્યથી પણ મુનિ નથી. પહેલાં વ્યવહાર સાબિત કર્યો છે. તેટલો વ્યવહાર કબૂલ રાખવો પડશે કે મુનિદશા હોય ત્યારે નગ્નદશા જ હોય ને બાહ્ય ઉપકરણ તરીકે મોરપીછ, કમંડળ સિવાય બીજું કાંઇ હોય નહિ. એટલું કબૂલ રાખ્યા પછી અહીં તો એમ કહે છે કે એનાથી આત્મા ઓળખાતો નથી.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=બાહ્ય ધર્મચિહ્નો, ગ્રહણ=ગ્રહણ. એટલે કે આત્મા બાહ્ય ધર્મચિહ્નોને ગ્રહતો નથી, પણ શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ગ્રહે તેવો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. એવા તારા સ્વજ્ઞેયને તું જાણ ને શ્રદ્ધા કર એમ આચાર્ય ભગવાન કહે છે. ને તે સમ્યગ્દર્શનનું કારણ છે.

## (૧૮) તારો અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા વસ્તુ છે. તે અનંત ગુણનો પિંડ છે. તે એકલા જ્ઞાન-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણવાળો નથી. અભેદ આત્મા ગુણના ભેદને સ્પર્શે તેવો નથી.

૧. આત્મા મન, વાણી, દેહને સ્પર્શતો નથી કારણ કે તે તો જડ છે, તેનો આત્મામાં અભાવ છે. જે વસ્તુ પૃથક્ હોય તેને કેમ અડે? પૃથક્‌ને અડે તો આત્મા અને શરીર એક થઈ જાય પણ એમ કદી બનતું નથી.

૨. આત્મા જડકર્મ–જ્ઞાનાવરણીયઆદિને સ્પર્શતો નથી કારણ કે તે બધાં રૂપી છે, તેનો અરૂપી આત્મામાં અભાવ છે. અજ્ઞાનીનો આત્મા પણ કોઈ દિવસે કર્મને અડયો જ નથી, કારણ કે આત્માને અને કર્મને અત્યંત અભાવ વર્તે છે.

૩. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પોતાની એક સમયની પર્યાયમાં પુણ્યપાપના વિકારી ભાવ થાય છે તેને ત્રિકાળી સ્વભાવ કદી સ્પર્શ્યો જ નથી. આખી ચીજ જો વિકારને સ્પર્શે તો ત્રિકાળી સ્વભાવ વિકારમય થઈ જાય અને તેમ થાય તો વિકાર રહિત થવાનો અવસર કદી આવે નહિ.

૪. અહીં તો આથી વિશેષ વાત કહેવાની છે. આત્મામાં જ્ઞાનાદિ અનંત ગુણો છે. જ્ઞાનગુણ, દર્શનગુણ એવા ગુણભેદ આત્મામાં છે ખરા, છતાં અનંત ગુણનો એકપિંડરૂપ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી. હું જ્ઞાનનો ધરનાર છું ને જ્ઞાન મારો ગુણ છે, એવા ગુણ–ગુણીના ભેદને અભેદ આત્મા સ્વીકારતો નથી. અભેદ આત્મા ભેદને સ્પર્શે તો તે ભેદરૂપ થઈ જાય, ભેદરૂપ થઈ જતાં અભેદ થવાનો પ્રસંગ કદી આવે નહિ. અને અભેદ માન્યા વિના કદી પણ ધર્મ થતો નથી.

જુઓ, આ સમ્યગ્દર્શનનો વિષય કેવો હોય તેની વાત ચાલે છે. સમ્યગ્દર્શનનો વિષય આત્મા અભેદ એકરૂપ કેવો છે તે યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણે નહિ તો તે જ્ઞાન વિના બાળતપ અને બાળવ્રત કાર્યકારી થતાં નથી. ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવે પોતાના કેવળજ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ જેવું જોયું એવું તેમની વાણી દ્વારા આવ્યું ને તે પ્રમાણે કુંદકુંદાચાર્ય ભગવાને વસ્તુસ્વરૂપને જાણી–અનુભવીને આ મહાન રચના કરી છે. તે માન્યે સમ્યગ્દર્શન થાય છે. લોકો બાહ્યમાં આ કરું ને તે કરું એમ બાહ્ય પદાર્થોમાં ને ક્રિયામાં ધર્મ માને છે. જેને વસ્તુસ્વભાવની ખબર નથી તેને ધર્મ કદી પણ થાય નહિ.

## સમ્યગ્દર્શનનો વિષય–શુદ્ધ એકાકાર, અભેદ આત્મા છે.

સમ્યગ્દર્શનના વિષયભૂત આત્મા કેવો છે? તે જેવો છે તેવો જાણે તો ધર્મ થાય. કોઈ જીવ સાકરને અફીણ માને તો તેનું સાકરનું જ્ઞાન સાચું કહેવાય? અથવા સાકર અને અફીણ બેને એક જ પદાર્થ માને તો તેનું સાકરનું જ્ઞાન સાચું કહેવાય? અને સાકર ઉપર જે મેલ છે તેને સાકરનું સ્વરૂપ માને તો સાચું જ્ઞાન કહેવાય?–કે ના. તે સાચું જ્ઞાન કહેવાતું નથી. સાકર તે સાકર છે, અફીણ નથી; બન્ને જુદા છે. સાકર ઉપરનો મેલ તે પણ સાકરનું સ્વરૂપ નથી. તેમ શરીરને આત્મા માને તો આત્માનું જ્ઞાન સાચું થતું નથી, આત્મા અને શરીર બન્નેને એક માને તોપણ આત્માનું જ્ઞાન સાચું થતું નથી, આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર છે તેને પોતાનું ત્રિકાળી સ્વરૂપ માને તો પણ આત્માનું જ્ઞાન સાચું થતું નથી. શરીર–મન–વાણી રહિત, વિકલ્પ રહિત ને ગુણભેદરહિત એકાકાર અભેદ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

અહીં વીસેય બોલમાં પહેલાં વ્યવહાર સાબિત કરતા જાય છે ને તે પછી વ્યવહારનો નિષેધ કરી નિશ્ચયનું જ્ઞાન કરાવેલ છે. વ્યવહાર એકલો કબૂલ રાખે ને તેમાં અટકી જાય તો પણ ધર્મ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગુણભેદ હોવા છતાં આત્મા ગુણભેદને સ્પર્શતો નથી.

અહીં ૧૮મા બોલમાં વ્યવહાર સાબિત કરીને નિષેધ કરાવેલ છે, જે વસ્તુ હોય તેનો નિષેધ કરાય પણ જે ન હોય તેનો નિષેધ શું થાય?

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વચ્છત્વ, વિભુત્વ વગેરે અનંત ગુણો આત્મામાં છે. આવા ગુણભેદ છે જ નહિ એમ કોઈ માને તો તેની વ્યવહારશ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. એક ગુણ તે બીજો ગુણ નથી–એમ ગુણભેદ છે, છતાં તેમાં જીવ અટકે તો ધર્મ થતો નથી. ગુણભેદમાં આત્મા એકાકાર થાય તો આત્માનું એકપણું ભિન્ન રહેતું નથી. આત્મા ત્રિકાળી ગુણનો પિંડ છે. તે સામાન્ય છે ને દર્શન, જ્ઞાન વગેરે ગુણો તે વિશેષ છે. સામાન્ય તે વિશેષને સ્પર્શતું નથી, સામાન્ય તે સામાન્યમાં છે, વિશેષ વિશેષમાં છે. સામાન્યમાં વિશેષ નથી, વિશેષમાં સામાન્ય નથી. સામાન્ય એવો આત્મા વિશેષ એવા જ્ઞાનગુણને સ્પર્શે તો સામાન્ય અને વિશેષ એક થઈ જાય, બંને પૃથક્ રહેતાં નથી. અનંતા ગુણોના સમૂહરૂપ એકાકાર આત્મા એકલા જ્ઞાનગુણને સ્પર્શ્યો નથી. અહીં શુદ્ધ દ્રવ્યની શ્રદ્ધા કરાવવી છે. શરીર નહિ, કર્મ નહિ, વિકાર નહિ, ગુણભેદ નહિ–એવા અભેદ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે.

શુદ્ધ દ્રવ્ય એકરૂપ છે, તે જો ગુણભેદને સ્પર્શે તો દ્રવ્ય શુદ્ધ રહેતું નથી. ગુણભેદ છે તેનો નિષેધ કરાવે છે. ગુણભેદ બિલકુલ ન હોત તો નિષેધ કરવાપણું રહેત નહિ, સામાન્ય તે વિશેષમાં આવી જાય તો સામાન્ય પદાર્થ એકરૂપ રહેતો નથી માટે અહીં કહ્યું છે કે સામાન્ય સ્વભાવ જ્ઞાનગુણને સ્પર્શ્યો નથી. આ જ્ઞાનગુણ છે ને આત્મા જ્ઞાનગુણનો ધરનાર છે એવા ભેદના વિકલ્પથી ધર્મ થતો નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આત્મા અખંડ જ્ઞાતા એકાકાર છે તેની શ્રદ્ધા કરવાથી ધર્મ થાય છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=ગુણ, ગ્રહણ=પદાર્થજ્ઞાન તે જેને નથી એવો આત્મા છે એટલે કે આત્મા ગુણ-વિશેષથી નહીં સ્પર્શાએલું એવું શુદ્ધ દ્રવ્ય છે. આ બોલથી જ્ઞાનગુણ અને જ્ઞાનનો ધરનાર આત્મા ગુણી એવા ગુણગુણી ભેદનો નિષેધ કરાવી એકાકાર આત્માની શ્રદ્ધા કરાવે છે.

ગુણભેદ રહિત આત્મા તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ-એમ આચાર્ય ભગવાન કહે છે. આવી રીતે સ્વજ્ઞેયનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે.

## (૧૯) તારો નિત્ય આત્મા અનિત્ય નિર્મળ પર્યાયને પણ સ્પર્શતો નથી-એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્મા પર્યાય-વિશેષથી નહીં આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

નિર્મળ પર્યાયને નહીં અડતો આત્મા શુદ્ધ દ્રવ્ય છે. ૧૮મા બોલમાં 'અર્થાવબોધ' શબ્દ વાપરેલ હતો અને કહ્યું હતું કે ગુણભેદ હોવા છતાં અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એમ ગુણ-ભેદનો નિષેધ કરાવી અભેદ આત્માની શ્રદ્ધા કરાવી હતી. અહીં એમ કહે છે કે સાધકદશામાં સમ્યગ્જ્ઞાનની નિર્મળ પર્યાયને અથવા કેવળજ્ઞાન વખતે કેવળજ્ઞાનની પૂરી નિર્મળ પર્યાયને આત્મા ચૂંબતો નથી, અડતો નથી, સ્પર્શતો નથી. દ્રવ્ય પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેટલું જ નથી એમ કહીને પર્યાય-અંશ ઉપરનું લક્ષ છોડાવવું છે અને અંશી દ્રવ્યની શ્રદ્ધા કરાવવી છે.

આત્મા સામાન્ય એકરૂપ છે તે સમયસમયની પર્યાયમય થઈ જાય તો દ્રવ્ય અને પર્યાય બે ભિન્ન રહેતાં નથી અને પર્યાય જેમ ક્ષણિક છે તેમ દ્રવ્ય પણ ક્ષણિક થઈ જાય, એટલે કે દ્રવ્ય અનાદિ-અનંત રહે નહિ.

પ્રવાહરૂપે અનાદિના જે વિકારી પરિણામ તેં કર્યાં છે તેને તો આત્મા કદી અડ્યો નથી, સ્પર્શ્યો નથી, એકરૂપ થયો નથી. અજ્ઞાની ભલે માને કે હું આખો વિકારી થઈ ગયો પરંતુ તેનો આત્મા પણ ઊંધી માન્યતા વખતે દ્રવ્યદૃષ્ટિએ તો વિકાર રહિત જ છે કારણ કે શુદ્ધ દ્રવ્ય જો વિકારમય થઈ જાય તો વિકાર રહિત થવાનો કદી પ્રસંગ બને નહિ, અહીં તો એ વાત જ નથી.

અહીં તો એથી પણ આગળ વાત કહેવી છે કે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે પર્યાયને પણ આત્મા સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી; પરંતુ આત્મા નિત્ય શુદ્ધ દ્રવ્ય છે. આવો તારો જ્ઞેય સ્વ-ભાવ છે. જેવો જ્ઞેય સ્વભાવ છે તેવો જાણ તો સમ્યક્‌દર્શન-જ્ઞાન પ્રગટે. આવી અપૂર્વ વાત અનંતકાળે શ્રવણ કરવા મળે છે. યથાર્થ સમજણ કરીને સમ્યક્ પ્રતીતિ કરે તો ધર્મ થાય, પણ જેને આ વાત સાંભળવા પણ મળી નથી તેને તો ધર્મ ક્યાંથી થાય? ન જ થાય.

**પ્રશ્ન:** દ્રવ્ય પર્યાયને અડતું નથી એમ કહો છો તો શું દ્રવ્ય પર્યાય વિનાનું હશે?

**ઉત્તર:** દ્રવ્ય સામાન્ય નિશ્ચયથી તો પર્યાય વિનાનું છે. દ્રવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્ય અને પર્યાય વિશેષ–બે થઈને આખું દ્રવ્ય થાય તેવો દ્રવ્યનો અર્થ અહીં લેવો નહિ. અહીં **શુદ્ધ દ્રવ્યનો અર્થ સામાન્ય સદૃશ એકરૂપ ત્રિકાળી સ્વભાવ લેવો.** દ્રવ્ય તે સામાન્ય છે, પર્યાય તે વિશેષ છે. સામાન્યમાં વિશેષનો અભાવ છે. અભાવ કહેતાં જ જે ત્રિકાળી સ્વભાવ છે તે એક સમયની પર્યાયને અડતો નથી એમ નક્કી થાય છે.

શુદ્ધ સ્વભાવી દ્રવ્ય તે નિત્ય છે ને નિર્મળ પર્યાય તે એક સમયની–અનિત્ય છે. નિત્ય એવું શુદ્ધ દ્રવ્ય અનિત્ય એવા સમ્યગ્જ્ઞાનની અથવા કેવળજ્ઞાનની પર્યાયને નિશ્ચયથી અડે તો દ્રવ્ય નિત્ય રહેતું નથી અર્થાત્ દ્રવ્ય ક્ષણિક થવાનો પ્રસંગ આવે છે; પણ તેમ બનતું નથી.

**અનિત્ય પર્યાય ઉપરનું લક્ષ છોડ ને નિત્ય દ્રવ્યનું લક્ષ કર.**

જેમ ૧૮મા બોલમાં કહ્યું હતું કે અભેદ આત્મામાં ભેદનો અભાવ છે તેથી અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી, તેમ અહીં નિત્ય જ્ઞાનાનંદ શુદ્ધસ્વભાવી આત્મા જે ત્રિકાળી છે તે એક સમયની અનિત્ય નિર્મળ પર્યાયને સ્પર્શતો નથી–એમ કહી નિર્મળ પર્યાય જે અનિત્ય છે તેના ઉપરનું લક્ષ છોડાવી નિત્ય દ્રવ્ય જે શુદ્ધ એકરૂપ અભેદ પડ્યું છે તેના ઉપર દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. નિર્મળ પર્યાય જેટલો તારો આત્મા નથી, તું તો ત્રિકાળી શુદ્ધ છો. તે ઉપર લક્ષ કર તો સમ્યગ્દર્શન થશે ને નિત્યના લક્ષે જ નિર્મળતા વધીને પરિપૂર્ણ નિર્મળતા થશે એમ કહેવાનો આશય છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=પર્યાય, ગ્રહણ=જ્ઞાનની નિર્મળ પર્યાય–તે જેને નથી એટલે કે શુદ્ધ દ્રવ્ય જ્ઞાનની એક સમયની નિર્મળ પર્યાય જેટલું જ નથી પણ નિત્ય સદૃશ સામાન્ય એકરૂપ છે એમ તું સ્વજ્ઞેયને જાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી રીતે સ્વજ્ઞેયનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

## (૨૦) શુદ્ધ પર્યાયની અનુભૂતિ તે જ આત્મા છે-એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધપર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્જ્ઞાનનો પર્યાય ત્રિકાળી જ્ઞાનગુણને સ્પર્શતો નથી, એમ અહીં કહેવું છે. લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ, ગ્રહણ એટલે અર્થાવબોધ સામાન્ય એટલે ત્રિકાળી જ્ઞાનગુણ, પ્રત્યભિજ્ઞાન એટલે કે આ તે જ છે એવું જે ભૂત-વર્તમાનની સંધિવાળું જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાન છે. પૂર્વની સ્મૃતિ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. એવા પ્રત્યભિજ્ઞાનનું કારણ સામાન્ય ત્રિકાળી ગુણ છે. આત્મા તે સામાન્ય ત્રિકાળી ગુણને નહિ સ્પર્શતો એવો શુદ્ધપર્યાય છે-એમ કહેવું છે.

સમ્યગ્જ્ઞાનની પર્યાય જે છે તે શરીરને લીધે નથી, શુભભાવને લીધે નથી, તેમ જ ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્ય જે શક્તિરૂપ છે તેને લીધે પણ નથી. જો તે પર્યાય દ્રવ્યને લીધે છે એમ કહો તો પર્યાયનું 'છે પણું' રહેતું નથી, અહેતુક સત્‌પણું રહેતું નથી.

૧૮ મા બોલમાં કહ્યું હતું કે આત્મદ્રવ્ય સામાન્ય અભેદ છે, તે ગુણભેદ-વિશેષને સ્પર્શતું નથી. ૧૯ મા બોલમાં કહ્યું હતું કે આત્મદ્રવ્ય સામાન્ય તે પર્યાયના ભેદ-વિશેષને સ્પર્શતું નથી. ૨૦ મા બોલમાં એનાથી ઝીણી વાત છે. સાધકદશામાં જે સમ્યગ્જ્ઞાનની પર્યાય છે અથવા મોક્ષમાં કેવળજ્ઞાનની જે પર્યાય છે તે વિશેષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે વિશેષ, શુભભાવ અથવા શરીરના આધારે તો નથી જ, પણ તે ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્ય એકરૂપ છે તેને લીધે પણ નથી. શુદ્ધ પર્યાય જે વિશેષ છે તે સામાન્યના આધારે પ્રગટે એમ માનવામાં આવે તો વિશેષ જે નિરપેક્ષ તત્ત્વ છે તેની સ્વાધીનતા રહેતી નથી, પરાધીન થઈ જાય છે, ને અનિત્યસત્ શુદ્ધપર્યાય જે 'છે' તે 'છે'-નો અભાવ થઈ જાય છે માટે શુદ્ધપર્યાય જે છે તે ધ્રુવ સામાન્યને અડતી નથી-સ્પર્શતી નથી-ચૂંબતી નથી. સ્વતંત્ર અનુભવની પર્યાય સામાન્ય દ્રવ્યને અડતી નથી કેમ કે પર્યાય દ્રવ્યને નિશ્ચયથી અડે તો બંને એક થઈ જાય.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શુદ્ધપર્યાય 'છે' એમ કહીને પર્યાયનો આશ્રય તો કરાવવો નથી ને?

**ઉત્તર** : ના, પર્યાયનો આશ્રય કરાવવો નથી. નિર્વિકારી પર્યાય જે વિશેષ છે તે સામાન્યના આધારે નથી એમ કહેવું છે. નિરપેક્ષતા સાબિત કરવી છે.

નિર્વિકારી જ્ઞાનપર્યાય સામાન્ય જ્ઞાનગુણને અડતી હોય તો સામાન્ય અને વિશેષ એક થઈ જાય, જુદાં રહે નહિ. નિર્વિકારી પર્યાયમાં ધ્રુવસામાન્યનો અભાવ છે. તેથી આત્મા, દ્રવ્યથી નહિ આલિંગિત એવો, શુદ્ધ પર્યાય છે.

## શુદ્ધ પર્યાય અહેતુક છે.

એક તરફ ત્રિકાળી સામાન્ય જ્ઞાનગુણ છે, બીજી તરફ જ્ઞાનની નિર્મળ પર્યાય છે, બન્ને એકી સમયે છે, સમયભેદ નથી. એક સમયની પર્યાયમાં ત્રિકાળી ગુણનો અભાવ છે. આ રીતે શુદ્ધ પર્યાય અહેતુક છે, અકારણીય છે, તેને કોઈ કારણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧. વીતરાગી નિમિત્તો મળ્યાં માટે શુદ્ધ પર્યાય પ્રગટી, એમ કોઈ કહે તો તે સ્વતંત્ર રહેતી નથી, પરાધીન થઇ જાય છે.

૨. શુભરાગ તે વ્યવહાર છે માટે તેને લીધે શુદ્ધ પર્યાય પ્રગટી એમ કોઇ કહે તો પણ તે સ્વતંત્ર રહેતી નથી, પરાધીન થઇ જાય છે.

૩. ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્ય છે માટે સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટી એ પણ બરાબર નથી કારણ કે એમ હોય તો શુદ્ધ પર્યાય 'છે' એમ રહેતું નથી. શુદ્ધ પર્યાય સ્વતંત્ર સત્ અહેતુક છે એમ અહીં કહેવું છે.

૪. વેદન—જાણવું તો પર્યાયમાં જ છે, અપ્રગટ શક્તિરૂપ ત્રિકાળી સામાન્યને કોઈ વેદન, ક્રિયા વા જાણવું નથી—એમ પર્યાય સતમાં આત્મા જાગ્યો ત્યારે તે શુદ્ધ પર્યાયને આત્મા કહ્યો.

જે શુદ્ધ પર્યાયનો અનુભવ કરે છે તે આત્મા છે, જે રાગનો અનુભવ કરે છે તે આત્મા નથી. નિમિત્ત, વિકલ્પ અને ભેદ ઉપરની દ્રષ્ટિ છૂટી, ચિદાનંદ સ્વભાવની દ્રષ્ટિ થઈ તે સંવર-નિર્જરાની અનુભૂતિરૂપ શુદ્ધ પર્યાય થઇ તે જ આત્મા છે—એમ સ્વજ્ઞેયને જાણ.

આમ સ્યાદ્વાદ સહિત સ્વજ્ઞેયને યથાર્થ જાણવું તે ધર્મનું કારણ છે.

[ માહ વદ ૯ શુક્રવાર ]

આજે આ ૧૮–૧૯–૨૦ બોલ ફરીથી લેવાય છે.

## (૧૮) આત્મા ગુણભેદથી નહિ સ્પર્શાયેલ એવું શુદ્ધ દ્રવ્ય છે—એમ સ્વજ્ઞેયને જાણ.

આ આત્મા કેવો છે કે જે જાણ્યે ધર્મ થાય? ધર્મ કરનારો આત્મા છે. ધર્મ કરનારમાં શાંતિ છે કે બહારથી આવે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરનાર કહો કે ધર્મરૂપે થનાર કહો–એક જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે ધર્મ છે. આત્માને જાણવાથી અવિકારી પરિણામ થાય અર્થાત્ ધર્મ થાય. હે શિષ્ય! તું આત્માને અલિંગગ્રહણ જાણ. કોઈ ચિહ્ન દ્વારા તે ઓળખી શકાય એવો નથી. ૨૦ પ્રકાર જે કહ્યા છે તેવો આત્માને જાણ તો તેના લક્ષે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય તેમ છે.

પાંચ લાખ રૂપિયા કેવી રીતે પેદા થાય તેની રીત કોઈને બતાવવામાં આવે તો કેવી ગરજથી સાંભળે છે? તે રૂપિયા તો જડ છે. તેને મીઠા માની મમતા કરે છે. તે મમતા પૈસામાં નથી તેમ જ આત્મામાં પણ નથી. અજ્ઞાની જીવ મમતા નવી ઊભી કરે છે. આત્મવસ્તુમાં કૃત્રિમતા નથી, કૃત્રિમતા નવી નવી ઊભી કરે છે. તેને ટાળી સ્વભાવ સન્મુખ થવાથી સમકિતની નવી પર્યાય પ્રગટ થાય છે. કેવા ચૈતન્ય સ્વરૂપ આત્મા ઉપર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય તેમ છે? આત્મા કોણ છે? તે આ બોલમાં કહે છે.

હે ભવ્ય! તું આત્માને અલિંગગ્રહણ જાણ એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. આ ૧૮મા બોલમાં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=ગુણ, ગ્રહણ=અર્થાવબોધ અથવા જ્ઞાન. લિંગ અને ગ્રહણના અર્થો જુદા પાડયા છે. જુઓ, લિંગનો અર્થ તો ગુણ કહ્યો છે પણ તે ગુણ તો સામાન્ય થયા. ગુણ તો ઘણા છે, તેમાંથી કયો ગુણ?–તો કે જ્ઞાનગુણ. ગ્રહણ શબ્દમાંથી જ્ઞાનગુણ કાઢેલ છે. એટલે આત્મા કે જેને જ્ઞાન ગુણ નથી એટલે કે જેમાં જ્ઞાન ગુણ અને આત્મા ગુણી એવો ભેદ નથી તે આત્મા શુદ્ધ દ્રવ્ય છે.

૧. શરીર–મન–વાણીની ક્રિયા તો આત્મામાં નથી કારણ કે તે તો અજીવ પદાર્થ છે, માટે તેના લક્ષે ધર્મ થઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. દયા, દાન, કામ, ક્રોધ આદિના ભાવો તે ઔપાધિકભાવ છે, કૃત્રિમ છે; તે વસ્તુસ્વરૂપમાં નથી માટે તેના લક્ષે ધર્મ થાય નહિ.

૩. આત્મા અનંતગુણરૂપ એક અભેદ વસ્તુ છે. તે અભેદ વસ્તુમાં આ જ્ઞાન ગુણ છે એવો ભેદ પાડે તો વસ્તુ અભેદ રહેતી નથી. એવા ભેદને લક્ષે પણ ધર્મ થતો નથી તેથી અહીં કહે છે કે અભેદ આત્મા એક જ્ઞાનગુણને સ્પર્શતો નથી એમ તું આત્માને જાણ.

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય આત્મપદાર્થ કેવો છે કે જેની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય? સમ્યગ્દર્શન એટલે પ્રથમ ધર્મ-અનાદિકાળથી નહિ થયેલો અપૂર્વ સમ્યગ્દર્શનરૂપી ધર્મ, કેવા આત્માને શ્રદ્ધામાં લેવાથી થાય?

## આત્મસ્વરૂપથી વિપરીત માન્યતાવાળો અજૈન છે –મિથ્યાદ્રષ્ટિ છે.

૧. આત્મામાં પર વસ્તુનો તો અભાવ છે, માટે જે જીવ આત્માને શરીરવાળો કે કર્મવાળો માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

૨. વળી આત્મામાં શુભાશુભ પરિણામ થાય છે તે પુણ્ય–પાપ તત્ત્વ છે, આસ્રવ તત્ત્વ છે, તેને જીવતત્ત્વ માને તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

૩. આત્મા એક અભેદ વસ્તુ છે તેમાં આ જ્ઞાનગુણ છે ને આ જ્ઞાનગુણનો ધરનાર ગુણી છે એવા ભેદ પાડીને તેમાં અટકે તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

તેથી આ બોલમાં કહે છે કે અભેદ આત્મા જ્ઞાનગુણને સ્પર્શતો નથી, આલિંગતો નથી, અડતો નથી, તે એકરૂપ શુદ્ધ અસંગી તત્ત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શરીર-મન-વાણી-વિનાનો કર્મ વિનાનો; શુભાશુભ પરિણામ જેટલો નહિ તેમ જ ગુણભેદમાં અટકે તેવો પણ નહિ; શુદ્ધ અભેદ એકાકાર પરિપૂર્ણ આત્મા છે તેને દૃષ્ટિમાં લેવો-શ્રદ્ધામાં લેવો તે સમ્યક્‌દર્શન છે.

## પરના અભાવસ્વભાવવાળો આત્મા.

૧. શરીર, મન, વાણી, કર્મ, જડ ચીજો તથા બીજા આત્માઓ-તે બધાનો આ આત્મામાં અભાવ છે એટલે કે તે તેનાથી અભાવ-સ્વભાવવાળો છે.

૨. પુણ્ય-પાપના ભાવો ત્રિકાળી સ્વભાવમાં નથી માટે આત્મા તેનાથી અભાવ-સ્વભાવવાળો છે. આત્માને વિકારવાળો માનવાથી સાચી શ્રદ્ધા થતી નથી.

૩. સામાન્યમાં વિશેષનો અભાવ છે. નિશ્ચયથી સામાન્ય પદાર્થ વિશેષને સ્પર્શે તો સામાન્ય અને વિશેષ એક થઈ જાય. સામાન્ય-વિશેષના ભેદ રહિત અભેદ એકાકાર આત્મા તે શુદ્ધ દ્રવ્ય છે.

આ ગાથામાં લિંગનો અર્થ ગુણ કર્યો છે. પણ ગુણો તો ઘણા છે તેથી ગ્રહણ શબ્દનો અર્થ જ્ઞાન કર્યો છે. અભેદ આત્મા જ્ઞાન-ગુણને સ્પર્શતો નથી.

અનાદિથી અજ્ઞાની જીવ માને છે કે એક શરીર બીજા શરીરને અડે છે, એક આત્મા શરીરને અડે છે, કર્મને અડે છે અને બીજા આત્માને અડે છે, ત્રિકાળી સ્વભાવ વિકારને અડે છે અને ગુણભેદને અડે છે પણ આ બધી માન્યતા ભૂલભરેલી છે. એકનો બીજામાં અભાવ હોવાથી એક બીજાને પરમાર્થે અડતું નથી.

આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે. વસ્તુ અભેદ છે તેમાં ગુણ-ગુણીના ભેદ પડતા નથી. સમ્યક્-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શનનો વિષય આખો આત્મા છે–એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા અભેદ–એકરૂપ વસ્તુ છે, તે જ્ઞાનવિશેષને અડતો નથી. તેને જાણ્યા વિના ધર્મ થાય નહિ. ધર્મ ધર્મીમાંથી આવે છે. અભેદ એકરૂપ આત્માની શ્રદ્ધા કરવાથી નવી ધર્મપર્યાય પ્રગટે છે.

## ત્રિકાળી અભેદ સ્વભાવમાં જ્ઞાનાદિ ગુણભેદનો અભાવ છે.

અભેદ આત્મા જ્ઞાનાદિ ગુણભેદને સ્પર્શતો નથી અને આખા દ્રવ્યમાં જ્ઞાનગુણના ભેદનો અભાવ છે. જે વસ્તુ હોય તેમાં કોઈ પ્રકારે અભાવ બતાવાય. જો વસ્તુ ન જ હોય તો અભાવ બતાવી શકાય નહિ. માટે આત્મામાં જ્ઞાન આદિનો ગુણભેદ છે, ગુણભેદ જ કોઈ ન માને તો તેનો વ્યવહાર જ સાચો નથી. ભેદ અને અભેદરૂપ વસ્તુ એકી સમયે છે. એમ વ્યવહારે જ્ઞાન કરાવ્યા પછી અભેદ દ્રવ્યમાં જ્ઞાન-ગુણના ભેદનો અભાવ બતાવાય છે. ભેદના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી પણ અભેદના લક્ષે સમ્યક્દર્શન થાય છે.

આ પ્રમાણે ગુણભેદથી નહિ સ્પર્શાયેલો અભેદ આત્મા તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ. આમ શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ધર્મ થાય છે.

## (૧૯) આત્મા જ્ઞાનપર્યાયવિશેષથી નહિ સ્પર્શાયેલું શુદ્ધદ્રવ્ય છે–એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ–વિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે: આ રીતે આત્મા પર્યાય-વિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

અહીં લિંગ એટલે કે પર્યાય,, પણ પર્યાયો તો અનંત છે તેથી ગ્રહણનો અર્થ જ્ઞાનનો પર્યાય લીધો છે. તે જેને એટલે કે આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી તે શુદ્ધ દ્રવ્ય છે. અહીં આત્માને જ્ઞાનનો પર્યાય નથી એટલે કે શુદ્ધ દ્રવ્ય એક પર્યાય જેટલું નથી, ત્રિકાળી દ્રવ્યમાં ક્ષણિક પર્યાયનો અભાવ છે એમ કહેવું છે.

સમ્યગ્દર્શન કોના આશ્રયે પ્રગટે છે તે કહે છે.

૧. ત્રિકાળી સ્વભાવ જો નિમિત્તનો આશ્રય કરે તો પર સાથે એકતાબુદ્ધિ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી.
૨. ત્રિકાળી સ્વભાવ જો દયાદાનાદિનો આશ્રય કરે તો આત્મા વિકારી થઈ જાય અને તેથી ધર્મ થવાનો પ્રસંગ રહે નહિ.
૩. ત્રિકાળી સ્વભાવ જો નિર્મળ પર્યાય જેટલો માને તો પણ ધર્મ થતો નથી.

(૧) શુદ્ધ સ્વભાવ ત્રિકાળી છે ને પર્યાય એક સમયની છે.
(૨) શુદ્ધ સ્વભાવ અંશી છે ને પર્યાય તે અંશ છે.
(૩) શુદ્ધ સ્વભાવ સામાન્ય છે ને પર્યાય તે વિશેષ છે.

નિશ્ચયથી અંશી સ્વભાવ અંશને અડે તો અંશી ને અંશ જુદા રહેતા નથી, તે વસ્તુસ્વરૂપથી વિપરીત છે. માટે આત્મા જ્ઞાન-પર્યાયથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે.

## પોતાના સ્વભાવનું અખંડપણું ભૂલી અજ્ઞાની જીવ પરમાં અખંડપણું કલ્પે છે.

જેમ લૌકિકમાં કોઈની પાસે પાંચ કરોડ રૂપિયાની મૂડી હોય તો તેના દીકરા, દીકરી, દીકરાની વહુ—જે હોય તે બધા એમ માને કે અમે પાંચ કરોડના આસામી છીએ. ઘરમાં ૨૫ જણા હોય તેમાં એક જણાને તો પચીસમા ભાગે મૂડી આવવાની છે, છતાં કહે છે કે અમે પાંચ કરોડના આસામી છીએ. ત્યાં ખંડ પાડવો પાલવતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી, કેમ કે ત્યાં રુચિ પડી છે. તેમ અંતર સ્વભાવ આખા દ્રવ્યને લક્ષમાં લ્યે તેવો છે, તે ખંડખંડ દશાને કે અધૂરી દશાને લક્ષમાં લ્યે તેવો નથી. પોતે અખંડ વસ્તુ છે, તે પર પદાર્થથી રહિત, વિકારથી રહિત, ગુણભેદથી રહિત, નિર્મળ પર્યાયના ભેદથી રહિત છે. તેનું જેને ભાન નથી તે બહારના સંયોગો કે જે કોઇ કાળે પોતા સાથે રહે તેવા નથી તેમાં અખંડપણાની કલ્પના કરે છે. તે સંયોગો કોઇ કાળે તેના થાય તેમ નથી ને અખંડપણે તેની સાથે રહે તેવા છે જ નહિ, છતાં અજ્ઞાની તેમાં અખંડપણું માની સુખ મેળવવા માગે છે તે તેનો મોહ છે અને તે સંસારનું કારણ છે.

## ધર્મની રુચિવાળા જીવે ત્રિકાળી સ્વરૂપની શ્રદ્ધા કરવી જોઇએ.

માટે જેને સંસારનો નાશ કરવો હોય તેણે અખંડ જ્ઞાયક–સ્વભાવની શ્રદ્ધા કરવી જોઇએ. જે સ્વભાવમાં વિકારનો અભાવ છે, જે સ્વભાવમાં ગુણભેદ નથી, તેમ જ જે સ્વભાવ નિર્મળ જ્ઞાનપર્યાય જેટલો નથી પણ ત્રિકાળી એકરૂપ છે, જે નિત્યાનંદ ધ્રુવ વસ્તુ છે તેના આશ્રયે જ સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે.

ત્રિકાળી સ્વભાવને લક્ષમાં લીધા વગર, માત્ર બાહ્ય ક્રિયાકાંડમાં જે જીવ ધર્મ માને છે તેને કદાપિ ધર્મ થતો નથી.

૧. જિનમંદિર આદિ જડ પદાર્થો છે તેને આત્મા કરી શકતો નથી, છતાં તેની ક્રિયા આત્મા કરી શકે એમ માને તો મિથ્યાત્વ થાય છે.

૨. વળી જિનમંદિરને લીધે રાગ થયો અથવા રાગ થયો માટે જિનમંદિર થયું એમ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.

૩. જિનમંદિરનો શુભરાગ થયો માટે જીવને ધર્મ થશે એમ માને તે મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪. પર્યાય ઉપર દૃષ્ટિ રાખે પણ અખંડ દ્રવ્યને ખ્યાલમાં ન લ્યે તો પણ મિથ્યાત્વ થાય છે.

## ત્રિકાળી શુદ્ધસ્વભાવસામાન્યમાં નિર્મળ જ્ઞાનપર્યાયવિશેષનો અભાવ છે.

માટે જીવે જેમ છે તેમ આત્મા ખ્યાલમાં લેવો જોઈએ. આ બોલમાં નિર્મળ પર્યાયથી પણ નહિ સ્પર્શાયેલું એવું શુદ્ધ દ્રવ્ય કહેવું છે, એટલે ત્રિકાળી દ્રવ્યમાં વર્તમાન જ્ઞાનપર્યાયનો પણ અભાવ છે. પરંતુ તે અભાવ ક્યારે કહેવાય? પ્રથમ બે અંશ છે એમ બતાવીને પછી અભાવ કહેવાય. અહીં શુદ્ધ પર્યાય ભવિષ્યમાં પ્રગટવાની છે એમ લેવું નથી કારણ કે જે વર્તમાનમાં ન હોય તેની સાથે અભાવ વર્તે છે એમ કહી શકાતું નથી. પણ ત્રિકાળી દ્રવ્ય જે સમયે છે તે જ સમયે શુદ્ધ જ્ઞાનપર્યાય છે, આગળપાછળ નથી. એમ વ્યવહારે પર્યાય સાબિત કરી છે, 'છે' તેનું જ્ઞાન કરાવેલ છે, પછી કહ્યું છે કે શુદ્ધ જ્ઞાનપર્યાય તો વર્તમાન પૂરતી છે અને તે વર્તમાન પર્યાયનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે.

નિર્મળ પર્યાય તે અંશ છે તેના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી પણ અંશી એવા આત્માના લક્ષે સમ્યગ્દર્શન થાય છે તેથી જ્ઞાનની પર્યાય જે અંશ છે તેનો, અંશી એવા આત્મામાં અભાવ બતાવી, અંશી શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. આત્મા સામાન્ય છે ને પર્યાય વિશેષ છે. સામાન્યમાં વિશેષનો અભાવ છે; એમ કહી સામાન્ય દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=પર્યાય, ગ્રહણ=જ્ઞાનનો પર્યાય–તે જેને નથી એટલે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ જ્ઞાનના પર્યાયને પણ અડતો નથી–સ્પર્શતો નથી એવું શુદ્ધ દ્રવ્ય છે એમ સ્વજ્ઞેયને જાણ.

આવું સ્વજ્ઞેય શ્રદ્ધા-જ્ઞાનમાં લેવું તે ધર્મનું કારણ છે.

## (૨૦) આત્મા સામાન્ય ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાયેલો એવો શુદ્ધ પર્યાય છે એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પહેલાં પ્રત્યભિજ્ઞાનનો અર્થ કહેવાય છે. આત્મામાં અનંત ગુણો છે, તેમાં સમયે સમયે અવસ્થા થાય છે. ગુણો કાયમ રહે છે. પ્રત્યભિજ્ઞાન તે એક સમયની જ્ઞાનની પર્યાય છે. આ તે જ વસ્તુ છે જે પૂર્વે જોઇ હતી તેવા જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. તે પ્રત્યભિજ્ઞાનની પર્યાયનું કારણ ત્રિકાળી જ્ઞાન ગુણ સામાન્ય છે.

આત્મા ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્યથી નહિ સ્પર્શાયેલો શુદ્ધ-પર્યાય છે, અવિકારી જ્ઞાનની પર્યાય ત્રિકાળી ગુણના આધારે પ્રગટતી નથી, નિશ્ચયથી તેને સામાન્યનો પણ આધાર નથી–એમ અહીં સાબિત કરવું છે.

જુઓ, અહીં ઝીણી વાત લેવી છે. અઢારમા બોલમાં એમ કહ્યું હતું–ત્રિકાળી દ્રવ્ય સામાન્ય તે જ્ઞાનરૂપ ગુણભેદને અડતું નથી. આત્મામાં જ્ઞાનગુણનો ભેદ નથી એટલે કે આત્મા સામાન્ય અભેદરૂપ છે એમ કહ્યું હતું. ઓગણીસમા બોલમાં એમ કહ્યું હતું–ત્રિકાળી જ્ઞાનગુણમાં જ્ઞાનની પર્યાય નથી એટલે કે સામાન્યમાં વિશેષ નથી, સામાન્યમાં વિશેષનો અભાવ છે એમ કહ્યું હતું. અહીં વીસમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલમાં કહે છે કે એક સમયની પર્યાયમાં જ્ઞાનગુણ ત્રિકાળીનો અભાવ છે. જ્ઞાનગુણની પર્યાય ત્રિકાળી જ્ઞાનગુણના આધારે નથી, વિશેષ તે સામાન્યના આધારે નથી. એક સમયની સમ્યગ્જ્ઞાનની પર્યાય અથવા કેવળજ્ઞાનની પર્યાય તે નિરપેક્ષ છે. ત્રિકાળી ગુણના આધારે તે પ્રગટતી નથી એમ નિરપેક્ષતા બતાવવી છે. આ રીતે આત્મા ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાયેલો એવો શુદ્ધ પર્યાય છે એમ અહીં બતાવવું છે.

નિર્વિકારી જ્ઞાનની પર્યાય પ્રગટવાની છે તેની અહીં વાત નથી. શુદ્ધ પર્યાય 'છે' તેની વાત છે. શુદ્ધ પર્યાય તે વિશેષ છે. વિશેષ 'છે' એમ કહેતાં જ તે ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્યના આધારે નથી એમ નક્કી થાય છે. પદાર્થ 'છે' એમ કહેતાં જ તે પરથી નથી એમ નક્કી થાય છે. પર્યાય 'છે' એમ કહો ને પાછી પરથી 'છે' એમ કહો તો તેનું 'છે' પણું સાબિત થતું નથી. વિશેષની અપેક્ષાએ સામાન્ય પર છે કારણ કે વિશેષ તે સામાન્ય નથી.

સામાન્યના આધારે વિશેષ માનવામાં આવે તો વિશેષ નિરપેક્ષ સાબિત થતું નથી. વિશેષને પરાધીન માને તો પરાધીન દશા થાય છે, તે પર્યાયબુદ્ધિ છે.

આત્મા અનાદિનો દ્રવ્યે શુદ્ધ છે ને નિર્મળ પર્યાય તેના લક્ષે પાછળથી પ્રગટ થાય છે માટે પર્યાયમાં દ્રવ્યનો અભાવ વર્તે છે એમ અહીં બતાવવું નથી. અહીં તો પ્રગટેલી શુદ્ધ પર્યાય છે તેની વાત છે. શુદ્ધ પર્યાય પૂર્વે ન હતી ને પછી દ્રવ્યના આશ્રયે પ્રગટ થઈ માટે પર્યાયમાં દ્રવ્યનો અભાવ વર્તે છે એમ કોઇ દલીલ કરે તો તે દલીલ ખોટી છે, તે વાત જ અહીં લેવી નથી. અહીં તો નિરપેક્ષ કથન કરવું છે. શુદ્ધ પર્યાય પૂર્વે ન હતી ને પછી પ્રગટ થઇ એવો પ્રશ્ન રહેતો નથી. નિરપેક્ષ કહો ને સામાન્યના આધારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો તો નિરપેક્ષપણું સ્વતંત્ર રહેતું નથી. વળી શુદ્ધ પર્યાયમાં ત્રિકાળી સામાન્ય જ્ઞાનગુણનો અભાવ છે, એટલે કે વિશેષમાં સામાન્યનો અભાવ છે. અભાવ શેમાં બતાવાય? બે અંશ વર્તમાનમાં હોય તેમાં અભાવ બતાવાય. જો તે અસ્તિરૂપ વસ્તુ જ ન હોય તો અભાવ બતાવી શકાય નહિ.

જેમ ૧૮ મા બોલમાં કહ્યું હતું કે દ્રવ્ય અભેદ છે **તે જ સમયે** જ્ઞાનાદિ ગુણભેદ છે ખરો પણ અભેદ સ્વભાવમાં જ્ઞાનાદિ ગુણભેદનો અભાવ છે માટે દ્રવ્ય જ્ઞાનને સ્પર્શતું નથી.

૧૯ મા બોલમાં કહ્યું હતું કે ગુણો સામાન્ય છે **તે જ સમયે** જ્ઞાનની નિર્મળ પર્યાય છે પણ સામાન્યશક્તિસ્વરૂપ ગુણમાં જ્ઞાનની નિર્મળ પર્યાયનો અભાવ છે. એટલે સામાન્યમાં વિશેષનો અભાવ છે માટે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

અહીં ૨૦ મા બોલમાં એમ કહે છે કે શુદ્ધ પર્યાય છે **તે જ સમયે** ત્રિકાળી ધ્રુવ જ્ઞાનગુણ છે. પણ જ્ઞાનની શુદ્ધ પર્યાયમાં જ્ઞાનના ધ્રુવ સામાન્યપણાનો અભાવ છે એટલે કે વિશેષમાં સામાન્યનો અભાવ છે માટે શુદ્ધ પર્યાય સામાન્ય જ્ઞાનગુણને સ્પર્શતી નથી.

શુદ્ધ પર્યાયમાં સામાન્યનો અભાવ છે કારણ કે વિશેષમાં સામાન્યનો અભાવ ન હોય તો વિશેષ અને સામાન્ય એક થઈ જાય. વસ્તુસ્વરૂપ એવું નથી. વિશેષ વિશેષથી જ છે, સામાન્યથી નથી.

વિશેષ નિરપેક્ષ છે તે સાબિત કરવું છે.

૧૮–૧૯–૨૦ બોલમાં બબ્બે પ્રકારને વર્તમાન સિદ્ધ કરીને એકબીજાને અડતો નથી એમ કહી અભેદની શ્રદ્ધા કરાવવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૮મા બોલમાં ગુણભેદનો ગુણીમાં અભાવ બતાવી, અભેદ ગુણી તે સમ્યગ્દર્શનનો વિષય થાય છે એમ બતાવ્યું.

૧૯મા બોલમાં પ્રગટેલી સમ્યગ્જ્ઞાનની પર્યાય છે તેને સામાન્ય ધ્રુવ જ્ઞાતાદ્રષ્ટા સદૃશ સ્વભાવ અડતો નથી એમ બતાવી, સામાન્ય ધ્રુવ સદૃશ સ્વભાવરૂપ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ બતાવ્યું.

૨૦મા બોલમાં એમ કહે છે કે વર્તમાન નિર્મળ જ્ઞાન પર્યાય તે ધ્રુવ જ્ઞાનસ્વભાવને અડતો નથી. શુદ્ધ પર્યાય વર્તમાન પ્રગટ છે. 'છે' તેની વાત છે. શુદ્ધ પર્યાય પૂર્વે ન હતી ને પછી ધ્રુવના લક્ષે પ્રગટશે તે સાપેક્ષતાની વાત જ લેવી નથી. શુદ્ધ પર્યાય છે, છે ને છે, સામાન્ય ધ્રુવ પણ છે. પણ શુદ્ધ પર્યાય સામાન્યને લીધે નથી કેમ કે વિશેષમાં સામાન્યનો અભાવ છે.

૧. શુદ્ધ પ્રગટેલી પર્યાય, નિમિત્તો–દેવ શાસ્ત્ર ગુરુ આવ્યા માટે પ્રગટી છે એમ નથી.

૨. શુદ્ધ પ્રગટેલી પર્યાય, પુણ્યના શુભભાવ છે માટે પ્રગટી છે એમ નથી.

૩. શુદ્ધ પ્રગટેલી પર્યાય, સામાન્ય જ્ઞાનગુણ શક્તિરૂપે છે માટે પ્રગટી છે એમ પણ નથી.

૪. પૂર્વની અનુભૂતિને લીધે વર્તમાન અનુભૂતિ થઈ એમ પણ નથી. શુદ્ધ પર્યાય છે–તે નિરપેક્ષ છે, અહેતુક છે.

આમ નક્કી કરતાં નિમિત્તો ઉપરથી ને શુભરાગ ઉપરથી લક્ષ તો છૂટે જ છે, તેમ જ વિશેષ અને સામાન્યના ભેદ ઉપરથી પણ લક્ષ છૂટી એકાકાર વસ્તુ ઉપર લક્ષ જાય છે.

બધા ગુણો અસહાય કહ્યા છે. એક ગુણમાં બીજા ગુણનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવ છે તેને અતદ્ભાવ કહે છે. દર્શન ગુણ જ્ઞાનની અપેક્ષા રાખતો નથી અને જ્ઞાનગુણ દર્શનની અપેક્ષા રાખતો નથી. ગુણો અસહાય છે, સ્વતંત્ર નિરપેક્ષ છે તેવી જ રીતે જ્ઞાનની શુદ્ધ પર્યાય જે પ્રગટ છે તે જ્ઞાનગુણ સામાન્યની અપેક્ષા રાખતી નથી. શુદ્ધ પર્યાયમાં ત્રિકાળી જ્ઞાનગુણનો અભાવ છે. એક એક શુદ્ધ પર્યાય-સમ્યગ્જ્ઞાનની અથવા કેવળજ્ઞાનની અસહાય છે, નિરપેક્ષ છે.

અહીં કોઇ પ્રશ્ન કરે કે નિરપેક્ષ પર્યાય કહીને શું પર્યાયદૃષ્ટિ કરાવવી છે?


**ઉત્તર**: ના, પર્યાયદૃષ્ટિ કરાવવી નથી. સમય સમયની પર્યાય સત્ અહેતુક છે. તે નિમિત્તની કે રાગની અપેક્ષા તો રાખતી નથી પણ જ્ઞાનગુણ સામાન્ય છે તેની પણ અપેક્ષા રાખતી નથી, એમ નિરપેક્ષતા બતાવવી છે. શુદ્ધ પર્યાયરૂપે પરિણમેલો તે જ આત્મા છે, આત્મા પોતે જ શુદ્ધ પર્યાય છે. એમ બતાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે. સામાન્ય તથા વિશેષના ભેદવાળો આત્મા તે સમ્યગ્દર્શનનો ધ્યેય નથી. શુદ્ધ પર્યાય તે જ આત્મા છે એમ કહી અભેદદૃષ્ટિ કરાવવી છે.

આ પ્રમાણે અહીં અલિંગગ્રહણનો અર્થ: અ=નહિ, લિંગ=પ્રત્યભિજ્ઞાનનું કારણ, ગ્રહણ=જ્ઞાનગુણ ત્રિકાળી સામાન્ય. એટલે જેને જ્ઞાનગુણ સામાન્ય નથી એવો આત્મા તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાયેલો એવો શુદ્ધ પર્યાય છે. આત્મા પોતે જ શુદ્ધ પર્યાય છે. આત્મા અને શુદ્ધ પર્યાયમાં ભેદ નથી, એમ તારા સ્વજ્ઞેયને જાણ. આવા સ્વજ્ઞેય આત્માને જાણવો-શ્રદ્ધવો તે ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહ મોંબાસા—આફ્રિકા



# શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહમાં મોમ્બાસા (આફ્રિકા)ની દિવાલોમાં કોતરાવેલા પદો

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્‌ગુરુ ભગવંત.

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો સમજ્યે જિન સ્વરૂપ.

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.

કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસીને મ્યાન.

છુટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

આત્મભ્રાંતિ સમરોગ નહિ, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ,
ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.

જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરૂષાર્થ,
ભવ સ્થિતિ આદી નામ લઈ છેદો નહીં આત્માર્થ.

દયા શાંતિ, સમતા, ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય,

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તો જ્ઞાનીના ચરણમાં, હો, ! વંદન અગણીત.

લક્ષ ચોરાશી યોનિમાં ભમિયો કાળ અનંત,
પણ સમકિત તેં નવ લહ્યું એ જાણો નિર્ભ્રાન્ત.

જન્મ-મરણ એક જ કરે સુખદુઃખ વેદે એક,
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક,

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ,
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય.

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ,
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ.

પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરુ પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી મહારાજના,
ચરણ સમીપે (સોનગઢ)માં જેનું જીવન છે તે જીવન ધન્ય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસનને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?                શ્રીમદ્ રાજચંદ્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રીમદ્ રાજચંદ્ર કૃત આધ્યાત્મિક કાવ્યો અને બાર ભાવના આદિ

## પરમપદ–પ્રાપ્તિની ભાવના
### (અંતર્ગત)
### ગુણશ્રેણીસ્વરૂપ

॥ ॐ ॥

૧. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦

૨. સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહ પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

૩. દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિતમોહ વિલોકિયે
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦

૪. આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્ત્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી.
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦

૫. સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

૬. પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦

૭. ક્રોધપ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો;
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮. બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં.
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો:
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦

૯. નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦. શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે તે જ સ્વભાવ જો;
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો. અપૂર્વ૦

૧૧. એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

૧૨. ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગળ એક સ્વભાવ જો. અપૂર્વ૦

૧૩. એમ પરાજય કરીને ચારિતમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦

૧૪. મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦

૧૫. ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦

૧૬. વેદનીયાદિ ચાર કર્મ વર્ત્તે જહાં;
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ્ય આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિકપાત્ર જો અપૂર્વ૦

૧૭. મન, વચન, કાયાને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦

૧૮. એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલસ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦

૧૯. પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ-સુખમાં
અનંતદર્શન જ્ઞાન અનંતસહિત જો, અપૂર્વ૦

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦. જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રીભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

૨૧. એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજાવગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦

ઉત્તમ ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

વવાણીઆ વિ. સં. ૧૯૪૧

## – ક્ષમાપના –

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો,
મેં તમારાં અમૂલ્ય વચનને
લક્ષમાં લીધાં નહીં.
મેં તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો
વિચાર કર્યો નહીં.
તમારાં પ્રણીત કરેલાં
ઉત્તમ શીલને સેવ્યું નહીં.
તમારાં કહેલાં દયા, શાંતિ,
ક્ષમા અને પવિત્રતા
મેં ઓળખ્યાં નહીં.
હે ભગવાન્! હું ભૂલ્યો.
આથડ્યો-રઝળ્યો
અને અનંત સંસારની
વિટમ્બનામાં પડ્યો છું.
હું પાપી છું, હું બહુ મદોન્મત્ત
અને કર્મરજથી કરીને મલિન છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૫)

હે પરમાત્માં! તમારાં કહેલા તત્ત્વ વિના
મારો મોક્ષ નથી.
હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું.
અજ્ઞાનથી અંધ થયો છું.
મારામાં વિવેકશક્તિ નથી,
અને હું મૂઢ છું. નિરાશ્રિત છું, અનાથ છું.
નિરાગી પરમાત્મા! હવે હું તમારું,
તમારા ધર્મનું અને તમારા સાધુનું શરણ ગ્રહું છું
મારા અપરાધ ક્ષય થઇ
હું તે સર્વ પાપથી મુક્ત થઉં,
એ મારી અભિલાષા છે.
આગળ કરેલાં પાપોનો હું હવે
પશ્ચાતાપ કરું છું.
જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું.
તેમ તેમ તમારાં તત્ત્વના ચમત્કારો
મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.
તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ,
સહજાનંદી અનંતજ્ઞાની,
અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.
હું માત્ર મારા હિતને અર્થે
તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.
એક પળ પણ તમારાં કહેલાં,
તત્ત્વની શંકા ન થાય;
તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું;
એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ!
હે સર્વજ્ઞ ભગવન! તમને હું વિશેષ શું કહું?
તમારાથી કંઇ અજાણ્યું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય
પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાન્તિ: શાન્તિ શાન્તિ:

—:૦:—

# अमूल्य तत्त्व विचार

## ( હરિગીત )

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજિરેથી નીકળે;
પર વસ્તુમાં નહીં મુંઝવો એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.
"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારૂં ખરૂં?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરૂં"
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ૐ સત્

# શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય

## ( દોહરા )

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ? ૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું પામર શું કરી શકું,' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળ રૂપ આસક્તિ નહિ, નહિ વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસીન અભક્તથી, તેમ ગૃહાદિક માંહી ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહી;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

કેવળ કરૂણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંતકાળથી આથડયો. વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુસંતને, મૂકયું નહિ અભિમાન. ૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય;
સત્સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય? ૧૭

પ્રભુ, પ્રભુ લય લાગી નહિ, પડયો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત, સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

ભાદરવા સુદ ૮-૧૯૪૭.

ॐ સત્

( તોટક )

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મનપૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ-પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉરસેંહિ ઉદાસિ લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપી કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હે મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ—ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુચર્નસુ પ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં સબસેં,
ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
<u>ચતુરાંગુલ હે દ્રગસેં મિલહે;</u>
રસદેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમ ભેદ સુઊર બસેં.

વહ કેવલકો બિજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઇ દિયે. ૮

૧૯૪૭, ભાદરવા સુદ૮

---

## જડ–ચેતન સ્વભાવ

૧. જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઇ કોઇ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧.

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨.

જો જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહીં ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩.

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪.

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫.

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત? ૬.

પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ.
હવે દૃષ્ટિ થઇ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭.

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઇ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮.

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહીં, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯.

હોય તેહનો નાશ નહિં, નહિં તેહ નહિં હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦.

૨. પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

૩. જે જે પ્રકારે આત્માને ચિંતનકર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

વિષયાર્તપણાની મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે; કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિંતન કરનારને આત્મા શૂન્ય લાગે છે. અનિત્યપણે ચિંતન કરનારને અનિત્ય લાગે છે, નિત્યપણે ચિંતન કરનારને નિત્ય લાગે છે.

ચેતનને ઉત્પત્તિના કંઈપણ સંયોગો દેખાતા નથી, તેથી ચેતન અનુત્પન્ન છે, તે ચેતન વિનાશ પામવાનો કંઈ અનુભવ થતો નથી માટે અવિનાશી છે-નિત્ય અનુભવસ્વરૂપ હોવાથી નિત્ય છે.

સમયે સમયે પરિણામાંતર પ્રાપ્ત થવાથી અનિત્ય છે.
સ્વરૂપનો ત્યાગ કરવાને અયોગ્ય હોવાથી મૂળ દ્રવ્ય છે.

---:o:---

ૐ

સમતા રમતા ઉરધતા. જ્ઞાયકતા સુખભાસ;
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ. ૧

જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઇ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યો છે તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છૈયે.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનથી ભકિત ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છૈયે.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવઆત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી એવી નિશ્ચય શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છૈયે.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે–તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે પ્રાપ્તિ ન થઈ. તે જીવ જેવડે સહજ પ્રાપ્ત થાય છે તેનાં ઉદેશ વચન જ કહેવા વિષે જેનો ઉદેશ છે તેઓશ્રી તીર્થંકરને નમસ્કાર કરીએ છૈયે.

---

## શ્રી સદ્‌ગુરુચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે,  
કરી વૃત્તિ અખંડ સન્મુખ;  
મૂળ મારગ સાંભળો જિનનો રે.  
નો'ય પૂજાદિની જો કામના રે;  
નો'ય વહાલું અંતર ભવ દુઃખ. મૂળ૦ ૧

કરી જોજો વચનની તુલના રે;  
જોજો શોધીને જિન સિદ્ધાંત. મૂળ૦  
માત્ર કહેવું પરમાર્થ હેતુથી રે;  
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન, દર્શન ચારિત્રની શુદ્ધતા રે;
એકપણે અને અવિરૂદ્ધ. મૂળ૦
જિન મારગ તે પરમાર્થથી રે;
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ. મૂળ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે;
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ. મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે;
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે;
સંક્ષેપે સુણો પરમાર્થ. મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે;
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે;
ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે;
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણીયું રે;
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત. મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે;
જેનું બીજું નામ સમકિત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે;
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ. મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે;
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે;
જ્યારે વર્તે તે આત્મારૂપ. મૂ૦
તેહ મારગ જિનનો પામિયો રે;
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ. મૂળ૦ ૯

એવા મૂળ જ્ઞાનાદિ પામવા રે;
અને જવા અનાદિ બંધ મૂળ૦
ઉપદેશ સદ્‌ગુરુનો પામવા રે;
ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખીયું રે;
મોક્ષ મારગનું શુદ્ધ સ્વરૂપ. મૂ૦
ભવ્ય જનોના હિતને કારણે રે;
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

---

ૐ

## શ્રી જિન પરમાત્માને નમઃ

૧) ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિ વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાઈ સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

× × ×

(૩) સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જયતે. ૧

# આત્માના છ પદ

## અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે. તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

<u>પ્રથમ પદ:—'આત્મા છે.'</u> જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વ-પરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

<u>બીજું પદ:—'આત્મા નિત્ય છે.'</u> ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે. કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈપણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈપણ સંયોગી દ્રવ્યથી ચેતન-સત્તા પ્રગટ થવાયોગ્ય નથી માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

<u>ત્રીજું પદ—'આત્મા કર્ત્તા છે.'</u> સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈને કંઈ પરિણામક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવ-પરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય-કર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કહ્યો છે.

<u>ચોથું પદઃ—'આત્મા ભોક્તા છે.'</u> જે જે કંઇ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ થાય છે. –તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

<u>પાંચમું પદઃ—'મોક્ષપદ છે.'</u> જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તા-પણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું અનભ્યાસથી–તેના અપરિચયથી–તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે; ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

<u>છઠ્ઠું પદઃ—'મોક્ષનો ઉપાય છે.'</u> જો કદી કર્મબંધમાત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઇ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાની પુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યા છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સુપ્રમાણ થવાયોગ્ય છે, પરમ નિશ્ચય-

રૂપ જણાવાયોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ—મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગૃત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી—અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ-શોકસંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું—સંપૂર્ણપણું—અવિનાશીપણું—અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી એૈકયતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ—અત્યંત પ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટઅનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મયનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

“ જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિરન્તર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!"

"જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણા શીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે. એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરીફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે, જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વગુણ દ્રષ્ટિ-ગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે........ભક્તિનું નિરુપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!"

"જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે

એમ સ્પષ્ટ જાણ્યું છે, એમ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારધારાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યા-બાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!"

—✻—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

॥ श्री वीतरागाय नमः ॥

# શ્રીમત્કુન્દકુન્દાચાર્ય વિરચિતા દ્વાદશાનુપ્રેક્ષા

## [ બાર ભાવના ]

પરમ શુકલધ્યાનથી દીર્ઘ સંસાર ક્ષય કરનાર સર્વ સિદ્ધોને તથા ચોવીસ જિનોને નમસ્કાર કરી હું બાર અનુપ્રેક્ષા [ભાવનાઓ] કહું છું. ૧.

**બાર અનુપ્રેક્ષાનાં નામ:**—અધ્રુવ, અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા ધર્મ અને બોધિદુર્લભનું ચિન્તવન કરવું જોઇએ. ૨.

### ૧. અનિત્ય ભાવના

દેવોના, મનુષ્યોના અને રાજાઓના સુંદર મહેલ, રથ, વાહન, શય્યા, આસન, (તથા) માતા, પિતા, કુટુમ્બીજન, સેવક, સંબંધીઓ અને પ્રિયા પણ અનિત્ય છે, ૩.

જેવી રીતે ઇન્દ્રધનુષ્ય શાશ્વત નથી, તેવી જ રીતે પાંચે ઇન્દ્રિયોનું સ્વરૂપ, આરોગ્ય, યૌવન, બલ, તેજ, સૌભાગ્ય અને લાવણ્ય શાશ્વત નથી. ૪

અહમિન્દ્રોની પદવીઓ અને બલદેવ, નારાયણ, ચક્રવર્તી આદિના પર્યાયો પાણીના પરપોટા સમાન, ઇન્દ્રધનુષ્ય સમાન, વિજળીની ચમક સમાન અને વાદળોની રંગ–બેરંગી શોભા સમાન સ્થિર નથી. ૫

દૂધ–પાણી માફક, જીવનિબદ્ધ શરીર, શીઘ્ર નષ્ટ થઈ જાય છે તો ભોગ અને ઉપભોગના કારણરૂપ પદાર્થ કેવી રીતે નિત્ય હોઈ શકે ? ૬.

પરમાર્થથી આત્મા, દેવ અસુર, મનુષ્ય અને રાજાના વૈભવથી ભિન્ન છે. તે આત્મા શાશ્વત છે એમ નિત્ય ચિંતવવું. ૭

## ૨. અશરણ ભાવના

મરણ સમયે, જીવોને ત્રણે લોકમાં મણિ, મંત્ર, ઔષધિ, રક્ષક, ઘોડા, હાથી, રથ સર્વ વિદ્યા શરણ જ નથી. ૮

સ્વર્ગ તો જેને કિલ્લો છે, દેવો તો નોકર-ચાકર છે, વજ્ર તો હથિયાર છે, અને ઐરાવત જેવો તો ગજેન્દ્ર [શ્રેષ્ઠ હાથી] છે એવા ઇન્દ્રને પણ કોઈ શરણ નથી. ૯

કાળની [આવી પહોંચ્યાની] ગર્જના થતાં નવ નિધિઓ, ચૌદ રત્નો, ઘોડા, મત્ત ગજેન્દ્ર ચતુરંગિણી સેના પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. ૧૦

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી, આત્મા પોતાની રક્ષા કરે છે, તેથી કર્મોનાં બંધ, ઉદય અને સત્તાથી વ્યતિરિક્ત આત્મા જ શરણ છે. ૧૧

અરહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ-એ પાંચે પરમેષ્ઠીઓ-તેઓ પણ આત્મામાં જ સ્થિત છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૨

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ એ ચારે ય આત્મામાં સ્થિત છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૩

## ૩. એકત્વ ભાવના

[જીવ] એકલો જ કર્મ કરે છે, એકલો જ દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે, એકલો જ જન્મે છે અને મરે છે, એકલો જ તેનું ફળ ભોગવે છે. ૧૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ એકલો (પાંચ ઇન્દ્રિયોના) વિષય નિમિત્તે તીવ્ર લોભથી પાપ કરે છે, અને તેનું ફળ એકલો નરક–તિર્યંચમાં ભોગવે છે. ૧૫

જીવ એકલો ધર્મનિમિત્તે પાત્રદાનથી પુણ્ય કરે છે, તેનું ફળ એકલો મનુષ્ય દેવ [ગતિ] માં ભોગવે છે. ૧૬

સમ્યક્ત્વ—ગુણસંયુક્ત મુનિને ઉત્તમ પાત્ર કહ્યું છે અને સમ્યગ્દષ્ટિ શ્રાવકને મધ્યમ પાત્ર જ સમજવું જોઇએ. ૧૭

જિનશાસ્ત્રમાં વ્રત રહિત સમ્યક્દષ્ટિને જઘન્ય પાત્ર કહ્યું છે અને સમ્યક્ત્વ રત્ન રહિત જીવ અપાત્ર છે, માટે સારી રીતે પરીક્ષા કરવી જોઇએ. ૧૮

સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, દર્શનભ્રષ્ટ જીવનો મોક્ષ થતો નથી, જેઓ ચારિત્રથી ભ્રષ્ટ છે તે સિદ્ધિને પામે છે, [પણ] દર્શનભ્રષ્ટ સિદ્ધિ પામતો નથી. ૧૯

હું એક, નિર્મમ [મમત્વરહિત], શુદ્ધ અને અને જ્ઞાનદર્શન-લક્ષણવંત, છું. શુદ્ધ એકત્વ જ ઉપાદેય [ગ્રહણ કરવાયોગ્ય] છે એમ સંયમી ચિંતવે છે. ૨૦

### ૪. અન્યત્વ ભાવના

માતા, પિતા, ભાઇ, પુત્ર, સ્ત્રી આદિ બન્ધુજનોનો સમૂહ જીવના સંબંધી નથી; તેઓ પોતાના કાર્યવશે વર્તે છે. ૨૧

અન્ય (જીવ) અન્યની ચિન્તા કરે છે. વળી એ મારું છે, એ મારા સ્વામીનું છે એમ માન્યા કરે છે. તે પણ સંસારરૂપ મહા-સાગરના ડૂબેલ પોતાના આત્માની તો ચિન્તા કરતો નથી. ૨૨

આ શરીરાદિ પણ જે બાહ્ય દ્રવ્ય છે તે જુદાં છે; આત્મા જ્ઞાનદર્શન છે એમ અન્યત્વ છે એમ અન્યત્વ [ભાવના] ચિંતવ. ૨૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૫. સંસારભાવના

જિનમાર્ગને નહિ જોતો જીવ, જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી ભરપૂર પાંચ પ્રકારનાં સંસારમાં ચિર [ લાંબો ] કાળ પરિભ્રમે છે. ૨૪

* પુદ્ગલ–પરિવર્તનરૂપ સંસારમાં ખરેખર જીવ એક જ સર્વેય પુદ્ગલ વર્ગણાઓ વારંવાર–અનંતવાર ભોગવે છે અને છોડે છે. ૫

+ ક્ષેત્ર–પરિવર્તનરૂપ સંસારમાં અનેકવાર ભ્રમણ કરતા જીવે ત્રણે લોકનાં સર્વ ક્ષેત્રોમાં એવું કોઈ પણ સ્થાન બાકી રાખ્યું નથી કે જ્યાં ક્રમશઃ અવગાહનવડે ઉત્પન્ન થયો ન હોય. ૨૬

* કાલ–પરિવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરતો જીવ અવસર્પિણી–ઉત્સર્પિણી કાલના સર્વ સમય અને અવલિકાઓમાં અનેકવાર જન્મે છે અને મરે છે. ૨૭

---

* જ્યારે કોઈ જીવ અનંતાનંત પુદ્ગલોને અનંતવાર ગ્રહણ કરી છોડી દે છે. ત્યારે તેનું એક પુદ્ગલ પરિવર્તન થાય; આ જીવે એવા અનેક દ્રવ્ય–પરિવર્તન કર્યાં છે.

+ લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલા બધાય પ્રદેશોમાં ક્રમશઃ ઉત્પન્ન થવું તથા નાનામાં નાના શરીરથી લઈ મોટામાં મોટા શરીરોના પ્રદેશોને ક્રમશઃ પૂરા કરવા તેને ક્ષેત્ર–પરિવર્તન કહે છે.

* અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના જેટલા સમય થાય તેટલા સર્વ સમયમાં જન્મવું અને મરવું તેને **કાલ–પરિવર્તન** કહે છે. **અક્રમ જન્માદી ગણ્યા નથી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૦ મિથ્યાત્વના આશ્રયવડે જીવે નરકનાં થોડામાં થોડા આયુથી લઈ ઉપરના ગ્રૈવેયક સુધીનાં આયુ બહુશઃ પામીને પરિભ્રમણ કર્યું. ૨૮

× જીવે મિથ્યાત્વવશ સર્વ પ્રકૃતિ–સ્થિતિ–અનુભાગ અને પ્રદેશબંધ સ્થાનોરૂપ ભાવસંસારમાં વારંવાર ભ્રમણ કર્યું છે. ૨૯

જે જીવ, પુત્ર, સ્ત્રી નિમિત્તે પાપબુદ્ધિથી ધન કમાય છે અને દયા તથા દાન છોડે છે તે સંસારમાં ભટકે છે. ૩૦

'આ મારો પુત્ર છે, આ મારી સ્ત્રી છે અને આ, મારાં ધન–ધાન્ય છે'–એવી તીવ્ર કાંક્ષાથી જીવ ધર્મબુદ્ધિ છોડે છે, પછી દીર્ઘ સંસારમાં પડે છે. ૩૧

મિથ્યાત્વના ઉદય વડે જીવ, જિન–કથિત ધર્મની નિંદા કરી, કુધર્મ, કુલિંગ [કુગુરુ] અને કુતીર્થને માની સંસારમાં ભટકે છે. ૩૨

આ પ્રાણી, જીવસમૂહને મારી, મધુ [મધ] અને માંસનું સેવન કરી તથા શરાબ [દારૂ] પી, પર દ્રવ્ય અને પરસ્ત્રીને ગ્રહણ કરી સંસારમાં ભટક્યા કરે છે. ૩૩

જીવ મોહ–અંધકાર સહિત રાતદિન વિષયોના નિમિત્તે થતાં પાપો યત્નપૂર્વક કરે છે અને તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. ૩૪.

નિત્ય નિગોદ, ઈતર નિગોદ, ધાતુ [પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય અને વાયુકાય]–દરેક સાત લાખ [કુલ ૪૨ લાખ],

---

૦ નરકના ઓછામાં ઓછા આયુથી માંડી ગ્રૈવેયિક વિમાનના અધિકમાં અધિક આયુ સુધીના જેટલા ભેદ છે તે સર્વના ક્રમશઃ ભોગ **ભવ–પરિવર્તન** કહેવાય છે. અક્રમને ગણ્યા નથી.

× કર્મબંધના કરનારા જેટલા પ્રકારનાં ભાવ છે તે સર્વના ક્રમશઃ અનુભવમાં **ભાવ–પરિવર્તન** કહેવાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વનસ્પતિકાયની દશ લાખ, વિકલેન્દ્રિયની [ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને તિર્યંચની ચાર-ચાર લાખ, અને મનુષ્ય પંચેન્દ્રિયની ચૌદ લાખ-એમ સર્વ મળીને ચોરાશી લાખ યોનિઓ છે. ૩૫

આ સંસારમાં જે પ્રાણીઓ છે તે સર્વને સંયોગ-વિયોગ, લાભ-અલાભ [નુકસાન], સુખ-દુઃખ અને માન-અપમાન થયાં જ કરે છે. ૩૬

જીવ કર્મના નિમિત્તે સંસારરૂપ ઘોર વનમાં ભટકયા કરે છે, પરન્તુ નિશ્ચયનયે [ યથાર્થપણે ] આત્મા કર્મથી વિમુક્ત છે અને [તેને] સંસાર નથી. ૩૭

સંસારને અતિક્રાન્ત [ પાર પામેલ ] જીવ ઉપાદેય [ ગ્રહણ કરવા યોગ્ય ] છે એમ વિશેષે ચિંતવવા યોગ્ય છે, અને સંસાર-દુઃખથી આક્રાન્ત [ઘેરાયેલ] જીવ હેય [ તજવા યોગ્ય ] છે એમ વિશેષે ચિન્તવવા યોગ્ય છે. ૩૮

## ૬. લોક ભાવના

જીવાદિ પદાર્થોનો સમૂહ તે લોક કહેવાય છે અને તે અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકના ભેદથી ત્રણ પ્રકારે છે. ૩૯

નરક અધોલોકમાં છે, અસંખ્યાત દ્વીપ તથા સમુદ્રના રાશિ [સમુદાય] મધ્યલોકમાં છે અને ત્રેસઠ પ્રકારના સ્વર્ગના ભેદ તથા મોક્ષ ઊર્ધ્વલોકમાં છે. ૪૦

સૌધર્મ-ઈશાન સ્વર્ગના-૩૧, સનત્કુમાર-માહેન્દ્રના-૭ બ્રહ્મ-બ્રહ્મોત્તરના-૪, લાંતવ-કાપિષ્ટના-૨, શુક્ર-મહાશુક્રનું-૧, શતાર-સહસ્રારનું-૧, આનત પ્રાણત-આરણ-અચ્યુત-એ ચાર કલ્પના-૬, અધો-મધ્ય-ઊર્ધ્વ ગ્રૈવેયકના ત્રણ ત્રણના હિસાબે-૯, નવ અનુદિશનું-૧, અને પાંચ અનુત્તરનું-૧, એમ સર્વ મળીને ૬૩ સ્વર્ગ-વિમાનો છે. ૪૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જીવ અશુભ ભાવથી નરક અને તિર્યંચ ગતિ પામે છે; શુભ ઉપયોગથી દેવ તથા મનુષ્ય ગતિ પામે છે અને શુદ્ધ ભાવથી મોક્ષ પ્રાપ્ત કરે છે. એમ લોકભાવનાનું ચિંતવન કરવું જોઇએ ૪૨

## ૭. અશુચિ ભાવના

હાડકાંઓથી પ્રતિબદ્ધ, માંસથી વિલિપ્ત ચામડીથી મઢેલ અને કૃમિઓના સમૂહથી ભરપુર એવો દેહ સદાકાળ મલિન છે. ૪૩

દેહ, દુર્ગન્ધમય, બીભત્સ [ ચીતરી ચડે તેવો ], ખરાબ મેલથી ભરપૂર અચેતન, મૂર્તિક [ રૂપ, રસ, ગંધ, સ્પર્શયુક્ત ] અને સ્ખલન–પતન સ્વભાવી છે–એમ નિરંતર ચિંતવવું જોઇએ ૪૪

દેહ, રસ, રુધિર, માંસ મેદ, મજ્જાથી વ્યાપ્ત છે, તેમાં મૂત્ર, પરુ અને કૃમિની બહુલતા [ અધિકતા ] છે. વળી દુર્ગંધમય, અપવિત્ર, ચર્મમય [ ચામડામય ] અનિત્ય, અચેતન અને નાશવંત છે. ૪૫

આત્મા, દેહથી વ્યતિરિક્ત [ જુદો ], કર્મવિરહિત, અનંત સુખનું ધામ છે; અને શુદ્ધ છે એમ નિત્ય ભાવના ભાવવી જોઇએ. ૪૬

## ૮. આસ્રવ ભાવના

મિથ્યાત્વ, અવિરતિ કષાય અને યોગ એ આસ્રવ છે અને તેના ક્રમશઃ પાંચ, પાંચ, ચાર અને ત્રણ ભેદ જિનશાસનમાં સમ્યક્પ્રકારે કહેલ છે. ૪૭

મિથ્યાત્વના એકાન્ત, વિનય, વિપરીત, સંશય અને અજ્ઞાન એ પાંચ ભેદ છે તથા અવિરતિના હિંસાદિ એ પાંચ ભેદ નિયમથી છે. ૪૮

ક્રોધ, માન, માયા અને લોભ પણ—એ ચાર ખરેખર કષાયના ભેદ છે, તથા મન-વચન-કાય એ ત્રણ, યોગના ભેદ છે એમ જાણો. ૪૯

એકેક ( યોગ ) અશુભ અને શુભ એવા ભેદવડે બે પ્રકારે વર્ણવવામાં આવ્યો છે; તેમાં આહાર આદિ ( ભય, મૈથુન અને પરિગ્રહ ) એ ચાર પ્રકારની સંજ્ઞાઓ અશુભ મન છે એમ જાણો. ૫૦

કૃષ્ણ આદિ ( નીલ, કાપોત ) ત્રણ લેશ્યા, ઇન્દ્રિયજન્ય સુખોમાં ગૃદ્ધિ [ લોલુપ] પરિણામ ઇર્ષા તથા વિવાદ [ખેદ] ભાવ-એને શ્રી જિનો અશુભ મન કહે છે. ૫૧

રાગ, દ્વેષ, મોહ, હાસ્ય આદિ [રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા (ઘૃણા) (સ્ત્રીવેદ. પુરુષવેદ, નપુંસકવેદ,] નોકષાયરૂપ પરિણામ-સ્થૂલ કે સૂક્ષ્મ તે અશુભ મન છે એમ શ્રી જિનો કહે છે. ૫૨

×—ભોજનકથા, સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા-આ કથાઓને અશુભ વચન જાણો; બંધન છેદન અને તાડનની ક્રિયાઓ તે અશુભકાય છે એમ જાણો. ૫૩

પ્રથમ કહેલા અશુભ ભાવોને તથા સમસ્ત દ્રવ્યોને છોડી જે વ્રત, સમિતિ, શીલ, સંયમરૂપ પરિણામ થાય છે તેને શુભ મન જાણો. ૫૪

સંસારછેદના કારણરૂપ વચનને જિન ભગવાને શુભ વચન કહ્યું છે; અને જિન દેવાદિની પૂજારૂપ ચેષ્ટાને શુભ કાય કહે છે. ૫૫

બહુ દોષરૂપ તરંગોવાળા તથા દુઃખરૂપ જલચરોથી વ્યાપ્ત જન્મ (સંસાર) સમુદ્રમાં જીવનું પરિભ્રમણ કર્મના આસ્રવના કારણે થાય છે ૫૬

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ આ ઘોર સંસાર સાગરમાં કર્મોના આસ્રવથી ડૂબે છે; જ્ઞાનવશ જે ક્રિયા છે તે પરંપરા મોક્ષનું કારણ છે. ૫૭

જીવ આસ્રવના કારણે સંસાર-સમુદ્રમાં શીઘ્ર ડૂબે છે; માટે આસ્રવ-ક્રિયા મોક્ષનું કારણ નથી-એમ ચિંતવવું. ૫૮

આસ્રવ-ક્રિયાથી પરંપરાએ પણ નિર્વાણ નથી, માટે સંસાર ગમનના કારણરૂપ આસ્રવને નિંદ્ય જાણો. ૫૯

પૂર્વોક્ત આસ્રવના ભેદો નિશ્ચયનયે જીવના નથી; માટે દ્રવ્ય અને ભાવ—એ બન્ને પ્રકારના આસ્રવ રહિત આત્માનું ચિંતવન સદાય કરવું જોઈએ. ૬૦

## ૯. સંવર ભાવના

ચલ, મલિન અને અગાઢ-એવા ત્રણ દોષ છોડીને સમ્યક્ત્વ-સ્વરૂપ દ્રઢ કમાડોથી મિથ્યાત્વરૂપ આસ્રવના દ્વારનો નિરોધ થાય છે એમ શ્રી જિન ભગવાનોએ કહ્યું છે. ૬૧

પાંચ મહાવ્રતરૂપ પરિણામોથી અવિરમણનો નિરોધ નિયમથી થાય છે; અને ક્રોધાદિ આસ્રવોનાં દ્વારો કષાયરહિતપણાથી ગળી જાય છે. ૬૨

શુભયોગની પ્રવૃત્તિઓ અશુભ યોગનો સંવર કરે છે અને શુદ્ધ ઉપયોગથી શુભ યોગનો નિરોધ થાય છે. ૬૩

વળી શુદ્ધોપયોગથી જીવને ધર્મધ્યાન થાય છે. તેથી સંવરનું કારણ ધ્યાન છે; માટે તેનું નિત્ય ચિંતવન કરવું. ૬૪

પરમાર્થ નયે ( વાસ્તવિકપણે ) જીવમાં સંવર જ નથી. તેથી સંવરના વિકલ્પરહિત આત્માનું શુદ્ધ ભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ. ૬૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ૧૦ નિર્જરા ભાવના

બંધ પ્રદેશોનું ગલન તે નિર્જરા છે એમ શ્રી જિનોએ કહ્યું છે; જે વડે સંવર થાય છે તે વડે નિર્જરા પણ થાય છે. એમ જાણો. ૬૬

વળી તે (નિર્જરા) બે પ્રકારની જાણવી. એક તો સ્વકાળ પાકતાં અને બીજી તપવડે કરવામાં આવતાં. તેમાં પહેલી, ચારે ગતિવાળા જીવોને અને બીજી વ્રતીઓને હોય છે. ૬૭

## ૧૧ ધર્મ ભાવના

શ્રાવકનો અગિયાર પ્રકારનો અને મુનિનો દસ પ્રકારનો ધર્મ સમ્યક્ત્વપૂર્વક હોય છે એમ ઉત્તમ (આત્મિક) સુખસંપ્રયુક્તો (જિનો)એ કહ્યું છે. ૬૮

દર્શન[૧], વ્રત[૨], સામાયિક[૩], પૌષધોપવાસ[૪], સચિત્તત્યાગ[૫], રાત્રિભોજનત્યાગ[૬], બ્રહ્મચર્ય[૭], આરંભત્યાગ[૮], પરિગ્રહત્યાગ[૯], અનુમતિત્યાગ[૧૦], અને ઉદ્દિષ્ટત્યાગ[૧૧]—એ દેશવિરતિના (ધર્મ) છે. ૬૯

ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય,–એ દશ ભેદ (મુનિધર્મના) છે. ૭૦

ક્રોધ, ઉત્પન્ન થવાને સાક્ષાત્ બાહ્ય કારણ મળવા છતાં જે અલ્પ પણ ક્રોધ કરતો નથી તેને ઉત્તમ ક્ષમા–ધર્મ થાય છે. ૭૧

જે શ્રમણ કુલ, રૂપ, જાતિ, બુદ્ધિ, તપ, શાસ્ત્ર, શીલ આદિ (ઋદ્ધિ)ના વિષયમાં કિંચિત્ પણ મદ કરતો નથી તેને માર્દવધર્મ થાય છે. ૭૨

જે શ્રમણ કુટિલ ભાવ [માયા] છોડી નિર્મળ હૃદય ચરે છે (ચારિત્રનું પાલન કરે છે), તેને નિશ્ચયે ત્રીજો આર્જવ-ધર્મ થાય છે. ૭૩

જે ભિક્ષુ પરને સંતાપકારક વચન છોડી, સ્વ-પરને હિતવચન કહે છે તેને ચોથો સત્ય-ધર્મ થાય છે. ૭૪

જે પરમ મુનિ કાંક્ષાભાવ [ઇચ્છા]ની નિવૃત્તિ કરી વૈરાગ્ય-ભાવનાયુક્ત વર્તે તેને શૌચ-ધર્મ થાય છે. ૭૫

વ્રત અને સમિતિના પાલનરૂપ દંડત્યાગ (અર્થાત્ મન-વચન કાય યોગના નિરોધરૂપ) અને ઇંદ્રિયોના જયરૂપ પરિણામ જેને થાય છે, તેને નિયમથી સંયમ-ધર્મ થાય છે. ૭૬

વિષય-કષાયનો વિશેષ નિગ્રહભાવ કરી ધ્યાન અને સ્વાધ્યાયથી જે આત્માને ચિંતવે તેને નિયમથી તપ-ધર્મ થાય છે. ૭૭

સર્વે દ્રવ્યો પ્રત્યે મોહ તજી (સંસાર-દેહ-ભોગ પ્રત્યે) ઉદાસીનતા જે ભાવે છે તેને ત્યાગ-ધર્મ થાય છે એમ જિનવરેન્દ્રોએ કહ્યું છે. ૭૮

જે મુનિ નિઃસંગ થઈ, સુખ-દુઃખદાયક નિજભાવને રોકી, નિર્દ્વન્દ્વપણે વર્તે છે તેને આકિંચન્ય-ધર્મ છે. ૭૯

સ્ત્રીઓના સર્વાંગો જોઇ તે પ્રત્યેના દુષ્પરિણામ કરવાનું જે છોડે છે, તે સુકૃતી (ધર્મિષ્ઠ) દુર્દ્ધર (દુઃસાધ્ય) બ્રહ્મચર્ય-ધર્મ ધારે છે. ૮૦

શ્રાવક ધર્મ છોડી જે જીવ યતિધર્મે વર્તે છે તે, મોક્ષને છોડતો નથી અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે એમ ધર્મભાવના નિરંતર ચિંતવવી જોઇએ. ૮૧

જીવ (આત્મા), નિશ્ચયનયે શ્રાવકધર્મ અને મુનિધર્મથી ભિન્ન છે; માટે માધ્યસ્થ ભાવના વડે શુદ્ધાત્માને નિત્ય ચિંતવવો જોઇએ. ૮૨

## ૧૨. બોધિદુર્લભ ભાવના

જે ઉપાયથી સદ્‌જ્ઞાન થાય તે ઉપાયનું (જે) ચિંતવન છે તે અત્યંત દુર્લભબોધિ ભાવના છે. ૮૩

ક્ષાયોપશમિક જ્ઞાન ખરેખર કર્મોદયજન્ય પર્યાય હોવાથી હેય છે; સ્વક દ્રવ્ય ઉપાદેય છે એવો નિશ્ચય તે સદ્‌જ્ઞાન છે. ૮૪

કર્મની મિથ્યાત્વ આદિ મૂળ પ્રકૃતિઓ વા ઉત્તર પ્રકૃત્તિઓ જે અસંખ્યાત લોક પરિમાણ છે તે પર દ્રવ્ય છે; આત્મા નિશ્ચય-નયે નિજ દ્રવ્ય છે. ૮૫

નિશ્ચયનયે હેય–ઉપાદેય નથી એવું જ્ઞાન પ્રગટે એ માટે મુનિએ સંસારથી વિરક્ત થવા અર્થે બોધિ (ભાવના) ચિંતવવી જોઇએ. ૮૬

× × ×

આ દ્વાદશાનુપ્રેક્ષા [બાર ભાવના] પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના, સમાધિસ્વરૂપ છે; માટે અનુપ્રેક્ષા ભાવવી જોઈએ. ૮૭

યદિ પોતાની શક્તિ હોય તો, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, સામાયિક અને આલોચના રાત્રિ–દિન કરવા. ૮૮

દ્વાદશાનુપ્રેક્ષાનું સમ્યક્‌પ્રકારે ચિંતવન કરી અનાદિકાળથી (આજ સુધી) જે પુરુષો મોક્ષે ગયા છે તેમને હું વારંવાર પ્રણામ કરું છું. ૮૯

અધિક પ્રલાપ (કથન)થી શું? એટલું જ બસ છે કે ભૂત-કાળમાં જેટલા શ્રેષ્ઠ પુરુષો સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં જે ભવ્યો પણ સિદ્ધ થશે તે આ ભાવનાનું માહાત્મ્ય જાણો. ૯૦

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારનય અનુસાર આ બાર ભાવનાઓનું સ્વરૂપ શ્રી કુન્દકુન્દ મુનિનાથે કહ્યું છે તેને જે શુદ્ધ મનથી ભાવશે તે પરમ નિર્વાણ (મોક્ષ)ને પ્રાપ્ત કરશે. ૯૧

શ્રી કુન્દકુન્દાચાર્ય વિરચિત દ્વાદશાનુપ્રેક્ષા સમાપ્તા.

## ભાવના

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

× × ×

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઈ.

× × ×

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ-વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

× × ×

જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ-દ્વેષ અણ-હેતુ.

× × ×


વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ

× × ×

સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા.

× × ×

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




શ્રી મોંબાસા દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



॥ ૐ ॥

॥ श्री वीतरागाय नमः ॥

# સામાયિક—પાઠ

## ભાષાનુવાદ સહિત

આ સામાયિક-પાઠ આત્મહિતકર, જીવનોપયોગી વસ્તુ છે. તેના ફક્ત બાર શ્લોકો જ છે. પણ તેમાં રહેલા ભાવો ગાગરમાં સાગર સમાન છે, જીવના પરિણામો દર્શાવતો નિર્મળ અરીસો છે, સંસાર અટવીમાં પરિભ્રમણ-કરતા જીવને અનુકૂળ—પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિ પ્રસંગે જે ક્ષતિઓ થાય છે તે દર્શાવી ઉચ્ચ સત્ય પથ પર લઈ જનાર ભોમિયો છે, પર એવાં શરીર આદિના સંયોગોથી તથા તેના નિમિત્તે થતા વિકારી ભાવોથી આત્મા ભિન્ન છે એવું અસલી સ્વરૂપદર્શક રત્નદીપક છે; આ શ્લોકોના મનન ચિંતવનથી આત્મા ઉન્નત બને અને આત્મકલ્યાણ સાધી કૃતાર્થ થાય તેવો આ પાઠ છે.

આવી આત્મહિકલ્યાણકારી ગાથાઓ પૂર્વના અનેક મહાન શ્રુત-જ્ઞાનીઓએ ગાઈ—રચી મુમુક્ષુઓ ઉપર કરુણાબુદ્ધિ દર્શાવી છે; એવી શ્રેણી અનુસાર આ સામાયિક-પાઠ કોઈ અજ્ઞાત કવિમુનિએ માત્ર થોડાક આત્મજ્ઞાનરહસ્યપૂર્ણ શ્લોકો રચી મહાન ઉપકાર કર્યો છે.

આ ગુજરાતી અનુવાદમાં સ્વ૦ બ્ર૦ જ્ઞાનાનંદજીના હિન્દી ભાષાંતરનો આધાર લેવામાં આવ્યો છે. તે માટે તેમનો તથા પ્રકાશકનો આભાર માનું છું.

આત્મહિતૈષીઓ આ સામાયિક-પાઠના સ્વાધ્યાય દ્વારા આત્મ-ચિંતવન કરી પોતાના આત્માને ઉન્નત કરે તેવું ઇચ્છતો.

| | |
|---|---|
| દશલક્ષણી પર્વ | સંતસેવક, |
| વીર સં. ૨૪૮૩ | ભાયાણી હરિલાલ જીવરાજભાઈ. |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



॥ श्री चिदानन्दस्वरूपाय नमः ॥

॥ ॐ ॥

# सामायिक–पाठ

## भाषानुवाद सहित

**सिद्धवस्तु वचो भक्त्या, सिद्धान् प्रणमतः सदा ।**
**सिद्धकार्याः शिवं प्राप्ताः सिद्धिं ददतु नोऽव्ययाम् ॥ १ ॥**

**અર્થ:**—શ્રી સિદ્ધ પરમેષ્ઠીને, જગતસિદ્ધ સર્વ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ કહેનાર જૈન આગમને તેમ જ આગમના મૂલ પ્રરૂપક શ્રી અરહંત ભગવાનને ભક્તિપૂર્વક નમસ્કાર કરી તથા તેમણે દર્શાવેલા સત્ય માર્ગ પર ચાલી જે આત્માઓએ સંસાર–દુઃખ નષ્ટ કરવારૂપ કાર્ય સિદ્ધ કર્યું છે એવા જીવનમુક્ત અરહંતદેવ તેમજ મોક્ષપ્રાપ્ત સિદ્ધ પરમેષ્ઠીઓ અમને પણ અવિનશ્વર પદ-સિદ્ધ પ્રાપ્ત કરાવો.

**ભાવાર્થ:**—જે પુરુષોએ શ્રી અરહંત તથા સિદ્ધ પરમેષ્ઠીને પોતાનો આદર્શ માની અને તેમના દર્શાવેલા માર્ગનું અવલમ્બન સ્વીકારી અરહંત અને સિદ્ધપદ પ્રાપ્ત કરેલ છે તે મહાપુરુષો અમને પણ તે અવિનશ્વર પદના માર્ગ પર ચડાવો. ૧

**नमोऽस्तु धौतपापेभ्यः सिध्धेभ्यः ऋषिसंसदि ।**
**सामायिकं प्रपद्येऽहं, भवभ्रमणसूदनम् ॥ २ ॥**

**અર્થ:**—સમસ્ત કર્મ-કલંકને ધોઈ નાખનાર શ્રી સિદ્ધ પરમેષ્ઠીને અત્યંત ભક્તિ સહિત મારા મનોમંદિરમાં બિરાજમાન

---

મોક્ષ પ્રાપ્તિનો એક માત્ર ઉપાય શ્રીઅરહંત પ્રરૂપિત નિશ્ચય રત્નત્રયનું અવલમ્બન જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરી, મહર્ષિ પુરુષોને રહેવા યોગ્ય, કોલાહલાદિ રહિત શાન્ત સ્થાનમાં સ્થિત થઈ સંસાર–દુઃખનો નાશ કરનાર અને પરમાનંદ પદને પ્રાપ્ત કરાવનાર સામાયિકનો હું પ્રારંભ કરું છું અર્થાત્ તેનું પ્રરૂપણ કરું છું. ૨

* साम्यं मे सर्व भूतेषु, वैरं मम न केनचित् ।
× आशां सर्वां परित्यज्य, + समाधिमहमाश्रये ॥ ३ ॥

**અર્થ:**—એવી ભાવના કરવી જોઈએ કે સર્વ જીવ માત્ર સાથે મારો સામ્યભાવ–સમભાવ વિદ્યમાન છે. કોઈ સાથે પણ મારે વૈરભાવ નથી, અને સમસ્ત આશાઓ–ઇચ્છાઓને તજી હું નિરંતર આત્મધ્યાનમાં તલ્લીન થાઉં. ૩

रागद्वेषान्ममत्वाद्वा, हा मया ये विराधिता ।
क्षमंतु जंतवस्ते मे, तेभ्यः क्षमाम्यहं पुनः ॥ ४ ॥

**અર્થ:**—અનાદિકાલથી આજ સુધી સંસાર-ચક્રમાં ભ્રમણ કરતાં મેં રાગ–દ્વેષ તથા મોહવશ જે જીવોનો ઘાત કર્યો છે તે સર્વને મારી અતિ વિનયપૂર્વક પ્રાર્થના છે કે તેઓ મને ક્ષમા આપે. અનાદિકાલથી આજ સુધી નિરંતર થઈ રહેલી મારી આ

---

* સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪

નિયમસાર

× કયા ઇચ્છત, ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.

શ્રીમદ્ રાજચંદ્ર

\+ સમ્યગ્દર્શન આદિને નિર્વિઘ્ને અન્ય ભવમાં સાથે લઈ જવું તે સમાધિ છે.

બૃહદ્ દ્રવ્યસંગ્રહ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુર્બુદ્ધિ માટે મને પોતાને પણ અત્યંત ખેદ થાય છે. તદુપરાંત જે જીવોએ મારા પ્રત્યે કંઈ અપરાધ કર્યો હોય તેમને પણ હું સરળ હૃદયે ક્ષમા આપું છું. ૪

मनसा वपुषा वाचा, कृतकारितसम्मतैः ।
रत्नत्रयभवं दोषं, गर्हे निंदामि वर्जये ॥ ५ ॥

**અર્થ:**—એ વિચારણા કરવી જોઈએ કે મન–વચન–કાયાથી કરણ, કરાવણ તેમજ અનુમોદના દ્વારા મારાં રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્રમાં મેં જે દોષ લગાડયા હોય તે **સર્વની** હું ગર્હણા કરું છું, નિંદા કરું છું તેમજ એ દોષોનો પરિત્યાગ કરું છું. ૫

तैरश्चं मानवं दैवमुपसर्गं सहेऽधुना ।
कायाहारकषायादीन् संत्यजामि विशुद्धितः ॥ ६ ॥

**અર્થ:**—તિર્યંચ, મનુષ્ય તેમજ દેવોએ કરેલ ઉપસર્ગ શાંતિપૂર્વક સહન કરવાને હું આ સમયે તૈયાર છું. શરીર અન્ય પરિગ્રહ, આહાર તથા ક્રોધાદિ કષાયો વગેરે પણ યથાશક્તિ હું તજું છું. ૬

रागं द्वेषं भयं शोकं, प्रहर्षौत्सुक्यदीनताः ।
व्युत्सृजामि त्रिधा सर्वमरतिं रतिमेव च ॥ ७ ॥

**અર્થ:**—હું રાગ–દ્વેષ, ભય, શોક, હર્ષ, ઉત્સુકતા, દીનતા, અરતિ, રતિ આદિ સર્વને મન–વચન–કાયાથી તજું છું. ૭

× जीवने मरणे लाभेऽलाभे योगे विपर्यये ।
बंधावरौ सुखे दुःखे, सर्वदा समता मम ॥ ८ ॥

---

× નિંદા–પ્રશંસા, દુઃખ–સુખ, અરિ–બંધુમાં જ્યાં સામ્ય છે;
વળી લોષ્ટ–કનકે, જીવિત–મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧
**શ્રી પ્રવચનસાર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અર્થ**:—જીવન-મૃત્યુમાં, લાભ-અલાભમાં, સંયોગ-વિયોગમાં, મિત્ર-શત્રુમાં, તેમજ સુખ-દુઃખમાં મારો સદાય સમભાવ રહે—એવું ચિંતન કરવું જોઇએ. ૮

* आत्मैव मे सदा ज्ञाने, दर्शने चरणे तथा ।
प्रत्याख्याने ममात्मेव, तथा संवर योगयो ॥ ९ ॥

**અર્થ**:—સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રમાં સદા મારો આત્મા જ છે; તથા મારો આત્મા જ પ્રત્યાખ્યાન, સંવર અને યોગમાં છે. ૯

+ एको मे शाश्वतश्चात्मा, ज्ञान दर्शनलक्षणः ।
शेषा बहिर्भवा भावाः, सर्वे संयोगलक्षणाः ॥ १० ॥

**અર્થ**:—* મારો એક શાશ્વત આત્મા જ્ઞાનદર્શન લક્ષણવંત છે; શેષ સર્વ બાહ્ય ભાવો સંયોગલક્ષણી છે.

**ભાવાર્થ**:—જ્ઞાનદર્શનસ્વરૂપ એક, નિત્ય આત્માજ, વાસ્તવમાં મારો નિધિ છે, બાકી સંયોગલક્ષણી ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ આદિ પરિણામો-ભાવો તથા સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય આદિ બાહ્ય પદાર્થો એ સર્વ મારાથી ભિન્ન છે; તેની સાથે મારે કાંઇપણ સંબંધ નથી. ૧૦

---

* મુજ જ્ઞાનનાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા;
પચ્ચક્ખાણમાં આત્મા જ સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦

**નિયમસાર**

મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે;
મુજ આત્મ પ્રત્યાખ્યાનને મુજ આત્મ સંવર યોગ છે. ૨૭૭

**શ્રી સમયસાર**

**संयोगमूला जीवेन, प्राप्ता दुःखपरम्परा ।**
**तस्मात्संयोगसंबंध, त्रिधा सर्व त्यजाम्यहम् ॥ ११ ॥**

**અર્થ**:—આ મારા આત્માએ અનાદિકાળથી આજ સુધી કર્મોરૂપ સંયોગનો આશ્રય લઈ, દુઃખની પરમ્પરા પ્રાપ્ત કરી છે. તેથી હવે હું મન–વચન–કાયાથી સર્વ સંયોગ–સંબંધ તજું છું.

આ પ્રમાણે મનન–ચિંતન દ્વારા આત્માર્થીએ હિતાહિતનો વિવેક કરવો જોઇએ. અને આત્માને શુદ્ધ ઉપયોગમાં જોડવો જોઇએ.

**एवं सामायिकात्सम्यक्, सामायिकमखण्डितम् ।**
**वर्तते युक्तिमानिन्या वशीभूतायते नमः ॥ १२ ॥**

**અર્થ**:—આ પ્રમાણે સામાયિક–પાઠમાં કહેલ વિધિ અનુસાર જેને પરમ અખંડિત સામાયિક વર્તે છે તથા જે મુક્તિરૂપ સ્ત્રીને વશીભૂત થયેલ છે અર્થાત્ જે મુક્તિને પામ્યા છે તેમને મારા નમસ્કાર હો. ૧૨

**॥ संपूर्ण ॥**

---

+ મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨

**નિયમસાર**

* હું એક, શુધ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે. ૩૮

**શ્રી નિયમસાર**

# આત્મચિન્તવન

હું ચેતન, અસંખ્યાત પ્રદેશી, અમૂર્ત, જ્ઞાન-દર્શન લક્ષણવંત, સિદ્ધસ્વરૂપ, [ કર્મ-મલરહિત ] શુદ્ધાત્મા છું.

હું અન્ય [ દ્રવ્ય-પદાર્થ ] નથી અને અન્ય પદાર્થ અહં [હું] નથી; હું અન્યનો નથી, તેમ જ પર મારું નથી. અન્ય, અન્ય છે. હું, હું છું. અન્ય અન્યનું છે, હું સ્વનો છું.

શરીર [ મારા ] અન્ય છે, હું આત્મા [ શરીરથી ] અન્ય છું; હું ચેતન છું, શરીર અચેતન છે; તે [ શરીર ] અનેક છે, હું એક છું; આ [ શરીર ] વિનાશી છે, હું અવિનાશી છું.

અચેતન પદાર્થ [હું] રૂપ થતો નથી અને હું પણ અચેતન થતો નથી. હું જ્ઞાનાત્મા છું. મારું કોઈ નથી, હું [અન્ય] કોઇનો નથી.

અહીં જે શરીર સાથે મારો સ્વ-સ્વામી-સંબંધ માનવો તે એકત્વનો [મને] ભ્રમ છે. તે સર્વ પર [ કર્મ ]ના નિમિત્ત આશ્રયે રહ્યો છે, સ્વરૂપથી નહિ.

જીવાદિ દ્રવ્યના યથાર્થ સ્વરૂપને જાણવાવાળો હું સ્વદ્વારા સ્વમાં સ્વને-જેવો હું છું તેવો-દેખતો થકો [ અન્ય ] પદાર્થોના વિષયો પ્રત્યે ઉદાસીન છું; રાગ-દ્વેષ રહિત મધ્યસ્થ છું.

હું સત્ દ્રવ્ય છું, હું ચિત્ છું, જ્ઞાતા-દૃષ્ટા તેમ જ સદાય ઉદાસીન છું; અને પ્રાપ્ત થયેલ શરીર પ્રમાણ છું; પણ શરીરથી પૃથક્ હોઈ આકાશની જેમ અમૂર્ત છું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું સદાય સ્વ સ્વરૂપ આદિ ચતુષ્ટય [સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ, ભાવ]ની અપેક્ષાએ સત્‌રૂપ છું અને પર રૂપની અપેક્ષાએ અત્યંત અસત્‌ રૂપ છું.

જે કાંઇપણ જાણતું નથી, જેણે કાંઈ પણ જાણ્યુ નહોતું. અને જે ભવિષ્યમાં કદી કાંઇ જાણી શકશે જ નહિ એવું શરીર આદિ છે તે હું નથી.


જેણે પહેલાં જાણ્યું હતું, વળી જે ભવિષ્યમાં જાણશે અને વર્તમાનમાં જે જાણવા યોગ્ય છે એવું ચિત્‌ દ્રવ્ય હું ખરેખર છું.

આ જગત્‌, સ્વયં નથી તો ઇષ્ટ કે નથી અનિષ્ટ; કિન્તુ ઉપેક્ષણીય છે; તેમ જ હું પણ નથી તો રાગકર્તા કે નથી દ્વેષકર્તા કિન્તુ સ્વયં ઉદાસીન સ્વરૂપ જ છું.

શરીર આદિ મારાથી ભિન્ન છે, હું પણ તત્ત્વતઃ તે સર્વથી ભિન્ન છું. હું તેમનો કંઈ નથી અને તેઓ પણ મારા કંઇ નથી.

આ પ્રમાણે સમ્યક્‌ પ્રકારે સ્વ આત્માને અન્ય પદાર્થોથી ભિન્ન છું- [એવો] નિર્ણય કરી, આત્મમયી ભાવો કરતો એવો હું અન્ય કંઈ પણ ચિંતવન કરતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



શ્રી મોંબાસા દિગમ્બર જૈન સંઘ

# શ્રી ભગવાનજી કચરાભાઈનો પરિચય

સૌરાષ્ટ્રમાં છોટીકાશી નામે ઓળખાતી જૈનનગરી-જામનગર છે. તેની બાજુમાં જ ઓસવાળ જૈનબંધુઓ કચ્છમાંથી આવી વસેલા છે-લૌકિક સાહસ અને પુણ્યના બળથી જેઓ આગળ વધ્યા એમ મનાય છે. નરમાંથી નારાયણ થવાના ન્યાયે શ્રી ભગવાનજી કચરાભાઈએ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં પોતાનું જીવન સારી રીતે વાળ્યું છે, તે ઉપરથી જીજ્ઞાસુઓ પોતાનો સમય શક્તિ અને ઉત્સાહ વ્યર્થ ન ગુમાવે અર્થાત્ નકામી સાંસારિક વાતોમાં જીવન ન વેડફે અને જ્ઞાની અનુભવી દ્વારા માન્ય નિર્મલ જૈન ધર્મમાં જ અપૂર્વ પ્રીતિ, ભક્તિ-સમાગમ દ્વારા એક સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાનના અભ્યાસના બળવડે આ આત્મા બળવાન બને તેજ વાત તેમના આદર્શથી અપૂર્વપણે જ્ઞાનીની દૃષ્ટિથી જાણવાયોગ્ય લાગવાથી કાંઇપણ અતીશયોક્તિ વિના તેમનો પરિચય ટૂંકામાં નીચે મુજબ છે.

શ્રી ભગવાનજીભાઈ જામનગર પાસે 'ચાંપા બેરાજા' ના વતની છે. ત્યાં શ્વેતાંબર જૈન વિધિ અનુસાર ૭ વર્ષની નાની વયથી સામાયિક-પ્રતિક્રમણ દેવદર્શન તેટલી પ્રવૃત્તિમાં ધર્મ માની રહેલા ઈ. સન ૧૯૨૪માં ૧૮ વર્ષની ઉમ્મરે આફ્રિકામાં ધંધાર્થે ગયા ત્યાં અમુક વર્ષ લગી તો શ્રી ગાંધીજીનું સાહિત્ય વાંચી તેના સિદ્ધાંતો પચાવવા પોતાનું જીવન તે દિશામાં વાળ્યું. સાથે સાથે શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે પૂજ્યબુદ્ધિ જાગેલી તેથી જૈનધર્મ પ્રત્યે જ તેમને પ્રેમ પ્રવાહિત બન્યો. તેમના પુસ્તકોમાંથી વારંવાર જૈનતત્ત્વજ્ઞાનમય વચનામૃતો વાંચતા હતા. તેમાં ભાવના તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપૂર્વપણે તત્ત્વ સમજવાની જ હતી. છતાં તે કાળે યોગ્યતા એવી હતી કે સામાજીક લાઈન–લોકોને પ્રિય એવી સેવાભાવમય પ્રવૃત્તિના કાર્યો તથા જ્યાં ત્યાં દાન દેવું વગેરેમાં રસ લેવાનો ઉત્સાહ છૂટયો ન હતો.

અત્યારે તો મેં આમ કર્યું, આટલું દાન કર્યું, આટલું દાન દીધું આદિ પ્રકારે નામ-રૂપની ખ્યાતિનો લોભ–મોહ અથવા પોતાને મોઢે પોતાની પ્રશંસા બીજાઓની નિંદા એવા ઘણા દોષ ઘણા ભાગે છૂટી ગયા છે. અને જ્ઞાની અનુભવી સત્પુરુષના અભિપ્રાય અનુસાર માત્ર તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા આત્મહિત સાધવામાં સાવધાન રહેવા માગે છે. માનાર્થિપણું નહીં પણ આત્માર્થિપણું જ ચાહે છે તેથી તેમનું જીવન એકન્યાયે આદર્શ ગણું છું.

~~સંવત~~ ૧૯૪૭~~ની ઉંમરે~~ તેમના જીવનમાં યોગ્ય માર્ગ પ્રત્યે આંગળી ચિંધનારા મળ્યા. તેઓ ચેલા ગામના ( જામનગર ) નિવાસી ધરમશીભાઈ હતા. જેમણે સર્વજ્ઞ વીતરાગ કથિત સન્માર્ગ છે તે સોનગઢના સુપ્રસિદ્ધ સંતશ્રી કાનજીસ્વામી જે રીતે બતાવે છે તે જ સમજવું પડશે, જેને જીવન સાર્થક કરવું હોય તેણે તે સત્ય જીવનમાં ઉતારવું પડશે, આદિ વાત-રુચિ-પ્રેમ સહિત વારંવાર કહેતા, આમ તત્ત્વની મુદ્દાની વાત દ્વારા સોનગઢનો પરિચય કરાવનારા શ્રી ધરમશીભાઈ દેવશીભાઇને અપૂર્વ લગની લાગેલી અને તે વાત આત્મધર્મ માસિક–પત્ર દ્વારા તથા સોનગઢ સંસ્થાથી પ્રકાશિત પુસ્તકો દ્વારા આફ્રિકામાં તેમની જ્ઞાતિમાં ખૂબ ખૂબ પ્રચાર કરી તથા ઘણાઓને આત્મધર્મના ગ્રાહકો બનાવ્યા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓશ્રીને ખરા ઉપકારી માનીને અઢીમાસ લગી પરિચય કર્યો ભગવાનજીભાઇએ તેમને પોતાના ઘેર જ રાખ્યા, તથા તેમણે જે જે ભલામણ કરેલી તે અપૂર્વ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે જ હોવાથી ભગવાનજીભાઇને તે વાતો ગમી. શ્રી ધરમશીભાઈએ તે મુજબ આત્મધર્મ તથા પુસ્તકો મંગાવી આપેલા પણ તે વખતે આ અપૂર્વ વસ્તુ સમજવામાં આવી ન હતી.

~~સંવત~~ ૧૯૫૦માં તેઓ દેશમાં આવેલા ત્યારે તો નાસિકમાં કોંગ્રેસ મહાસભાના વાર્ષિક અધિવેશનમાં પ્રતિનિધિરૂપે આવેલા ને પછી સોનગઢ આવ્યા પણ આ અપૂર્વતત્ત્વ સમજવાની પાત્રતા ન હતી પછી શ્રી ધરમશીભાઈની ભલામણ મુજબ સોનગઢમાં ૧૮ દિવસ રહ્યા. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને સાંભળ્યા. શ્રી રામજીભાઇ પ્રમુખશ્રી તથા મારો પણ પરિચય થયો. શ્રી રામજીભાઈ રૂપશીભાઇ હિંચડાવાળા દ્વારા પણ ઉપકાર થયો છે. ( ગુલાબચંદ ) એટલે મેં એક વાત તો ભગવાનજીભાઇને એ કહેલી કે જગતને રાજી કરવા અને જગત જગતથી રાજી થવા માટે આ જીવે અનંતવાર પોતાનું જ અહિત કર્યું છે અને તે મુદ્દા ઉપર વિચાર કરવા માટે જ્ઞાનીની દૃષ્ટિ જોઇએ. બીજી વાતમાં કહેલું કે તમોને સોનગઢમાં રહી અપૂર્વ-યથાર્થ સમાગમ કરવો જોઇએ તે રૂચતું નથી અંતે દિલ્હી વગેરે જોવાની ઇચ્છા કર્યા કરો છો પણ મોક્ષમાર્ગ પ્રકાશક-ગ્રન્થમાં-ઇચ્છા ૪ પ્રકારની કહી છે, તેમાં (૧) નવા નવા ક્ષેત્રાદિ જોવાની ઇચ્છા પણ આકૂળતા-પાપ છે અને પાપમાં પણ કોઈ ભાગીદાર નથી. પછી તો તે વાતો તેમને ગમી અને યાદ રાખીને આગળ દેશાટન-ભ્રમણ બંધ રાખી ફરી સોનગઢ આવ્યા. અને નિવૃત્તિ લઈ, મકાન અહીં જ બાંધી કાયમી સોનગઢમાં જ રહી, સત્પુરુષના શરણ-આશ્રયમાં જીવન સફળ બનાવવું છે એમ ચોક્કસ વિચાર બતાવ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જામનગર આસપાસ તેમની જ્ઞાતિના ગામડામાં ગયેલાં ત્યાં તેની જ્ઞાતિવાળાઓને કેળવણી અને સામાજીક પ્રગતિ-જાગૃતિ થાય એ હેતુ ત્યાં જીવન લગાડી દેવાની ધુન લઇને આવેલા તથા પોંડીચેરી-અરવિંદઘોષના આશ્રમમાં પણ જઈ આવેલા પણ સોનગઢનો સમાગમ કરતાં જ તુર્ત ખ્યાલ આવ્યો કે અરે !! મારો આ કિમતી અમૂલ્ય-દુર્લભ અવસર વ્યર્થ જ જાત. લૌકિક જનો તો નામ-રૂપમાં રૂચે-ત્યાં લગી જ વખાણ કરે-સહુ પોતાની પિડાનું સમાધાન કરવાની ચેષ્ટા કરે જ. તે તેની પરિસ્થિતિવશ સંયોગીદૃષ્ટિનું જ કથન કરે છે. તેઓ તો માને છે કે આમ કહેવાથી આમ થશે. પણ દુનિયાવાળાના કોઈ દાવમાં સાધન-હેતુ હથિયાર ન બનો માત્ર તમે જ તમારૂ જીવન સુધારો તો તે થઈ શકે તેમ છે. તે સાંભળી તથા મુખ્ય વચન તો ગુરૂદેવના સાંભળીને **"જૈન ધર્મના રસ્તે જ જીવનની સાર્થકતા છે"** એમ સ્પષ્ટ ભાસ્યું. હવે તે વાતને પાકી કરવા માટે સોનગઢમાં વારંવાર આવતા સ્વ. શ્રી હિરાચંદભાઈ માસ્તર પાસે જૈન સિદ્ધાન્ત પ્રવેશિકાનો અભ્યાસ ચાલુ કર્યો. સવારે અંધારામાંજ ઊઠી વહેલામાં શ્રી રામજીભાઈ જેઓ સોનગઢ સંસ્થાના પ્રમુખ શ્રી તથા અનુભવી વિદ્વાન હોવાથી તેમની પાસે જઇ પ્રશ્નો દ્વારા તત્ત્વ સમજવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. પછી કંઇક સમજણ અને સમાધાન થવાથી પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનોમાં રસ જાગ્યો.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિરમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું ચિત્ર-પટ જોઈ, તેમના વિષે શ્રીગાંધીજીનો અભિપ્રાય યાદ કર્યો. કારણ કે તેમને શ્રીરાજચંદ્રજી પ્રત્યે બહુમાન હતું. તેમની દોરવણી તથા મહાનતા ગાંધીજી જાણતા હતા તે વાત ઉપરથી શ્રીરાજચંદ્રજીના વચનામૃતોનો અભ્યાસ ઘણા વરસો સુધી ચાલુ

રાખ્યો. તે ઉપરથી ભગવાનજીભાઇને પૂજ્ય સ્વામીજી પ્રત્યે બહુ માન વધતું ગયું અને સત્યાર્થ ત્રિકાળ અબાધિત દિગમ્બર જૈન ધર્મમાંજ શ્રદ્ધા થઈ.

શ્રીમદ્ રાજચંદ્ર નામક પુસ્તકમાં પુરુષાર્થપ્રેરક વચનામૃતે જેમ જેમ સમજાતા હતા, તેમ તેમ સોનગઢના સંત અધ્યાત્મ-મૂર્તિ પૂજ્ય ગુરુદેવને ઓળખવા માટે ભગવાનજીભાઈમાં પાત્રતા થવા લાગી.

૧૯૫૪માં ચાર માસ સોનગઢમાં રહી તેમના દિવ્ય પ્રવચનો સાંભળી, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ચાલુ કર્યો. તેમાં જૈન સિદ્ધાંત પ્રવેશિકા, છહ ઢાળા, મોક્ષમાર્ગ પ્રકાશક વગેરે અને તે જ વાત વારંવાર તેઓ કહેતા હતા અને તે સાલથી પોતે જ્યાં ગયા હોય ત્યાં પોતાનું ટેપરિલ રેકોર્ડિંગ મશિન સાથે રાખી સોનગઢના પ્રવચનો સ્વયં સાંભળે અને સંભળાવતા હતા. શરૂથીજ તેમની સાથે કલ્યાણ-કારી આ તત્ત્વજ્ઞાનમાં ટેકો આપનાર તેમના ધર્મપત્ની શ્રીડાહી-બહેન તે તેમની દરેક ધાર્મિક પ્રવૃત્તિમાં અનુકૂળપણે ભાગ લેતા રહ્યા છે, તથા સત્ શાસ્ત્રોનો અભ્યાસ તો બહુજ સારી રીતે રાત દિન ચાલુ જ હોય છે. તેથી ભગવાનજીભાઇને ઘણી શાન્તિ રહી છે. જો કે તેમના ધર્મપત્નિ દમના દર્દી હોવાથી વારંવાર તબીયત બગડે છે તો પણ પૂજ્ય ગુરુદેવના સમતામય જ્ઞાન-વૈરાગ્યમય શબ્દો સાંભળી ધૈર્ય રાખે છે તેથી શરીરાદિની વાત બહુજ ગૌણ બની ગઇ છે.

~~સંવત~~ ૧૯૫૪માં પોરબંદરમાં જિનેન્દ્ર પંચકલ્યાણ પ્રતિષ્ઠા ઉત્સવ પ્રથમવાર જોયો, તે વખતે દિગમ્બર જિન મંદિરની જામ-નગરમાં જરૂર છે એમ ભાસ્યું અને જૈન ધર્મનું મહાત્મ્ય સાંભ-ળવા મળ્યું. શ્રદ્ધા થઇ, તેમાંજ રસ વધ્યો, વાંચન ચાલુ રાખ્યું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આફ્રિકામાં બેઠા ભગવાનજીભાઇને એવી તીવ્ર ભાવના થઇ કે જામનગરમાં સુંદર અને સર્વોત્તમ જિનમંદિર બને, તથા તેના માટે સવા પચાસ હજાર રૂપિયા આપવા માટે સોનગઢ મધ્યે પ્રમુખશ્રી રામજીભાઈ ઉપર પત્ર લખ્યો.

~~સંવત~~ ૧૯૫૬માં ભગવાનજીભાઈ તેમના ધર્મપત્નિ સાથે જ સોનગઢ આવેલ. પાંચ માસ રહ્યા. જૈન શિક્ષણવર્ગમાં પણ ભાગ લીધો અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનો સાંભળવાનો તથા રાત્રિ તત્ત્વચર્ચાનો લાભ લીધો. ~~સંવત~~ ૧૯૫૮થી કાયમી સોનગઢમાં રહેવાનું રાખ્યું. આમ પૂજ્ય શ્રીગુરુદેવના સાનિધ્યમાં સતધર્મની ઉપાસના સુગમ રીતે થઈ શકે છે તે વાત દઢ કરવા અને સતત સમાગમનો યોગ રહે તે હેતુ સં. ૧૯૬૦માં સોનગઢમાં રહેવાનું ઘર બનાવ્યું.

તા. ૮-૧૧-૧૯~~૬૦~~ ૫૮ જામનગર શ્રી દિગમ્બર જિન મંદિર માટે શિલાન્યાસ કરવાનો લાભ મળ્યો. ~~સંવત~~ ૧૯૬૧માં તેમની તે ભાવનાને યોગ્ય સુંદર ભવ્ય જિનમંદિર જે સાતિશયમનોહારી અને ઉત્તમ પ્રકારનું છે. તેની પંચકલ્યાણ પ્રતિષ્ઠા ઉત્સવ સહિત પૂજ્ય ગુરુદેવની છત્રછાયામાં થયો હતો. આજ ભવ્ય જીવો માટે ત્યાં ઉત્તમ ધર્મ સ્થાન છે.

તા. ૫-૩-૧૯૬૭ આફ્રિકા મોંબાસામાં શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિ ગૃહ ભગવાનજીભાઈએ જ બંધાવ્યું છે. તેમાં સુંદર સજાવટ સહિત આત્મસિદ્ધિશાસ્ત્રના તથા શ્રી યોગિન્દુ દેવ આચાર્યકૃત યોગસારના કેટલાક દોહા દિવાલોમાં કોતરાવ્યા છે. જેનો લાભ જિજ્ઞાસુઓ લઈ રહ્યા છે.

તીર્થક્ષેત્ર સોનગઢને નિવાસ સ્થાન બનાવ્યું હોવાથી તેમના મોટાભાઈ શ્રીદેવશીભાઇ તો શરૂથી જ પૂજ્ય કાનજી સ્વામીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભક્ત બન્યા છે. વારંવાર સોનગઢ આવી લાભ લે છે. ઘેર જામનગરમાં નિવૃત્તિપૂર્વક જ રહી જિનમંદિરમાં નિયમિતપણે દર્શન પૂજન વાંચનનો લાભ લે છે. ભગવાનજીભાઈના નાનાભાઇ શ્રી લાલજીભાઇ પણ તેમના ધર્મપત્ની સૌ લાધીબેન સાથે સોનગઢમાં તેને ઘેર આવી સારી રીતે ધર્મનો લાભ લઇ ગયા છે. નિવૃત્તિ અને સતસમાગમ કેવી રીતે સાર્થક બનાવનારાને ઉપકારી નિવડે છે તેના આ દૃષ્ટાંતો છે. આ જીવને સાચા નિમિત્તો ઉપકારી કયારે કે પોતે અપૂર્વપણે સત્ય સમજે તો. હવે સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વાર્થોમાંજ શ્રદ્ધા, સ્વાત્મ શ્રદ્ધાપૂર્વક લગાડીને પોતાની ભૂમિકાને યોગ્ય યથાર્થતા વીતરાગતા અને સ્વતંત્રતા જ ગ્રહણ કરવામાં સાવધાન રહેવાની ભાવના હોવાથી, કોઇપણ કથનની ઓથ-આડ ખોટી રીતે એટલે કે, પ્રમાદ-સ્વચ્છંદ પોષવા માટે ન લેવાય તો જ સત્ સમાગમ કર્યો કહેવાય. તેમાં સૌ. ડાહીબેન તથા ભગવાનજીભાઈ પોતે સહનશક્તિ વધારીને વૃદ્ધાવસ્થા છતાં સોનગઢમાંજ રહેવું પસંદ કરી સાદાઈભર્યા જીવન વડે માત્ર ધર્મલાભનુંજ પ્રયોજન સાધે છે. તથા પરમોપકારી પૂજ્ય શ્રી ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો લાભ લઈ રહ્યા છે.

તા. ૧૩-૯-૬૯ ના સોનગઢમાં પરમાગમ મંદિરની ભવ્ય રચનાર્થે શિલાન્યાસ કરવાનો લાભ પોતાને તથા તેના કુટુંબીજનોને મળ્યો. આ રીતે ઉત્તરોત્તર સત્પુરુષની કૃપાને પાત્ર થવાનો લાભ મળ્યા કરે છે. એ રીતે તેમણે તેમના કુટુંબીજનોને પણ ખાસ પ્રકારે ધર્મ પ્રેમદ્વારા ધર્મમાં ખેંચ્યા છે.

સમ્યગદર્શન પ્રાપ્ત કરવું તેના માટે જ ૨૩ વર્ષથી સત્ સમાગમ, અભ્યાસ અને જ્ઞાન-વૈરાગ્યના યથાશક્તિ બળવડે પોતાને આત્માર્થેજ લગાવી રહ્યા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સં. ૨૦૧૫માં સત્પુરુષ ગુરુદેવ પૂ. સ્વામીજીની સાથે દક્ષિણ યાત્રા કરી સિદ્ધક્ષેત્ર શ્રી ગિરનારજીની વંદના કરી તે ઉપરાંત અનેક કુટુંબીજન સાથે શ્રી સમ્મેદશિખરજી તથા જૈન ક્ષેત્રોની યાત્રા અનેકવાર કરી છે. આમ અનેક પ્રકારે સમય શક્તિ અને ઉત્સાહ સહિત "કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ" એમ સન્માર્ગ પ્રભાવક આત્માનુભવી પુજ્ય શ્રી ગુરુદેવના સમાગમમાં રહેવાની ભાવના અને અપુર્વ સમાધિ મરણ દ્વારા જીવન ઉજ્વલ કરવા માટેજ જેની ભાવના છે, તેમ જાણી મધ્યસ્થ વ્યક્તિ તરીકે હું તેમનો પરિચય આપી સત્પુરૂષાર્થી સંતોને નમસ્કાર કરું છું.

આ પુસ્તકની એક હજાર નકલ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિરની સ્વીકૃતિ પૂર્વક લઇને બધી બુકો ભેટ સ્વરૂપ આપવાની છે, તે બદલ તેમને ધન્યવાદ.

—બ્ર. ગુલાબચંદ જૈન

(મહાવીર નિર્વાણ કલ્યાણકની ૨૫૦૦ વર્ષના ઉપલક્ષ્યમાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિ-પત્ર (વિભાગ-૨ જો)

| પૃ. | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૧૪ | દેહ | દેહે |
| ૨ | ૫ | ક્રાધ | ક્રોધ |
| ૭ | ૨૧ | તોયે | તોય |
| ૮ | ૩ | બધુ | બંધુ |
| ૧૧ | ૧૮ | દ્રવ્ય | નિત્ય દ્રવ્ય |
| ૧૬ | છેલ્લી | કહ્યો | કર્તા |
| ૧૭ | ૧૫ | શદ્ધ | શુદ્ધ |
| ૨૪ | ૧૬ | જવ | જીવ |
| ૩૦ | ૧ | હૃદય | હૃદયથી |
| ૩૫ | ૨૦ | સગૈ | સબૈ |
| ૩૭ | ૫ | મેષ | મેવ |
| ૪૩ | ૧૯ | અંતે | અને |
| ૪૩ | ૨૦ | પકાર | પ્રકાર |
| ૪૩ | ૨૨ | વા | વાતો |
| ૪૭ | ૧૮ | ભય | ભવ્ય |
| ૪૭ | ૧૨ | યથાથતા | યથાર્થતા |
| ૪૭ | ૧૯ | કુટુબી | કુટુંબી |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com